દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 208 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ભાદ્રપદ સુદ-૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 3 September 2025, Wednesday ■ REGD.No. MCS/058/2024-26
બુધવાર, ૩ સપ્ટેમ્બર ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઈન્ટરવલ પૂર્તિ ૫ ૬ ૭ ૮
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સેમિકન્ડક્ટર ‘ડિજિટલ હીરો’ સાબિત થશેઃ મોદી

## ‘‘દેશ અકલ્પનીય ઝડપથી વિકાસ કરી રહ્યો છે’’

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અહીં મંગળવારે ‘સૅમિકન્ડક્ટર ઈન્ડિયા ૨૦૨૫ કૉન્ફરન્સ’માં જણાવ્યું હતું કે ક્રૂડ ઓઈલ જેવી રીતે ‘કાળું સોનું’ ગણાય છે એ રીતે દેશ માટે સૅમિકન્ડક્ટર ‘ડિજિટલ હીરો’ સાબિત થશે. દેશમાં ૧૮ અબજ ડૉલરથી વધુ મૂલ્યના ૧૦ સૅમિકન્ડક્ટર પ્રોજેક્ટ હાથ ધરવામાં આવી રહ્યા છે. ભારતનો એપ્રિલથી જૂન સુધીનો વિકાસદર ૭.૮ ટકા રહ્યો હતો, જે અન્ય અનેક દેશ માટે અકલ્પનીય છે.

આ પ્રસંગે મોદીને પંજાબના મોહાલી ખાતે તૈયાર કરાયેલી ‘વિક્રમ’ નામની ‘૩૨ બિટ સૅમિકન્ડક્ટર ચિપ’ અપાઈ

(જુઓ પાનું ૨) ▸▸




## “મારી માતાનું અપમાન મતદારો નહિ ભૂલે”

પટણાઃ બિહારમાં તાજેતરમાં જ પૂરી થયેલી કૉંગ્રેસની ‘વૉટર અધિકાર યાત્રા’ દરમિયાન મારી માતાનું અપમાન કરવામાં આવ્યું હોવાને કારણે મને ખૂબ જ દુઃખ થયું હતું એમ જણાવતાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે કહ્યું હતું કે આ માટે હું કદાચ રાષ્ટ્રીય જનતા દળ (રાજદ) અને કૉંગ્રેસને માફ કરી દઈશ, પરંતુ ‘‘મારી માતાનું અપમાન મતદારો નહિ ભૂલે’’ અને તેમને ક્યારેય માફ નહિ કરે.

દરભંગામાં યાત્રા દરમિયાન મૃત્યુ પામેલી માતા અંગે વપરાયેલા અપમાનજનક શબ્દો અંગે પ્રતિક્રિયા આપતાં મોદીએ કહ્યું હતું કે જે લોકો ભારત માતાનું અપમાન કરે છે તેમના માટે મારી માતાનું અપમાન કરવું કંઈ

(જુઓ પાનું ૨) ▸▸

# મુંબઈમાં મરાઠા આંદોલન સમેટાયું

## સરકારે મોટા ભાગની માગણી સ્વીકારી

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારની મરાઠા અનામત અંગેની પેટા સમિતિએ કુણબી કાસ્ટ સર્ટિફિકેટ આપવા સહિતની મોટા ભાગની માગણીઓ સ્વીકારી લીધા બાદ પાંચમા દિવસે એટલે કે મંગળવારે એક્ટિવિસ્ટ મનોજ જરાંગેએ અનશનના વિજયની જાહેરાત કરતા મુંબઈમાં મરાઠા આંદોલનનો અંત આવ્યો હતો.

જરાંગેની આ જાહેરાતને પગલે ટેકેદારોમાં ઉત્સાહ ફેલાઈ ગયો હતો અને તેમણે વિજયની ઉજવણી કરી હતી જ્યારે મુંબઈગરાઓએ રાહતનો શ્વાસ લીધો હતો. કુણબીનો દરજ્જો

(જુઓ પાનું ૨) ▸▸




### સોનાની દાણચોરી પ્રકરણ

## કન્નડ અભિનેત્રીને ૧૦૨ કરોડનો દંડ

બેંગલૂરુ : ડિરેક્ટોરેટ ઑફ રેવેન્યૂ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઈ)એ સોનાની દાણચોરી કેસમાં કન્નડ ફિલ્મની અભિનેત્રી રાન્યા રાવને ૧૦૨ કરોડ રૂપિયાનો દંડ કર્યો છે. એવી માહિતી ડીઆરઆઈના સૂત્રોએ આપી હતી. રાન્યા સાથે બીજા ત્રણને પણ ૫૦ કરોડ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો છે.

ડીઆરઆઈના અધિકારીઓએ મંગળવારે અભિનેત્રી અને બીજાઓને ૨,૫૦૦ પાનાની નોટિસ મોકલાવી

(જુઓ પાનું ૨) ▸▸

## ભૂકંપઃ અફઘાનિસ્તાનમાં ૧,૬૦૦ મોત

જલાલબાદ (અફઘાનિસ્તાન) : પૂર્વ અફઘાનિસ્તાનમાં આવેલા મોટા ભૂકંપને લીધે થયેલી જાનહાનિનો આંક મંગળવારે ૧,૬૦૦નો થયો હતો અને ઈજાગ્રસ્તોની સંખ્યા ત્રણ હજારથી વધારે થઈ હતી, એવી માહિતી તાલિબાન સરકારના પ્રવક્તા ઝબિહુલ્લા મુજાહિદે એક્સ પર મૂકેલી પોસ્ટમાં આપી હતી.

સંયુક્ત રાષ્ટ્રસંઘના અધિકારીએ કહ્યું હતું કે રવિવારના ૬.૦ના પરિમાણવાળા ભૂકંપ બાદ બચાવકારો પર્વતીય અને અંતરિયાળ વિસ્તારમાં પહોંચવા સંઘર્ષ કરી રહ્યા છે. અધિકારીએ

(જુઓ પાનું ૨) ▸▸

## આત્મનિર્ભર અભિયાન પચીસ સપ્ટેમ્બરથી

નવી દિલ્હીઃ ભાજપ પચીસ સપ્ટેમ્બરથી આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન શરૂ કરશે અને તે ત્રણ મહિના એટલે કે પચીસ ડિસેમ્બર સુધી ચાલશે. બે તબક્કામાં આ અભિયાન હાથ ધરવામાં આવશે.

પચીસ સપ્ટેમ્બર (પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતી)થી આ અભિયાન શરૂ કરીને પચીસ ડિસેમ્બરે (ભૂતપૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીની જન્મજયંતી)ના પૂરું કરવામાં આવશે.

આ અભિયાન દરમિયાન ‘વોકલ ફૉર લોકલ’ની રાષ્ટ્રવ્યાપી હાકલ કરવામાં આવશે. (એજન્સી)■

## સુદાનમાં ભૂસ્ખલનઃ ૧૮૦૦થી વધુ મોત

ખારતોમઃ પશ્ચિમ સુદાનના મરા પર્વત વિસ્તારમાં થયેલા ભયાનક ભૂસ્ખલનથી આખું એક ગામ દટાયું છે. આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા ૧,૮૦૦ લોકોનાં મૃત્યુ થયા હોવાનો અંદાજ છે, જ્યારે ચમત્કારિક રીતે માત્ર એક જ વ્યક્તિ જીવતો બચ્યો છે. સુદાન મુક્તિ ચળવળ/સેના દ્વારા સોમવારે જારી કરાયેલા નિવેદન મુજબ ભારે વરસાદના કારણે ૩૧ ઑગસ્ટના રોજ આ ભૂસ્ખલન થયું હતું. ભૂસ્ખલનમાં આખું ગામ સંપૂર્ણપણે દટાઇ ગયું છે. મૃતકોમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને બાળકો પણ છે.

તેમનું કહેવું છે કે ગામ સંપૂર્ણપણે કાટમાળ નીચે દટાયેલું હોવાથી રાહત અને બચાવ કાર્ય અત્યંત મુશ્કેલ બની રહ્યું છે.

આ ચળવળનું નેતૃત્વ કરી રહેલા અબ્દુલવાહિદ મોહમ્મદ નૂરે મૃતકોના મૃતદેહો મેળવવા અને અસરગ્રસ્ત પરિવારોને

(જુઓ પાનું ૨) ▸▸






મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# જૂઠા નેતા ચાલે તેના માટે પ્રજા જવાબદાર

**કેન્દ્રીય** મંત્રી નીતિન ગડકરી પોતાનાં નિવેદનોના કારણે ફરી એક વાર ચર્ચામાં છે. ગડકરીએ નાગપુરમાં મહાનુભાવ એક ધાર્મિક સંપ્રદાયના કાર્યક્રમમાં બોલતાં ટોણો માર્યો કે, અત્યારે દેશમાં સૌથી વધારે જૂઠું બોલે એ સારો નેતા છે અને એવો જ નેતા રાજકારણમાં સફળ થાય છે. રાજકારણમાં જુસ્સા, ઉત્સાહ અને આનંદથી કામ કરનારા લોકો છે પણ લોકોને બહુ સારી રીતે મૂર્ખ બનાવી શકે છે એ જ શ્રેષ્ઠ નેતા બની શકે છે. ગડકરીના કહેવા પ્રમાણે, રાજકારણમાં મત મેળવવા ખોટાં વચનો અપાય છે અને પ્રજાને ભ્રમિત કરાય છે તેના કારણે એવી છાપ પણ પડી ગઈ છે કે, નેતાઓ પ્રજાને મૂર્ખ બનાવે છે.

ગડકરીએ તો રાજકારણીઓને ધર્મથી દૂર રાખવાની વિનંતી કરીને એવું પણ કહ્યું કે, રાજકારણીઓ જ્યાં પણ ઘૂસે છે ત્યાં ભડકો કર્યા વિના રહેતા નથી તેથી મંત્રીઓ અને નેતાઓને ધર્મથી વેગળા જ રાખો, તેમને ધાર્મિક કાર્યક્રમોમાં ના બોલાવો. ગડકરીએ એક શાણપણભરી વાત એ પણ કરી છે કે, ધર્મ સાથે સંકળાયેલાં લોકોને સત્તા સોંપવામાં આવે એ દેશ માટે હાનિકારક છે અને ધર્મના નામે રાજકારણ પણ સમાજ માટે હાનિકારક છે કેમ કે ધાર્મિક , સામાજિક અને રાજકીય કાર્ય અલગ અલગ છે. ધર્મ વ્યક્તિગત શ્રદ્ધાનો વિષય છે તેથી તેને રાજકારણથી દૂર રાખવો જોઈએ પણ કેટલાક રાજકારણીઓ તેનો ઉપયોગ પોતાના સ્વાર્થ માટે કરે છે. આ કારણે વિકાસ અને રોજગારના મુદ્દા હાંસિયામાં જતા રહે છે.

ગડકરીએ બીજી પણ ઘણી વાતો કરી છે ને એ બધી વાતો માંડવાનો અર્થ નથી પણ ગડકરીની મોટા ભાગની વાતો સાચી છે તેમાં બેમત નથી. ભારતનું રાજકારણ સંપૂર્ણપણે સત્તાલક્ષી થઈ ગયું છે અને સત્તા માટે જૂઠનો સહારો લેવામાં જરાય છોછ નથી રહ્યો એ વાત સો ટકા સાચી છે. પહેલાં પણ રાજકારણીઓ કંઈ રાજા હરિશ્ચંદ્રના અવતાર નહોતા પણ સરેઆમ ખોટું નહોતા બોલતા. એ વખતે મીડિયાનો એવો વ્યાપ નહોતો ને સોશ્યલ મીડિયા તો હતું જ નહીં તેથી દેશના કોઈ ખૂણામાં કોઈ નેતા જૂઠું બોલી ગયો હોય તેની લોકોને ખબર પણ નહોતી પડતી. દિલ્હીમાં કે મીડિયા સામે બોલવાનું હોય ત્યારે નેતાઓ સંયમ જાળવી લેતા, બાકી એ વખતે પણ ખોટ્ટાડા નેતા તો હતા જ ને એ બધા ચાલતા પણ હતા. હવે એવાં છાનગપતિયાંના બદલે ખુલ્લેઆમ જૂઠું બોલાય છે એ મોટો ફરક છે.

જો કે આ પતન માત્ર રાજકારણનું જ નથી પણ લોકોનું પણ છે. જૂઠું બોલનારા લોકો મોટા નેતા બની જાય છે તેનું કારણ લોકો જ છે ને ? લોકો એવા નેતાઓને પસંદ કરે છે તેથી લોકોનું પણ પતન જ થયું કહેવાય. લોકો જૂઠું બોલનારા નેતાઓને નકારવાનું શરૂ કરે તો જૂઠું બોલનારા ફેંકાઈ જાય પણ લોકોને તેમાં રસ જ નથી. લોકો તેમની જૂઠી વાતોને સાચી માની લે ને તેમને ચૂંટે તેથી આ પતન માટે સંપૂર્ણપણે પ્રજા જ જવાબદાર કહેવાય.

ગડકરીની ધર્મને રાજકારણથી દૂર રાખવાની વાત પણ સો ટકા સાચી છે પણ ભારતમાં તો એ શક્ય જ નથી. ભાજપ મજબૂત બન્યો તેનું કારણ હિંદુત્વ છે. ભાજપે હિંદુત્વના મુદ્દાનો અને હિંદુ ધર્મ સાથે સંકળાયેલા સંગઠનો, કહેવાતા સાધુ-સંતો, સંસ્થાઓ વગેરેનો ઉપયોગ રાજકીય ફાયદા માટે કર્યો છે અને ભાજપે તેનો બદલો તેમને ફાયદો કરાવીને આપ્યો છે તેથી ગાંધી-વૈદનું સહિયારું ચાલે છે.

રાજકારણીઓ ધર્મના મંચનો ઉપયોગ લોકોને પોતાની તરફ વાળવા માટે કરે છે કેમ કે ભારતમાં આજે પણ સામાન્ય માણસને સૌથી વધારે પ્રભાવિત ધર્મ જ કરે છે. જે દેશમાં બળાત્કારના કેસમાં દોષિત ઠરેલા આસારામને પણ લાખો લોકો હજુય ભગવાન માનતા હોય એ દેશમાં ધર્મ અને રાજકારણની આ સાંઠગાંઠને તોડવી શક્ય જ નથી તેથી ગડકરી ભલે ગમે તેટલી આદર્શવાદી વાતો કરે પણ આ દેશમાં કદી ધર્મ અને રાજકારણને અલગ નહીં જ કરી શકાય. તેના કારણે દેશને નુકસાન છે એ પણ સત્ય છે કેમ કે અત્યારે ધર્મના નામે જે ચાલી રહ્યું છે એ સાચો ધર્મ નથી પણ સ્વાર્થ માટે ઊભો કરાયેલો ઉન્માદ છે. આ ઉન્માદના કારણે સમાજમાં ભાગલા પડી રહ્યા છે, લોકો પોતાનું હિત શેમાં છે એ વિચારી નથી શકતા પણ તેની તેમને પડી નથી. હવે લોકોને જ પોતાના હિતની ના પડી હોય તો કોઈ શું કરી શકે ? રોજગાર અને વિકાસ લોકોને જ નથી જોઈતાં તો કોઈને શું પડી હોય ?

ઘણાંને ગડકરી નરેન્દ્ર મોદી પર કટાક્ષ કરવા આવાં નિવેદનો આપે છે એવું પણ લાગે છે કેમ કે મોદીના કારણે ગડકરીના ભાવ ગગડી ગયા છે. ગડકરી એક સમયે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ હતા ને ભાજપની અટલ બિહારી વાજપેયી, લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશી પછીની સેકન્ડ કેડરમાં સૌથી ટોચના નેતા મનાતા હતા. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના લાડકા પણ હતા તેથી ભાજપ સત્તામાં આવશે તો ગડકરી વડા પ્રધાન બનશે એવું પણ મનાતું હતું પણ નરેન્દ્ર મોદીએ જબરદસ્ત વ્યૂહરચના દ્વારા ભાજપ પર કબજો કરી લીધો તેમાં ગડકરી લટકી ગયા તેથી ગડકરી સમયાંતરે બળાપો કાઢ્યા કરે છે એવું મનાય છે.

નીતિન ગડકરીએ પહેલાં એવું પણ કહેલું કે, રાજા એટલે કે શાસક એવો હોવો જોઈએ કે કોઈ તેની વિરુદ્ધ બોલે તો તેણે સહન કરી શકે. શાસકે ટીકાને નકારાત્મક રીતે લેવાના બદલે ટીકા પર આત્મમંથન કરવું જોઈએ કેમ કે ટીકા લોકશાહીમાં શાસકની સૌથી મોટી કસોટી કરે છે. પુણેમાં

ગડકરીને મોદી મંત્રીમંડળમાં સ્થાન તો મળ્યું પણ તેમનો દબદબો ખતમ થઈ ગયો છે. મોદી વિરોધીઓનો એક વર્ગ સમયાંતરે સંઘ મોદીને ખસેડીને ગડકરીને બેસાડવા માગે છે એવી વાતો ચલાવ્યા કરે છે પણ એ વાતોમાં દમ નથી. સંઘનું કંઈ ઊપજતું નથી ને એ જ મોદી-શાહને મસકા મારીને ટકી રહ્યો છે ત્યાં ગડકરીને શું કંકોડાં ગાદી પર બેસાડવાનો ? ટૂંકમાં ગડકરીના અચ્છે દિન આવશે એ વાતમાં માલ નથી તેથી ગડકરી આ રીતે નિવેદનો આપીને બળાપો કાઢતા હોય એ વાતમાં દમ છે પણ આ બળાપો વાંઝિયો છે કેમ કે તેનાથી કશું બદલાવાનું નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર શરદઋતુ, બુધવાર, તા. ૩-૯-૨૦૨૫, પરિવર્તિની એકાદશી

- ભારતીય દિનાંક ૧૨, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, ભાદ્રપદ સુદ-૧૧
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૧૧
- પારસી શહેનશાહી રોજ ૨૦મો બહેરામ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૦મો બહેરામ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૮મો રશ્ને, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૦મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૧મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર પૂર્વાષાઢા રાત્રે ક. ૨૩-૦૭ સુધી, પછી ઉત્તરાષાઢા.
- ચંદ્ર ધનુમાં મધ્યરાત્રિ પછી ક. ૨૯-૨૦ સુધી (તા. ૪), પછી મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ), મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૫, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૦, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૪, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૫-૨૦, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૩૭ (તા. ૪)
- ઓટઃ સવારે ક. ૦૯-૨૦, રાત્રે ક. ૨૧-૪૭
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭.
- 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - એકાદશી. પરિવર્તિની એકાદશી (કમળકાકડી), બુધ પૂર્વમાં અસ્ત થાય છે. ભદ્રા સાંજે ક. ૧૬-૧૨થી મધ્યરાત્રિ પછી ક. ૨૮-૨૧. (તા. ૪)
- શુભાશુભ દ્દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ
- મુહૂર્ત વિશેષઃ એકાદશી વ્રત ઉપવાસ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી સુક્ત, પુરુસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, શ્રી ગણેશ સહસ્ર નામાવલિ, શ્રી વિષ્ણુ સહસ્ત્ર નામાવલિ પાઠ વાંચન, તુલસી પૂજા, કમળકાકડીથી શ્રીસુક્ત હવન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી મંદિર, શ્રી સત્યનારાયણ મંદિર, શ્રી વિઠ્ઠલ-રુકિમણી મંદિરમાં વિશેષ પૂજા, દર્શન, નિત્ય થતાં પશુ લે-વેંચ, સ્થાવર મિલકતની લેવડદેવડ. આચમનઃ બુધ-હર્ષલ ચતુષ્કોણ સંબંધોમાં સાવચેતી રાખવી જરૂરી. ચંદ્ર-મંગળ ચતુષ્કોણ ખટપટનો સ્વભાવ, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ વાહનની અનુકૂળતા રહે.
- ખગોળ જ્યોતિષઃ બુધ-હર્ષલ ચતુષ્કોણ, ચંદ્ર-મંગળ ચતુષ્કોણ, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ, બુધનો પૂર્વમાં અસ્ત થાય છે.
- ગ્રહગોચરઃ સૂર્ય સિંહ, મંગળ-કન્યા, માર્ગી બુધ-સિંહ, ગુરુ-મિથુન, શુક્ર-કર્ક, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## ભારતમાં સૅમિકન્ડક્ટર ક્ષેત્રે મોટી ક્રાંતિ આવશેઃ વૈષ્ણવ

નવી દિલ્હીઃ વૈશ્વિક અસ્થિરતા વચ્ચે કેન્દ્રીય પ્રધાન અશ્વિની વૈષ્ણવે મંગળવારે કહ્યું હતું કે ''ભારત સ્થિરતા અને વિકાસની દીવાદાંડી છે''

વૈશ્વિક ઉદ્યોગજગતને તેમણે ભારતના ઝડપથી વિકસતા સૅમિકન્ડક્ટર ક્ષેત્રમાં રોકાણ કરવાની વિનંતી કરી હતી. સૅમિકોન ઈન્ડિયા ૨૦૨૫ ખાતે બોલતાં તેમણે કહ્યું હતું કે ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન લૉન્ચ કર્યાનાં સાડાત્રણ વર્ષમાં ભારતે આ ક્ષેત્રમાં ઉલ્લેખનીય પ્રગતિ કરી છે.

સાડાત્રણ વર્ષના ટૂંકાગાળામાં દેશે આ ક્ષેત્રમાં સાધેલી પ્રગતિને કારણે વિશ્વ ભારત સામે વિશ્વાસ અને આશાભરી નજરે નિહાળી રહ્યું છે.

દેશમાં હાલ પાંચ સૅમિકન્ડક્ટર એકમના નિર્માણનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. એક એકમનું કામ પૂરું થઈ ગયું છે અને થોડા જ મહિનામાં અન્ય બે એકમમાં પણ ઉત્પાદનનું કામ શરૂ થઈ જશે, એમ તેમણે કહ્યું હતું.

હાલ આપણે અસાધારણ સમયમાં જીવી રહ્યા છીએ. વૈશ્વિક નીતિને કારણે હાલ વિશ્વભરમાં અસ્થિરતા સર્જાયેલી છે એવા સમયે ભારત સ્થિરતા અને વિકાસની દીવાદાંડી બની ગયું છે, એમ તેમણે કહ્યું હતું. વૈશ્વિક રોકાણકારોને ભારતમાં રોકાણ કરવાની વિનંતી કરી અશ્વિની વૈષ્ણવે ભારતની સ્થિર નીતિ અને સૅમિકન્ડક્ટર મિશનના પારદર્શક મેનેજમેન્ટ પર પ્રકાશ પાડ્યો હતો.

છેલ્લા એક દાયકામાં દેશમાં ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે ઉત્પાદનમાં છગણો અને નિકાસમાં આઠગણો વધારો થયો હેવાનું તેમણે કહ્યું હતું. 'મેક ઈન ઈન્ડિયા' અંતર્ગત દેશભરમાં વિવિધ ક્ષેત્રે નવા પ્લાન્ટ સ્થાપવામાં આવી રહ્યા છે અને સૅમિકન્ડક્ટરની માગ દિવસે દિવસે વધી રહી છે ત્યારે રોકાણ માટેની આ યોગ્ય તક છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)■

## ભારત-યુએસએ સંયુક્ત યુદ્ધ અભ્યાસનો આરંભ

નવી દિલ્હીઃ મદ્રાસ રેજિમેન્ટની બટાલિયનના જવાનોનો સમાવેશ કરતી ભારતીય ટુકડીએ યુએસએના ૧૧મા એરબોર્ન ડિવિઝન, આર્કટિક વુલ્વ્સ બ્રિગેડ કોમ્બેટ ટીમની ૫મી ઇન્ફન્ટ્રી રેજિમેન્ટ ''બોબકેટ્સ'' ની ૧લી બટાલિયનના સૈનિકો સાથે સંયુક્ત લશ્કરી કવાયત યુદ્ધ અભ્યાસ ૨૦૨૫નો આરંભ કર્યો હોવાની માહિતી સરકારે જાહેર કરી હતી.

સરકારે જણાવ્યા અનુસાર ભારતીય સેનાની એક ટુકડી ૧ થી ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન યોજાનારી ભારત-યુએસએ સંયુક્ત લશ્કરી કવાયત યુદ્ધ અભ્યાસ ૨૦૨૫ની ૨૧મી આવૃત્તિમાં ભાગ લેવા માટે ફોર્ટ વેઇનરાઇટ, યુએસએ માટે રવાના થઈ છે.

બે અઠવાડિયા સુધી સૈનિકો હેલિબોર્ન ઓપરેશન્સ, સર્વેલન્સ સંસાધનોનો ઉપયોગ અને માનવરહિત હવાઈ પ્રણાલીઓ, રોક ક્રાફ્ટ, પર્વત યુદ્ધ, અકસ્માત સ્થળાંતર, લડાઇ તબીબી સહાય અને આર્ટિલરી, ઉડ્ડયન અને ઇલેક્ટ્રોનિક યુદ્ધ પ્રણાલીઓનો સંકલિત ઉપયોગ સહિત વિવિધ વ્યૂહાત્મક કવાયતોનું રિહર્સલ કરશે.

આ ઉપરાંત, બંને સૈન્યના વિષય-વિષય નિષ્ણાતો યુએએસ અને કાઉન્ટર-યુએએસ ઓપરેશન્સ, માહિતી યુદ્ધ, સંદેશાવ્યવહાર અને લોજિસ્ટિક્સ જેવા મહત્ત્વપૂર્ણ ક્ષેત્રો પર કાર્યકારી જૂથોનું સંચાલન કરશે.

આ કવાયત સંયુક્ત રીતે આયોજિત અને અમલમાં મુકાયેલા વ્યૂહાત્મક દાવપેચમાં પરિણમશે, જેમાં લાઇવ-ફાયર કવાયતથી લઈને ઉચ્ચ-ઊંચાઈવાળા યુદ્ધના અભ્યાસ સુધીનો સમાવેશ થાય છે, જેમાં સંયુક્ત રાષ્ટ્ર શાંતિ રક્ષા કામગીરી માટે ક્ષમતાઓ સુધારવા અને બહુ-ડોમેન પડકારો માટે તૈયારીઓને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. ■

## ઉત્તર ભારતમાં ભારે વરસાદનો કેર યથાવત્

દેહરાદૂન : દેશના ઉત્તર ભારત અને ખાસ કરીને ઉત્તરાખંડ, જમ્મુ અને કાશ્મીર, ગુરુગ્રામ, પંજાબ તેમ જ ઓડિશામાં ભારે વરસાદને લીધે સર્જાયેલી સમસ્યામાં ઘટાડો નહોતો થયો.

ઉત્તરાખંડમાં મંગળવારે ધોધમાર વરસાદ પડ્યો હતો અને હવામાન ખાતાએ અનેક જિલ્લામાં અતિ ભારે વરસાદ પડવાની ચેતવણી આપી હતી. આ ચેતવણી દેહરાદૂન, નૈનીતાલ, ચંપાવત અને ઉધમ સિંહ નગર જિલ્લાઓમાં અપાઈ છે જ્યાં છેલ્લાં થોડા દિવસોથી વરસાદ અવિરત પડી રહ્યો છે. રાજ્યની મોટા ભાગની નદી જેવી કે ગંગા અને તેની શાખા મંદાકીની ગાંડીતુર થઈ છે. અનેક નદીઓ ભયજનક માર્કની ઉપર વહે છે.

પહેલા ધોરણથી લઈને બારમા ધોરણના વર્ગો એક દિવસ માટે બંધ રાખવામાં આવ્યા હતા. આગામી થોડા દિવસમાં હવામાન આવું જ રહેવાનું હોવાથી ચાર ધામની યાત્રા સ્થગિત કરાઈ છે. સૌથી વધારે વરસાદ નૈનીતાલ જિલ્લામાં પડ્યો હતો. ઉત્તરાખંડમાં મેઘરાજાએ કાળો કેર વરસાવ્યો છે. અતાયર સુધી ૭૯ લોકો માર્યા ગયા છે અને ૧૧૪ લોકો ઘાયલ થયા છે. ૯૫ લોકો ગૂમ છે.

દરમિયાન જમ્મુ અને કાશ્મીરમાં લશ્કરે અનારાધાર પડી રહેલા વરસાદનો સામનો કરીને જંગલવાર નાળા પર બેલી પુલ બાંધવાનું શરૂ કર્યું છે. આ પુલ બાંધવાથી ડોડા અને કિશ્તવાર વચ્ચે સેતુ બંધાશે. ગયા અઠવાડિયના વિક્રમી વરસાદને પગલે લશ્કર આ પ્રકારનો બીજો પુલ બાંધી રહી છે.

જમ્મુ સ્થિત વાઈટ નાઈટ્સ કોરે પોસ્ટ મૂકીને માહિતી આપી હતી કે ભયાનક પૂરને લીધે જમ્મુના મોટા ભાગના વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. વરસાદને લીધે પુલ, ઘર અને ખેતરો વહી ગયા છે. એનએચ-૨૪૪ જે ડોડા અને કિશ્તવર વચ્ચેની જીવાદોરી છે એ થતરી નજીક ધોવાઈ ગયો છે. આને લીધે ગામોનો સંપર્ક તૂટી ગયો છે. લશ્કરની ઈજનેરી પાંખ ડોડાના જંગલવારના નાળા પર બેલી પુલ બાંધી રહી છે. ૨૯ ઑગસ્ટે લશ્કરે થાવી પુલને જોડવા ૧૧૦ ફૂટનો બેલી પુલ બાંધ્યો હતો. ૧૪ ઑગસ્ટથી વરસાદ, વાદળ ફાટવા અને ભૂસ્ખલનને લીધે ૧૩૦થી વધારે લોકો માર્યા ગયા છે. આમાં મોટા ભાગના શ્રદ્ધાળુઓ છે. ૧૨૦ લોકો ઘાયલ અને ૩૩ લોકો ગૂમ થયા છે.

દરમિયાન દિલ્હીમાં યમુનાએ ભયજનક સપાટી વટાવતાં પૂરમાં પલંગો તરવા માંડયા હતા . લોકને ઘૂંટણભેર પાણીમાંથી પસાર થઈને પોતાની સખત મહેનત કરીને મેળવેલી વસ્તુઓ બચાવી પડી હતી. અગ્નિદિલ્હીના મદનપુર ખાદરમાં ખેડૂતો બચેલા પાકને કાપવા દોડ્યા હતા. ખેડૂતોએ કહ્યું હતું કે યમુના ઉફાન પર છે અને અમારા ખેતરોમાં પાણી ભરાઈ ગયા છે. અમુક ખેડૂતોના ઝૂંપડામાં પણ પાણી ભરાઈ ગયું છે. યમુના જૂના યમુના પુલમાં ૨૦૫.૮ની સપાટી હતી, જ્યારે ભયજનક સપાટી ૨૦૫.૩૩ મીટરની છે. બેરેજમાંથી પાણી છોડવામાં આવતા પણ હાલત વણસી હતી. સત્તાવાળાઓ હોડીમાંથી જાહેરાત કરીને લોકોને સલામત સ્થળે જવાની સલાહ આપી રહ્યા છે.

દરમિયાન ગુરુગ્રામમાં બે દિવસથી પડી રહેલા સતત વરસાદને લીધે પાણી ભરાઈ ગયા હતા. આને લીધે ટ્રાફિક બંધ થઈ ગયો હતો અને લોકનું જનજીવન વ્યસ્ત થયું હતું. સેકટર ૬૩માં કાદરપુર ગામમાં અરવલ્લી બધને નુકસાન થયું હતું અને નજીકના ગામમાં પૂર આવ્યું હતું.

દરમિયાન ભારે વરસાદે ઓડિશાને ધમરોળી નાખ્યું હતું. મંગળવારે બંગાળના ઉપસાગરમાં નીચા દબાણનો પટ્ટો ઊભો થયો હતો. હવામાન ખાતાએ આગામી ૨૪ કલાકમાં ભારે વરસાદની આગાહી કરી હતી. દરિયો તોફાની હોવાથી હવામાન ખાતાએ માછીમારોને ત્રીજી સપ્ટેમ્બર સુધી સાગરમાં ન જવાની સૂચના આપી હતી. તટીય ઓડિશાને વરસાદને લીધે નકસાન થયું હતું અને જનજીવન ખોરવાઈ ગયું હતું. (એજન્સી)■

## અમદાવાદના શકરી તળાવમાં નાવડી ઊંધી વળતા ૩ યુવાન ડૂબ્યા

અમદાવાદઃ શહેરના સરખેજ વિસ્તારમાં મંગળવારે દુઃખદ ઘટના બની હતી. સરખેજના શકરી તળાવમાં ૩ યુવકો ડૂબી જતા સમગ્ર વિસ્તારમાં હાહાકાર મચી ગયો હતો. સ્થાનિક ચાર યુવક શકરી તળાવમાં કોર્પોરેશનની પાણીમાંથી ગંદકી કાઢવાની બોટ લઈને અંદર ગયા હતા. જો કે ચોથો યુવક થોડીવારમાં જ બોટમાંથી ઊતરી ગયો હતો. જ્યારે બાકીના ત્રણ યુવાન પાણીમાં ઊતર્યા હતા. આ દરમિયાન બોટ ઉંધી વળી જતા ત્રણેય યુવક ડૂબી ગયા હતા. જેમાંથી બે યુવકના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. જ્યારે એક યુવકની શોધખોળ અંધારું થઈ ગયું હોવા છતાં ચાલુ રાખવામાં આવી હતી.

આ ઘટનાની જાણ થતાં જ સ્થાનિકોના ટોળે-ટોળા ઘટના સ્થળે દોડી આવ્યા હતા. સ્થાનિકોએ પ્રહલાદનગર ફાયર સ્ટેશનને જાણ કરતા ફાયર વિભાગની ટીમ પણ ઘટના સ્થળે દોડી આવી હતી અને બચાવ કામગીરી હાથ ધરી હતી. ફાયરની ટીમ દ્વારા તળાવમાંથી ૨ યુવકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા.

મૃતકોમાં ૧૮ વર્ષના પપ્પુ ચાવડા અને ૨૧ વર્ષીય વિશાલ કિશોર ચાવડાનો સમાવેશ થાય છે. જ્યારે એક ૧ છોકરાની શોધખોળ ચાલી રહી છે. આ ઘટના અંગેની જાણ થતાં જ યુવકોનાં સ્વજનો પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. આ ઘટનાએ સ્વજનોના હૈયા હચમચાવી દીધા હતા. ફાયરની ટીમો દ્વારા ભારે જહેમત બાદ બે યુવકોના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યા હતા. જોકે, બાકીના એક યુવકનો હજુ સુધી કોઈ અત્તોપત્તો લાગ્યો નથી અને તેઓની શોધખોળ હજુ ચાલુ છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### સૅમિકન્ડક્ટર

હતી. મોદીએ કહ્યું હતું કે એ દિવસો દૂર નથી જ્યારે ભારતમાં બનેલી નાનામાં નાની ચિપ વિશ્વમાં મોટું પરિવર્તન લાવશે અને વિશ્વભરના દેશો કહેશે 'ડિઝાઈન્ડ ઈન ઈન્ડિયા, મેડ ઈન ઈન્ડિયા, ટ્રસ્ટેડ બાય વર્લ્ડ'.

આ કૉન્ફરન્સમાં વિશ્વના પચાસ કરતાં પણ વધુ દેશના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

મોદીએ કહ્યું હતું કે આ કૉન્ફરન્સમાં ભારતનો ઈનોવેશન અને યુથ પાવર પણ જોવા મળ્યો હતો જે સ્પષ્ટ સંદેશો આપે છે કે વિશ્વ ભારત પર ભરોસો કરે છે અને સેમિકન્ડક્ટરના ભાવિ નિર્માણ માટે ભારત સાથે કામ કરવા તૈયાર છે.

વૈશ્વિક સૅમિકન્ડક્ટર બજાર હાલ ૬૦૦ અબજ ડૉલરનું થઈ ગયું છે અને આવનારાં વરસોમાં તે વધીને એક ટ્રિલ્યન ડૉલરને પાર કરી જશે, એમ તેમણે કહ્યું હતું.

ભારતની નીતિઓ ટૂંકાગાળાનો સંકેત નહીં, પરંતુ લાંબા સમયગાળા માટેની વચનબદ્ધતા છે, એમ તેમણે કહ્યું હતું.

આ ક્ષેત્રમાં ભારતનો પ્રવાસ મોડો શરૂ થયો છે, પરંતુ હવે તેને કોઈ રોકી શકે એમ નથી, એમ તેમણે કહ્યું હતું.

અત્યાધુનિક ટૅક્નોલોજી સાથે ભારત આ ક્ષેત્રમાં આગળ વધી રહ્યું છે. અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ભારતના અર્થતંત્રને 'ડેડ ઈકોનોમી' લેખાવ્યું હોવા અંગે બોલતાં મોદીએ કહ્યું હતું કે વૈશ્વિક અનિશ્ચિતતા અને પડકારો વચ્ચે પણ પ્રથમ ત્રિમાસિકમાં ભારતના અર્થતંત્રનો વિકાસદર ૭.૮ ટકા રહ્યો હતો. (એજન્સી)■

### કન્નડ અભિનેત્રીને

હતી. સૂત્રોએ કહ્યું હતું કે અભિનેત્રી ત્રીજી માર્ચે બેંગલૂરુના કેમ્પગૌડા ઈન્ટરનેશનલ એરપોર્ટમાં ૧૪.૮ કિલોના સોના સાથે પકડવામાં આવી હતી. તે દુબઈથી આવી હતી.

રાવ ભૂતપૂર્વ ડિરેક્ટર જનરલ ઑફ પોલીસ રેન્ક ઑફિસર રામચંદ્ર રાવની સાવકી પુત્રી છે. (એજન્સી)■

### મારી માતાનું

મોટી વાત નથી, પરંતુ તેમને તેની સજા મળવી જોઈએ.

મારી મૃત માતાને રાજકારણ સાથે કંઈ લેવાદેવા નથી. તેનો શું ગુનો હતો અને શા માટે તેનાં માટે અપમાનજનક શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો? એવો પ્રશ્ન મોદીએ કર્યો હતો. બિહારમાં સેલ્ફ-હેલ્પ ગ્રૂપ સાથે સંકળાયેલી મહિલાઓ માટે નવી સહકારી સંસ્થાનું વર્ચ્યુઅલી ઉદ્દ્ઘાટન કરતાં મોદીએ દિલ્હીસ્થિત એક મેળાવડાને સંબોધન કર્યું હતું.

બિહાર 'માતા જાનકી'ની ભૂમિ છે અને તેણે કાયમ માતાઓને આદર આપ્યો છે. આ એ ભૂમિ છે જ્યાં છઠ પૂજા કરવામાં આવે છે. રાજદ અને કૉંગ્રેસે અહીંના મંચ પરથી મારી માતા માટે અપમાનજનક શબ્દો કહ્યા હતા. આવું બનશે એવી કલ્પના મેં ક્યારેય નહોતી કરી. આ માત્ર મારી માતાનું જ નહિ, પરંતુ બિહારની માતાઓ અને બહેનોનું અપમાન છે જેને બિહારના લોકો ક્યારેય માફ નહિ કરે, એમ તેમણે કહ્યું હતું,

માતાઓ અને બહેનો માટે અપમાનજનક શબ્દો વાપરતા લોકો મહિલાઓને નબળી માને છે. તેમની માનસિકતા મહિલાઓને શોષણની વસ્તુ તરીકે જોવાની છે. આ પ્રકારની માનસિકતા ધરાવતા લોકો જ્યારે સત્તા પર આવે છે ત્યારે માતાઓ અને બહેનોએ ઘણું સહન કરવું પડે છે. રાજદના માફિયારાજમાં આમ થતું હતું, એમ તેમણે કહ્યું હતું. ■

### મુંબઈમાં

મરાઠા સમુદાયના સભ્યોને ઓબીસી અનામતનો દાવો કરવાને પાત્ર બનાવશે જે જરાંગેની મુખ્ય માગણી હતી. મરાઠા અનામતની માગણી અંગે મહારાષ્ટ્ર સરકાર જીઆર બહાર પાડ્યો હોવાથી અમે મંગળવારે રાતના નવ વાગ્યા સુધીમાં મુંબઈ ખાલી કરી દઈશું, એમ જરાંગેએ કહ્યું હતું.

અગાઉ મંગળવારે બૉમ્બે હાઈ કોર્ટે જરાંગે સહિત પ્રદર્શનકર્તાઓને પરવાનગી વિના વિરોધપ્રદર્શન કરી રહ્યા હોવાનું જણાવી તેઓને બપોરે ત્રણ વાગ્યા સુધીમાં આઝાદ મેદાન ખાલી કરી દેવાનો આદેશ આપ્યો હતો. જોકે બાદમાં કોર્ટે જરાંગેની વિનંતીને પગલે બુધવાર સવાર સુધી આઝાદ મેદાનમાં રહેવાની પરવાનગી આપી હતી.

પરિસ્થિતિને અયોગ્ય રીતે હાથ ધરવા બદલ કોર્ટે રાજ્ય સરકારનો કાન આમળ્યો હતો અને કોર્ટના આદેશનું બુધવાર સવાર સુધીમાં પાલન કરવાની ચેતવણી આપી હતી જેને પગલે પ્રધાન રાધાકૃષ્ણ વિખે પાટીલના વડપણ હેઠળની કેબિનેટની પેટા સમિતિએ પ્રદર્શન સ્થળે જઈને જરાંગેની મુલાકાત લીધી હતી.

વિખે પાટીલ સાથેની મુલાકાત બાદ જરાંગેએ ટકેદારોને આપણો વિજય થયો હોવાની જાણ કરી હતી અને સમિતિએ સ્વીકારેલી માગણીઓ વાંચી સંભળાવી હતી.

મરાઠા આંદોલનકર્તાઓ વિરુદ્ધ દાખલ કરવામાં આવેલા કેસ સપ્ટેમ્બરના અંત સુધીમાં પાછા ખેંચી લેવામાં આવશે એમ જણાવતાં જરાંગેએ કહ્યું હતું કે શૈક્ષણિક પાત્રતાના આધારે એક અઠવાડિયામાં આર્થિક સહાય અને સરકારી નોકરી પણ આપવામાં આવશે. (એજન્સી)■

### ભૂકંપ

ચેતવણી આપી હતી કે મરણાંકમાં ઝડપી વધારો થઈ શકે. અનેક પ્રાંતમાં ભૂકંપ ત્રાટકતાં વ્યાપક નુકસાન થયું હતું. ભૂકંપને લીધે ગામો સપાટ થયા હતા અને લોકો ઘરના કાટમાળ હેઠળ દટાઈ ગયા હતા. આ ઘરો ઈંટ અને લાકડાના બનાવેલા છે. આ ઘર ભૂકંપના આંચકા સહન કરવા અસમર્થ છે. વિકટ ભૂપ્રદેશ હોવાથી બચાવ અને રાહત કામમાં અડચણ ઊભી થઈ છે.

યુએનના અફઘાનિસ્તાનના રેસિડન્ટ કોઓર્ડિનેટર ઈન્દ્રીકા રટવાટેએ કહ્યું હતું કે અનેક કટોકટી અને અનેક આંચકાનો ભોગ બનેલા અફઘાનિસ્તાનના લોકોને ભૂલવાનું આપણને પરવડશે નહીં. અફઘાનિસ્તાનના લોકોની સહનશક્તિની સીમા આવી ગઈ છે.

કરી રહ્યા છે.

તાલિબાને ૨૦૨૧માં સત્તા હસ્તગત કરી ત્યાર બાદનો આ ત્રીજો ભૂકંપ છે. અફઘાનિસ્તાન મદદમાં કાપ, નબળું અર્થતંત્ર અને ઈરાન તથા પાકિસ્તાનમાંથી બળપૂર્વક લોકોને અફઘાન મોકલવાની કટોકટીનો સામનો કરી રહ્યું છે. ઈન્દ્રીકાએ કહ્યું હતું કે ઘરની તેમણે આંતરરાષ્ટ્રીય આલમને મદદ માટે આગળ આવવાની વિનંતી કરી હતી. આ જીવનમરણનો નિર્ણય છે. અમે સમય સાથે હરીફાઈ દીવાલો તૂટી જાય ત્યારે છાપરું લોકોના પર પડે છે અને લોકોને ઈજા થાય છે અથવા તો તેમનું મરણ થાય છે. જોકે વસતિની ઘનતા ઓછી છે, પરંતુ ભૂકંપ આવ્યો ત્યારે લોકો સૂતા હતા. તાલિબાન સરકારને ફક્ત રશિયાએ માન્યતા આપી છે. સરકારે વિદેશી સરકારો અને માનવતાવાદીને સહાયની અપીલ કરી છે. (એજન્સી)■

### સુદાનમાં ભૂસ્ખલન

તાત્કાલિક સહાય પૂરી પાડવા માટે સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુનો) અને અન્ય આંતરરાષ્ટ્રીય રાહત એજન્સીઓને અપીલ કરી છે.

આ દુર્ઘટના એવા સમયે બની છે જ્યારે સુદાન છેલ્લાં બે વર્ષથી ગંભીર કટોકટીનો સામનો કરી રહ્યું છે. સુદાનની સેના અને અર્ધલશ્કરી રેપિડ સપોર્ટ ફોર્સ (આરએસએફ) વચ્ચે ચાલી રહેલા ગૃહયુદ્ધે દેશની પરિસ્થિતિ વધુ ગંભીર બનાવી છે. ઉત્તર દારફુર જેવા સંઘર્ષગ્રસ્ત વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકોએ ગૃહયુદ્ધથી બચવા માટે મરા પર્વતોમાં આશ્રય લીધો હતો. જોકે, આ વિસ્તારોમાં પહેલાથી જ ખાદ્ય પદાર્થો અને દવાઓની ભારે અછત હતી અને ભૂસ્ખલનની ઘટનાએ સંકટને વધુ ઊંડું બનાવ્યું છે.

ગૃહયુદ્ધને કારણે સુદાનની વસ્તી પર ગંભીર અસર પડી છે. દેશની અડધાથી વધુ વસ્તી ભૂખમરાના સંકટનો સામનો કરી રહી છે અને લાખો લોકો પોતાના ઘર છોડીને ભાગી ગયા છે. ઉત્તર દારફુરની રાજધાની અલ-ફાશીર પર પણ સતત હુમલાઓ થઈ રહ્યા છે. સુદાન મુક્તિ ચળવળ/સેનાએ જણાવ્યું કે ભૂસ્ખલનની ઘટનાથી દેશની વર્તમાન માનવતાવાદી પરિસ્થિતિ વધુ ખરાબ થઈ છે અને આંતરરાષ્ટ્રીય સમુદાયે આ પરિસ્થિતિમાં તાત્કાલિક હસ્તક્ષેપ કરવો જોઈએ જેથી કરીને આ કટોકટીને નિયંત્રિત કરી શકાય.■

# થાણેમાં બિલ્ડિંગનો સ્લેબ તૂટી પડ્યોઃ પાલિકાએ બિલ્ડિંગ ખાલી કરાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે (પશ્ચિમ)માં વાગલે એસ્ટેટમાં ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળની બિલ્ડિંગમાં સ્લેબ તૂટી પડતા થાણે પાલિકાએ તેમાં રહેતા ૧૭ પરિવારનો તાત્કાલિક ધોરણે બિલ્ડિંગ ખાલી કરાવી હતી. તાત્પૂરતા ધોરણે થાણે પાલિકાની સ્કૂલમાં તેમને રહેવાની વ્યવસ્થા કરી આપવામાં આવ હતી. સદ્‌નસીબે આ દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું.

થાણે ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ વાગલે એસ્ટેટમાં કિસન નગર-બેમાં મસ્જિદ ગલીમાં ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળની તિવારી સદન નામની બિલ્ડિંગ આવેલી છે. મંગળવારે બપોરના ૧૨.૫૦ બિલ્ડિંગના બીજા માળા પર આવેલી રૂમ નંબર છનો સ્લેબનો ભાગ તૂટી પડયો હતો. તેથી બિલ્ડિંગ જોખમી સ્થિતિમાં આવી ગઈ હતી.

થાણે પાલિકાના જણાવ્યા મુજબ આ બિલ્ડિંગ લગભગ ૪૦ વર્ષ જૂની છે અને સીટુબી શ્રેણીમાં પાલિકાએ તેને મૂકી હતી. એટલે કે બિલ્ડિંગ કાલી કરીને તેનું સ્ટ્રક્ચરલ સમારકામ કરવાનું આવશ્યક હતું. તે મુજબ બિલ્ડિંગનું સમારકામ પણ ચાલી રહ્યું હતું. આ દરમ્યાન મંગળવારે બપોરના સ્લેબ તૂટી પડવાનો બનાવ બન્યો હતો.

ઘટનાની જાણ થતા જ થાણે પાલિકાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સહિત સાર્વજનિક બાંધકામ અને અતિક્રમણ વિભાગ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને તકેદારીના પગલારૂપે આખી બિલ્ડિંગ ખાલી કરાવી હતી. બિલ્ડિંગના તમામ ૧૭ રહેવાસીઓને તાત્પૂરતા ધોરણે નજીક આવેલી થાણે પાલિકાની સ્કૂલમાં રહેવાની વ્યવસ્થા કરી આપવામાં આવી હતી. ■


## શ્રી ગિરનારજી મહાતીર્થની તળેટીમાં તથા શ્રી કદંબગિરિ તીર્થમાં પ્રતિષ્ઠાનો પાવન અવસર

**શ્રી ગિરનારજી મહાતીર્થની તળેટી** સ્થિત **શ્રી આદીશ્વર ભગવાનના** નૂતન જિનાલયમાં વિવિધ જિનબિંબો તથા અધિષ્ઠાયક દેવ-દેવીનો જિનાલય પ્રવેશ, **પુનઃ પ્રતિષ્ઠા તથા મહોત્સવ** સંબંધી ચઢાવા - બોલીઓનો વિશિષ્ટ લાભ લેવાનો પુણ્ય અવસર

**બોલીનો શુભ દિવસ :** વિક્રમ સંવત ૨૦૮૧, ભાદરવા સુદ - પૂનમ, **રવિવાર, તા. ૦૭-૦૯-૨૦૨૫, સમય :** સવારે **૯.૦૦** કલાકે
**સ્થળ :** શેઠ હઠીસિંહ કેસરીસિંહ ટ્રસ્ટ વાડી, દિલ્હી દરવાજા બહાર, શાહીબાગ, અમદાવાદ.

**પ્રવેશનો મંગળમય દિવસ :** વિક્રમ સંવત ૨૦૮૨, કારતક વદ- ૧૧, **શનિવાર, તા. ૧૫-૧૧-૨૦૨૫** ના દિવસે
**પ્રતિષ્ઠાનો મંગળમય દિવસ :** વિક્રમ સંવત ૨૦૮૨, મહા વદ - ૫, **શુક્રવાર, તા. ૦૬-૦૨-૨૦૨૬** ના દિવસે

**શ્રી કદંબગિરિ તીર્થમાં શ્રી આદીશ્વર ભગવાન** તથા **શ્રી કદંબ ગણધરના** પ્રાચીન પગલાં ઉપરાંત **શ્રી કદંબ ગણધરની પ્રતિમા અને ચરણ પાદુકાની પ્રતિષ્ઠા તથા મહોત્સવ** સંબંધી ચઢાવા - બોલીઓનો વિશિષ્ટ લાભ લેવાનો પુણ્ય અવસર

**બોલીનો શુભ દિવસ :** વિક્રમ સંવત ૨૦૮૧,ભાદરવા સુદ - ૧૪, **શનિવાર, તા. ૦૬-૦૯-૨૦૨૫, સમય :** સવારે **૯.૦૦** કલાકે
**સ્થળ :** શેઠ હઠીસિંહ કેસરીસિંહ ટ્રસ્ટ વાડી, દિલ્હી દરવાજા બહાર, શાહીબાગ, અમદાવાદ.

**પ્રતિષ્ઠાનો મંગળમય દિવસ :** વિક્રમ સંવત ૨૦૮૨, માગસર સુદ -૧૦, **રવિવાર, તા. ૩૦-૧૧-૨૦૨૫** ના દિવસે

સંપર્ક સૂત્ર : ● જીમિત દોશી © ૭૦૬૯૦૦૪૬૦૭ ● દિલીપ પંચાલ © ૯૪૨૮૦૦૦૬૦૩ ● સિદ્ધાર્થ સરખેડી © ૭૦૬૯૦૦૪૬૧૧
બોલી સમયના સંપર્ક સૂત્ર : ● કૌશલ શાહ © ૭૦૬૯૦૦૪૬૦૮ ● યતીન કોઠારી © ૮૩૦૬૫૬૬૮૦૦ ● રાજન શાહ © ૭૯૯૦૩૪૧૫૯૨

**નોંધ: - તમામ બોલીઓ સંબંધી નિર્ણય શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના ટ્રસ્ટી મંડળનો આખરી અને અબાધિત રહેશે. લાભ લેવાના અવસરે પધારવા આપ સહુને ભાવભર્યું નિમંત્રણ છે.**

નિવેદક :-**શેઠ આણંદજી કલ્યાણજી પેઢી**, અમદાવાદ
"સહુને આનંદ, સહુનું કલ્યાણ"


# ચાર દિવસે બેસ્ટની બસો સીએસએમટીથી ફરી શરૂ થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મરાઠા અનામત માટે આઝાદ મેદાનમાં આંદોલન કરનારાઓના કારણે છેલ્લા ચાર દિવસથી બૃહનમુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ)ની છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી)થી બંધ રહેલી બસો મંગળવાર સાંજથી ફરી શરૂ થતા મુંબઈગરાઓને રાહત થઈ હતી.

મરાઠા આંદોલનકારીઓએ છેલ્લાં ચાર દિવસથી છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ પરિસરના મહત્ત્વના જંકશન, ફોર્ટ, કોલાબા સહિતના વિસ્તારમાં ડેરો જમાવી દીધો હતો. રસ્તાઓ પર આંદોલનકારીઓએ પોતાના વાહનો પાર્ક કરવાની સાથે જ ત્યાં તેઓએ અંડિગો જમાવ્યો હોવાને કારણે બેસ્ટ દ્વારા સીએસએમટીથી દોડનારી તમામ બસો બંધ કરી નાખી હતી, તેને કારણે દક્ષિણ મુંબઈમાં મહત્ત્વના વિસ્તાર ગણાતા નરિમન પોઈન્ટ, બૅક બે અને કોલાબા તરફ આવેલી ઓફિસે જનારા લોકોને પગપાળા જવાની નોબત આવી હતી.

મંગળવાર બપોરથી જોકે આંદોલનકારીઓએ ધીમે ધીમે જગ્યા ખાલી કરવાનું ચાલુ કરતા બેસ્ટ પ્રશાસન દ્વારા અમુક રૂટ પર બસ ફરી શરૂ કરવામાં આવી હતી, જેમાં મુખ્યત્વે ૧૩૮ અને ૧૧૫ નંબરનો સમાવેશ થાય છે.

બેસ્ટના પ્રવક્તાના જણાવ્યા મુજબ પોલીસ દ્વારા ડીએન રોડ, મહાપાલિકા માર્ગ, હઝારીમલ સોમાણી માર્ગને બંધ કરવામાં આવ્યો હતો, તેથી બસને મહાત્મા ફુલે માર્કેટ, એલટી માર્ગ અને મેટ્રો જંકશનથી હુતાત્મા ચોક તરફ ડાઈવર્ટ કરવામાં આવી હતી. ■

# પાલઘરની જોખમી સ્કૂલોમાં જીવના જોખમે શિક્ષણ લેવા મજબૂર વિદ્યાર્થીઓ

પાલઘરઃ પાલઘર જિલ્લામાં આદિવાસી વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણની કથળતી સ્થિતિ ફરી એકવાર સામે આવી છે. જિલ્લાની ૬૨ પ્રાથમિક શાળાના જોખમી ક્લાસરૂમને કારણે વિદ્યાર્થીઓ જીવના જોખમે શિક્ષણ મેળવી રહ્યા છે. જાન્યુઆરી ૨૦૨૪માં જિલ્લા પરિષદે આ શાળાઓને 'જોખમી' જાહેર કરી, તેને તોડી પાડવાનો આદેશ આપ્યો હતો છતાં લગભગ દોઢ વર્ષ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. પાલઘર જિલ્લામાં કુલ ૨૯ જિલ્લા પરિષદ શાળાઓમાં ૬૨ ક્લાસરૂમની સ્થિતિ ખૂબ જ ખરાબ છે. દહાણુ તાલુકામાં ૪, વસઈ તાલુકામાં ૮, વાડા તાલુકામાં ૩ અને વિક્રમગઢમાં ૪ ક્લાસરૂમની સ્થિતી દયનીય છે, જ્યારે મોખાડા તાલુકાના તકપાડા, મોખાડા, પિંપળપાડા અને દોલહારામાં ૧૭ ક્લાસની સ્થિતિ ભયાનક છે. આ ઉપરાંત, પાલઘર તાલુકામાં ૨૬ જેટલા ક્લાસરૂમ ખૂબ જ જોખમી બની ગયા છે. આ ક્લાસની છત ટપકતી હોય છે, દિવાલોમાં તિરાડો પડી ગઈ છે અને વિદ્યાર્થીઓને આવી અસુરક્ષિત પરિસ્થિતિમાં અભ્યાસ કરવો પડી રહ્યો છે. તત્કાલીન મુખ્ય કાર્યકારી અધિકારી ભાનુદાસ પાલવેએ ૩૦ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ આ ક્લાસનું નિરીક્ષણ કર્યું હતું અને તાત્કાલિક તોડી પાડવાનો આદેશ આપ્યો હતો.

માળખાગત સુવિધાઓની આ નબળી સ્થિતિને ધ્યાનમાં લેતા, એવું જોવા મળે છે કે શિક્ષણ વિભાગના 'અદ્યતન શિક્ષણ'ના નારા પોકળ સાબિત થઈ રહ્યા છે. ■










# પત્રાચાલમાં ૨૩ માળનું રોબોટિક પાર્કિંગ

મુંબઈઃ ગોરેગાંમ પશ્ચિમમાં પત્રાચલ પુનર્વિકાસ હેઠળ ઉપલબ્ધ નવ પ્લોટમાંથી ચાર પ્લોટ પર ૨૩૯૮ ઘર બનાવવાનો કોન્ટ્રાક્ટ બૉર્ડે મ્હાડાના મુંબઈ બોર્ડને આપ્યો છે. તેમાંથી આર-૧૩ પ્લોટ પર મુંબઈ બોર્ડ દ્વારા ૨૩ માળનું અલગ પાર્કિંગ બનાવવામાં આવશે. આ પાર્કિંગ લોટ રોબોટિક હશે. એટલે કે ઓટોમેટિક. જો આ પ્રોજેક્ટ સફળ થશે તો અન્ય પ્રોજેક્ટ્સમાં પણ રોબોટિક પાર્કિંગ લોટ બનાવવામાં આવશે. વિવાદાસ્પદ પત્રાચલ પુનર્વિકાસને મુંબઈ બોર્ડ દ્વારા મંજૂરી આપવામાં આવી છે.

બૉર્ડે ગયા વર્ષે ચાર પ્લોટ આર-૧, આર-૭, આર-૧૩ અને આર-૪ પર કુલ ૨૩૯ ઘર બનાવવા માટે ટેન્ડર બહાર પાડ્યા હતા. તે મુજબ આર-૧૩ પ્લોટ પર મધ્યમ અને ઉચ્ચ વર્ગ માટે ૨૨૩ મકાનો બનાવવા માટે દેવ એન્જિનિયરિંગ કંપનીને ૧૬૭ કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. આર-૧૩ સહિત ચારેય પ્લોટ પર બાંધકામ ગયા વર્ષે શરૂ થવાની ધારણા હતી. જોકે, પર્યાવરણીય મંજૂરી અંગેનો વિવાદ કોર્ટમાં પેન્ડિંગ હોવાથી, આ પ્રોજેક્ટ માટે પર્યાવરણીય મંજૂરી મેળવવામાં વિલંબને કારણે બાંધકામ પણ અટકી ગયું છે.

જોકે, હવે કોર્ટના નિર્ણયથી પર્યાવરણીય મંજૂરી મેળવવાનો માર્ગ મોકળો થયો છે. ■

# નવી મુંબઈમાં રોડ રેજની ઘટનામાં મરાઠા આંદોલનકારીઓ પર હુમલો

મુંબઈઃ નવી મુંબઈમાં રોડ રેજની ઘટનામાં અજાણ્યા શખસોએ મરાઠા આંદોલનકારીઓ પર હુમલો કર્યો હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. પનવેલ વિસ્તારમાં રવિવારે બપોરે આ ઘટના બની હતી અને પોલીસે ૧૦ લોકો વિરુદ્ધ ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી.

પોલીસે જણાવ્યું હતું કે આંદોલનકારીઓને લઇને પિક-અપ વેન આવી રહી હતી ત્યારે ડેરાવલી બ્રિજની નજીક તે કાર સાથે અથડાઇ હતી. આને કારણે કાર ડ્રાઇવર અને આંદોલનકારીઓ વચ્ચે બોલાચાલી થઇ હતી. ડ્રાઇવરે થોડા સમય બાદ પોતાના સાથીદારોને ત્યાં બોલાવી લીધા હતા, જેમણે આંદોલનકારીઓ પર હુમલો કર્યો હતો અને બાદમાં ત્યાંથી પલાયન થઇ ગયા હતા.

ચંદ્રકાંત થોરંડલરે નામના સમર્થકે આ પ્રકરણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ૧૦ લોકો વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# ટ્રેનમાં ભુલાયેલી દાગીનાની બૅગ રેલવે પોલીસે મહિલાને પાછી સોંપી

થાણેઃ વિક્રોલીમાં રહેતી મહિલા ૨.૬ લાખ રૂપિયાના સોનાના દાગીનાવાળી બૅગ ટ્રેનમાં જ ભૂલી ગઈ હતી, પરંતુ પોલીસે તાત્કાલિક પગલાં ભરી બૅગ ફરી મહિલાને સોંપી હતી.

કલ્યાણ ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી)ના કહેવા મુજબ વિક્રોલીમાં રહેતી મહિલા દેવયાની કુલકર્ણી ૩૧ ઑગસ્ટે બદલાપુરની ટ્રેનમાં ચઢી હતી. કલ્યાણ સ્ટેશને ઊતર્યા પછી બૅગ ટ્રેનમાં જ ભૂલી ગઈ હોવાની તેને જાણ થઈ હતી. બૅગમાં ૮૦ ગ્રામ સોનાના દાગીના હતા.

કુલકર્ણીએ તાત્કાલિક કલ્યાણ રેલવે પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી. રલેવે પોલીસે પણ તુરંત કાર્યવાહી શરૂ કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ટ્રેન બદલાપુર સ્ટેશને પહોંચી ત્યારે એક પ્રવાસીની નજર બૅગ પર પડી હતી. તેણે બૅગ સ્ટેશન પર હાજર પોલીસને સોંપી હતી. પોલીસે બૅગ ફરી મહિલાને આપી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# શ્રીલંકામાં ગણેશ ઉત્સવની ઉજવણી

મુંબઈઃ શ્રીલંકામાં મહારાષ્ટ્ર મંડળે ભારતીય હાઈ કમિશનર સંતોષ ઝાની હાજરીમાં પરંપરાગત ઉત્સાહ સાથે ગણેશ ઉત્સવની ઉજવણી કરી હતી.

કોલંબોની વિમેન્સ ઇન્ટરનેશનલ કલબ ખાતે રવિવારે યોજાયેલી આ ઉજવણીમાં મરાઠા ધ્વજ ફરકાવવાની ઉજવણી કરવામાં આવી હતી. મહિલાઓ પરંપરાગત 'નવવારી' (નવ-વારની સાડી) પહેરીને તેમજ પુરુષો અને કેસરી ફેટા બાંધી ઢોલના તાલે નાચ્યા હતા અને લેઝિમ લોકનૃત્ય પેશ કર્યું હતું. શ્રીલંકામાં મહારાષ્ટ્ર મંડળે ઇન્ડિયન કલ્ચરલ એસોસિયેશન અને સ્વામી વિવેકાનંદ કલ્ચરલ સેન્ટર (હાઈ કમિશન ઓફ ઇન્ડિયા)ના નેજા હેઠળ પૂણેના શ્રીમંત દગડુ શેઠ હલવાઇ ટ્રસ્ટે ભેટમાં આપેલી ગણેશજીની મૂર્તિ સાથે આ ઉત્સવની ઉજવણી કરી હતી. આ ઉજવણીમાં ઇન્ડિયન કલ્ચરલ એસોસિયેશન, સ્વામી વિવેકાનંદ કલ્ચરલ સેન્ટર, કોલંબોના હાઈ કમિશન અને શ્રીલંકન બિરાદરોનું પ્રતિનિધિત્વ કરતા વિવિધ સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ ધરાવતા ૨૦૦થી વધુ લોકો એકઠા થયા હતા.

આ પ્રસંગે ભારતીય હાઈ કમિશનર સંતોષ ઝાએ સ્વાતંત્ર્ય સેનાની લોકમાન્ય તિલકના ગણેશોત્સવની શરૂઆત કરવાના મૂળ હેતુ અને આ તહેવાર કેવી રીતે સૌને સાથે લાવવાનું ચાલુ રાખે છે તે વિશે વાત કરી હતી. (પીટીઆઇ)■




# બનાવટી ગૉલ્ડ કોઈન્સના બદલામાં યુવાને ૧૦ લાખનો નેકલેસ ખરીદ્યો

થાણેઃ બનાવટી ગૉલ્ડ કોઈન્સ પધરાવીને બદલામાં ૧૦.૩૩ લાખ રૂપિયાનો નેકલેસ ખરીદી અજાણ્યા શખસે કથિત છેતરપિંડી કરી હોવાની ઘટના ડોમ્બિવલીમાં બની હતી. પોલીસ ફરિયાદ અનુસાર ૩૦ ઑગસ્ટે અજાણ્યો શખસ ડોમ્બિવલીની જ્વેલરી શૉપમાં આવ્યો હતો. ફરિયાદી સેલ્સવુમનને તેણે પત્નીનો જન્મદિન હોવાથી સોનાનો નેકલેસ ખરીદવા આવ્યો હોવાનું કહ્યું હતું. પછી ૧૦.૩૩ લાખ રૂપિયાનો નેકલેસ ખરીદવાની તેણે તૈયારી દાખવી હતી.

જોકે નેકલેસની કિંમત રોકડ અથવા કાર્ડથી ચૂકવવાને બદલે આરોપીએ તેટલી જ કિંમતના ગૉલ્ડ કોઈન્સ આપ્યા હતા. શરૂઆતમાં ફરિયાદીએ આનાકાની કરી હતી, પરંતુ બાદમાં તેણે ગૉલ્ડ કોઈન્સ લેવાનું માન્ય રાખ્યું હતું.

આરોપી નેકલેસ લઈને દુકાનમાંથી નીકળી ગયા પછી તપાસ કરતાં ગૉલ્ડ કોઈન્સ નકલી હોવાનું જણાયું હતું. આ પ્રકરણે પોલીસે ફરિયાદને આધારે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮(૪) હેઠળ અજાણ્યા શખસ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આરોપીની ઓળખ મેળવવા માટે પોલીસ દુકાનમાં લાગેલા અને આસપાસના પરિસરમાંના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસી રહી છે. (પીટીઆઇ)■

# શાહપુરમાં યુવાનની હત્યાના કેસમાં સાત આરોપી નિર્દોષ

થાણેઃ બામ્બુ અને પથ્થરો ફટકારી યુવાનની હત્યા કરવાના ૧૯ વર્ષ અગાઉના કેસમાં કલ્યાણ સેશન્સ કોર્ટે પુરાવાને અભાવે સાત આરોપીને નિર્દોષ છોડ્યા હતા.

એડિશનલ સેશન્સ જજ એસ. એમ. ચાંદગડેએ નોંધ્યું હતું કે કેસના બે મુખ્ય સાક્ષી ગુનામાં આરોપીઓને સંડોવી શકે એવા સક્ષમ પુરાવા રજૂ કરી શક્યા નથી.

ઘટનાની વિગત અનુસાર ૧૩ ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ શાહપુર તાલુકામાં બામ્બુ અને પથ્થરો ફટકારી ગણેશ મરદેની હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં કોર્ટે સંતોષ સદાશિવ કદમ (૪૬), સુનીલ પુંડલિક દુરગુડે (૪૫), ગણેશ પાંડુરંગ રાઉત (૪૮), મંગેશ પુંડલિક દુરગુડે (૪૬), વિજય શ્રીરંગ બાગુલ (૭૩), શાકીર માજિદ શેખ (૫૦) અને પિન્ટ્યા ઉર્ફે પ્રશાંત દત્તાત્રય સારંગધર (૫૨)ને નિર્દોષ જાહેર કર્યા હતા.

અન્ય એક આરોપી બાલુ શિપાઈ ઉર્ફે ખરડીકર ખટલા દરમિયાન મૃત્યુ પામ્યો હોવાથી તેની સામેનો કેસ પડતો મુકાયો હતો.

તપાસકર્તા પક્ષ વિવિધ કારણોસર અન્ય સાક્ષીઓની હાજરી સુનિશ્ચિત કરવામાં અસમર્થ રહ્યો હોવાની નોંધ કોર્ટે કરી હતી. જે બે સાક્ષીએ જુબાની આપી હતી તે પણ મદદરૂપ નહોતી.

એ સ્પષ્ટ થાય છે કે તપાસકર્તા પક્ષ આરોપીઓ સામે લગાવવામાં આવેલા આરોપ પુરવાર કરવામાં નિષ્ફળ ગયો છે. પરિણામે તેમને નિર્દોષ છોડવામાં આવે છે. (પીટીઆઇ)■

# મીરા-ભાયંદરમાં કચરાના ટ્રકમાં ગણેશ મૂર્તિઓનું પરિવહન, ભક્તોમાં રોષ

ભાયંદરઃ હાલ દેશમાં ગણેશોત્સવની ઉજવણી થઇ રહી છે અને દોઢ, ત્રણ અને પાંચ દિવસના ગણપતિનું વિસર્જન થઈ ચૂક્યું છે. ત્યારે મીરા ભાયંદરમાં એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે જ્યાં કૃત્રિમ તળાવમાં વિસર્જિત ગણેશ મૂર્તિઓને કચરાના ટ્રકમાં લઈ જવામાં આવી રહી છે. આનાથી ગણેશ ભક્તોમાં તીવ્ર રોષ ફેલાયો છે. આ વર્ષે મીરા ભાયંદર મ્યુનિસિપલ કોર્પોરેશને છ ફૂટથી નીચેની બધી ગણેશ મૂર્તિઓનું કૃત્રિમ તળાવમાં વિસર્જન કરવાનો નિર્ણય લીધો છે.

આ માટે શહેરમાં ૩૫ જેટલા કૃત્રિમ તળાવો બનાવવામાં આવ્યા છે. ભક્તો આ તળાવોમાં વિસર્જન કરી રહ્યા છે, પરંતુ આ પ્રક્રિયાને કારણે ઘણી અસુવિધાઓ થઈ રહી હોવાની ફરિયાદો સતત આવી રહી છે. વિસર્જન દરમિયાન મૂર્તિના અપવિત્ર થવા પર ગણેશ ભક્તોએ નારાજગી વ્યક્ત કરી છે. પોલીસ વહીવટીતંત્રે પણ મહાનગરપાલિકાના આ ગેરવહીવટ સામે વાંધો ઉઠાવ્યો છે. દરમિયાન એવું બહાર આવ્યું છે કે કાશીમીરામાં જરીમરી તળાવ પાસે બનેલા કૃત્રિમ તળાવમાં વિસર્જિત મૂર્તિઓને કચરાના ટ્રકમાં લઈ જવામાં આવી રહી છે. મ્યુનિસિપલ કોર્પોરેશને કૃત્રિમ તળાવોમાં વિસર્જન કરાયેલી મૂર્તિઓને રાખવા માટે મીરા રોડના શિવાર ગાર્ડન પાસે એક કેન્દ્ર સ્થાપ્યું છે. આ કેન્દ્રમાં મૂર્તિ લાવવા માટે એક મોટી ટ્રકની વ્યવસ્થા કરવામાં આવી છે અને ત્યારબાદ તેના પર પ્રક્રિયા કરવાની યોજના છે. જોકે કાશીમીરા વિસ્તારમાં મૂર્તિઓને દુર્ગંધ મારતા કચરાના ટ્રકમાં લઈ જવામાં આવી રહી હોવાથી સ્થાનિક ગણેશ ભક્તો ગુસ્સે ભરાયા છે. એવું સામે આવ્યું છે કે કૃત્રિમ તળાવ અને તેની આસપાસ પીઓપી કાદવ ફેલાઈ રહ્યો છે. ■


## ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



**ગં. સ્વરૂપ કોકિલાબેન ધીરજલાલ મહેતા** (ઉંમર વર્ષ ૯૭)

(નવાપુરવાળા હાલ પાર્લા), તા. ૩૧.૮.૨૦૨૫ રવિવાર ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે, તેમની પ્રાર્થના સભા - વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, પાર્લા વેસ્ટ, મુંબઈ. ગુરુવાર, તા. ૦૪.૦૯.૨૦૨૫ ને સાંજે ૫ થી ૬.૩૦ કલાકે અને સરવણી ઘર મેળે રાખેલ છે.

**શ્રદ્ધા સુમન**

પતિ : સ્વ. ધીરજલાલ ચુનીલાલ મહેતા
પુત્ર અને પુત્રવધુ : સ્વ. વિજયભાઈ અને ગં. સ્વ. કેતકીબેન વિજયભાઈ મહેતા
શ્રી. વિનયભાઈ અને અ.સૌ. હર્ષાબેન વિનયભાઈ મહેતા
પુત્રી અને જમાઈ : અ.સૌ. વંદનાબેન અને શ્રી.કિશોરભાઈ મહેતા
અ.સૌ. જ્યોત્સ્નાબેન (રૂપાબેન) અને શ્રી.દિલીપભાઈ મહેતા
પૌત્ર અને પૌત્ર વધુ : શ્રી. ચિંતન વિજય મહેતા અને અ.સૌ. હિરલ ચિંતન મહેતા
શ્રી. અપૂર્વ વિનય મહેતા અને અ.સૌ. ડિમ્પી અપૂર્વ મહેતા
પૌત્રી : અ. સૌ. મેધા જીગર ઠક્કર અને અ. સૌ. દિશા પ્રતીક ગાંધી
પરપૌત્ર : ચી. ક્રિદાન ચિંતન મહેતા અને ચી. ઈશાન જીગર ઠક્કર
પરપૌત્રી : ચી. સલૌની અપૂર્વ મહેતા અને ચી. મૌસમ અપૂર્વ મહેતા
પિયર પક્ષ : સ્વ. છગનલાલ મોહનલાલ દલાલ. (નવાપુર)

DELIGHT

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# છેલ્લા પાનાનું ચાલુ

## મુંબઈમાં

સુધીના આઠ મહિનામાં મલેરિયાના ૪,૦૨૧ કેસ સામે આ વર્ષે આ સમયગાળામાં ૫,૭૦૬ કેસ નોંધાયા હતા. ડેન્ગ્યુના ગયા વર્ષે ૧,૯૭૯ કેસ સામે આ વર્ષે ૨,૩૧૯ કેસ, ચિકનગુનિયાના ૨૧૦ કેસ સામે આ વર્ષે ૪૮૫ કેસ, લેપ્ટોના ૫૫૩ સામે આ વર્ષે ૪૭૧ કેસ નોંધાયા હતા. જ્યારે ગેસ્ટ્રોના ગયા વર્ષે જાન્યુઆરીથી ઑગસ્ટ્ સુદીમાં ૬,૧૩૩ કેસ સામે આ વર્ષે આ સમયગાળામાં તેમાં ઘટાડો થયો છે અને આ સમયગાળામાં ફક્ત ૫,૭૭૪ કેસ નોંધાયા હતા. હેપેટાઈટીસના ગયા વર્ષે ૬૬૨ કેસ સામે આ વર્ષે ૮૧૦ કેસ અને કોવિડના ૧,૭૭૫ કેસ સામે આ વર્ષે આ સમયગાળામાં ૧,૧૧૧ કેસ નોંધાયા છે. ચોમાસા દરમ્યાન મચ્છરોની ઉત્પત્તિ વધી જતી હોય છે, તેથી આ સમયગાળા દરમ્યાન પાલિકા દ્વારા ખાસ ‘ઝીરો મોસ્કીટો બ્રિડીંગ કેમ્પેઈન’ હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં વોર્ડ સ્તરે ૩,૨૮૪ હાઉસિંગ સોસાયટી અને ૨૬૪ સ્કૂલ તથા ૫૪૫ બિલ્ડિંગને આવરી લેવામાં આવી હતી.

## મોટા ભાગની

માટે પાંચ માગણીઓ કરી હતી. આ અંગે, મરાઠા સબકમિટી દ્વારા જરાંગેને આઠ દરખાસ્તો આપવામાં આવી હતી. હૈદરાબાદ ગેઝેટ તાત્કાલિક લાગુ કરવામાં આવશે. પેટા સમિતિએ એવું પણ વચન આપ્યું છે કે ડ્રાફ્ટમાં ઉલ્લેખિત બાબતો પર તાત્કાલિક જીઆર જારી કરવામાં આવશે.

પેટા સમિતિએ માગણીઓ સ્વીકાર્યા પછી જીઆર તાત્કાલિક જારી કરવામાં આવે એમ જણાવતાં મનોજ જરાંગેએ કહ્યું કે જીઆર જારી થયાના એક કલાકમાં મુંબઈ ખાલી કરવામાં આવશે. મરાઠાઓની માગણીઓ સ્વીકારાયાની જાહેરાત બાદ આંદોલનકારીઓએ ભારે શોરબકોર કર્યો હતો.

મરાઠા સબકમિટીએ વચન આપ્યું હતું કે જો મનોજ જરાંગે આ માગણીઓ સ્વીકારે છે, તો તેનો તાત્કાલિક જીઆર બહાર પાડશે અને તેનો અમલ કરશે, પરંતુ મનોજ જરાંગેની મુખ્ય માગણી પર કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી કે મરાઠા અને કુણબી એક જ છે. આ પ્રક્રિયા જટિલ હોવાથી, પેટા સમિતિએ તેમને એક કે બે મહિનાનો સમય આપવાની વિનંતી કરી છે.

## મરાઠાઓના

મુંબઈના આઝાદ મેદાનમાં ભાજપના વરિષ્ઠ પ્રધાન અને મરાઠા અનામત પર કેબિનેટ સબ-કમિટીના વડા રાધાકૃષ્ણ વિખે-પાટીલના હસ્તે ફળોના રસનો ગ્લાસ સ્વીકાર્યો હતો.

‘હું નાયબ મુખ્ય પ્રધાનો (એકનાથ શિંદે અને અજિત પવાર) તેમજ રાધાકૃષ્ણ વિખે-પાટિલનો આભાર માનું છું, જેઓ કેબિનેટ સબ-કમિટી (મરાઠા ક્વોટા)ના વડા છે,’ એમ તેમણે કહ્યું હતું.

ફડણવીસે કહ્યું કે સરકારે પ્રદર્શનકારીઓને કહ્યું હતું કે જાતિ પ્રમાણપત્ર વ્યક્તિઓને આપી શકાય છે, સમુદાયને નહીં.

## મનોજ જરાંગેની

હશે, તો સરકારી નોકરીઓ આપવામાં આવશે.

૪) કાયદાને અનુરૂપ અનામત આપો.

સરકારનો જવાબ - મરાઠા અનામત અંગે સરકારની સમિતિએ અંતિમ મુસદ્દો તૈયાર કર્યો છે.

૫) ૫૮ લાખ કુણબીઓના રેકોર્ડ ગ્રામ પંચાયતમાં સબમિટ કરો જેથી લોકોને ખબર પડે કે રેકોર્ડ મળી ગયા છે. આજે બીજી તારીખ છે, હવે તે પસાર થઈ ગઈ છે, આદેશ જારી કરો, ઘણા પ્રમાણપત્રો માન્યતામાં અટવાયેલા છે, તેના પર નિર્ણય લો

જવાબ - અમને જેટલા પ્રમાણપત્રો મળશે તે તાત્કાલિક આપવાનો નિર્ણય લઈશું. હવે તેમને વધુ માનવસંસાધનો આપવામાં આવ્યા છે, કામ ઝડપથી કરવામાં આવશે

૬) મરાઠા કુણબીઓ એક છે. એનો અમલ થવો જોઈએ,

જવાબ - તે જટિલ છે, તેમાં સમય લાગશે, તેમાં ૧-૨ મહિના લાગશે

૭) સગે સોયરે (સંબંધીઓ) અંગે નિર્ણય લો

જવાબ - તેમાં સમય લાગશે, ૮ લાખ ખોટા રેકોર્ડ છે, તેના માટે સમય લાગશે

૮) જે વ્યક્તિના સગેસોયરેનો રેકોર્ડ મળી આવ્યો છે તેને સગેસોયરે તરીકે માન્યતા આપો

## રાજ્ય સરકારે

આંદોલકોને પોલીસ/વહીવટીતંત્ર ફક્ત મૂક પ્રેક્ષક બનીને જોઈ રહી હતી.

બોમ્બે હાઈ કોર્ટે જ્યારે સ્થિતિ પોતાના હાથમાં લઈને મરાઠા આંદોલકો સામે ચાબુક વિંઝ્યો અને સુનિશ્ચિત થઈ ગયું કે હવે મુંબઈગરાને આ ત્રાસમાંથી મુક્તિ મળશે ત્યારે અચાનક રાજ્ય સરકારે જરાંગે-પાટીલની બધી માગણીઓ સ્વીકારી લેતાં એવો સવાલ થાય છે કે જો સરકારે નમતું જ જોખવાનું હતું તો પાંચ દિવસ સુધી મુંબઈગરાને હેરાન કેમ કર્યા હતા? આની પાછળ શું રાજરમત હતી? શું ફડણવીસની સ્થિતિ કમજોર કરવાનું કાવતરું હતું કે પછી મરાઠા નેતાઓનું દબાણ જવાબદાર હતું.

રાજકીય નિરિક્ષકોના માનવા મુજબ જે રીતે જરાંગે પાટીલનું વલણ પહેલા જ દિવસથી મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ વિરોધી હતું તેના પરથી સ્પષ્ટ થઈ રહ્યું હતું ફડણવીસને મુશ્કેલીમાં મુકવાના હેતુથી જ આ આંદોલન કરવામાં આવી રહ્યું છે. એમાંય જે રીતે રાજ્યના બંને નાયબ મુખ્ય પ્રધાનો મુંબઈની બહાર જતા રહ્યા હતા તેમાં પણ ફડણવીસને સમસ્યામાં ફસાવવાનો કારસો દેખાતો હતો. અહીં ઉલ્લેખનીય છે કે બંને નાયબ મુખ્ય પ્રધાનો એકનાથ શિંદે અને અજિત પવાર આંદોલન કરી રહેલા મરાઠા સમાજના જ છે. અન્ય કેટલાક રાજકીય નિરીક્ષકોનું માનવું છે કે જરાંગે-પાટીલના અપશબ્દો અને વર્તનથી મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ ખાસ્સા નારાજ હતા અને તેઓ મરાઠા આંદોલન સમક્ષ નમતું જોખવા તૈયાર નહોતા, પરંતુ રાજ્યના મરાઠા સમાજના નેતાઓના દબાણ સામે તેમને ઝૂકવાની ફરજ પડી હતી. ભાજપના પીઢ નેતા ચંદ્રકાંત પાટીલ આંદોલનકારીઓને અનૂકૂળ ન હોવાથી તેમને હટાવીને એનસીપીમાંથી આવેલા રાધાકૃષ્ણ વિખે-પાટીલને વિધાનભવનની પેટા-સમિતિના અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા અને જસ્ટિસ શિંદેની અન્ય પેટા-સમિતિને જરાંગે-પાટીલ સાથે વાટાઘાટો માટે મોકલવામાં આવી હતી.

હૈદરાબાદ ગેઝેટને લાગુ કરવાનો નિર્ણય અને સગેસોયરે (સગાંસંબંધી) અને વંશાવળીનો નિર્ણય પહેલાં પણ લઈ શકાયો હોત અને બાકીના આશ્વાસનો પહેલાં પણ આપી શકાયા હોત, પરંતુ જાણી જોઈને આ નિર્ણય લેવામાં વિલંબ કરવામાં આવ્યો હતો.

એક રાજકીય વિશ્લેષકે એ બાબત પ્રત્યે ધ્યાન દોર્યું હતું કે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ જ્યારે મુંબઈ આવ્યા હતા ત્યારે સહ્યાદ્રી અતિથિગૃહમાં તેમણે એકનાથ શિંદે સાથે ખાનગી બેઠક કરી હતી. આ બેઠક બાદ તરત જ એકનાથ શિંદે પોતાના વતન સાતારાના દરે ગામ જવા રવાના થઈ ગયા હતા. આ કદાચ રાજરમતના સૂચિતાર્થ હોઈ શકે છે.

## હૈદરાબાદ

મરાઠા સમુદાય માટે નોકરીઓ અને શિક્ષણમાં અનામત મેળવવા માટે મુંબઈના આઝાદ મેદાનમાં શરૂ કરાયેલી ભૂખ હડતાળના પાંચમા દિવસે કેબિનેટ મંત્રીઓ અને કાર્યકર મનોજ જરંગેના પ્રતિનિધિમંડળ વચ્ચેની વાટાઘાટોમાં સફળતા પછી સામાજિક ન્યાય અને વિશેષ સહાય વિભાગ દ્વારા સરકારી ઠરાવ (જીઆર) જારી કરવામાં આવ્યો હતો.

જીઆરમાં જણાવાયું છે કે, ‘હૈદરાબાદ ગેઝેટમાં સમાવિષ્ટ ઐતિહાસિક સંદર્ભો અનુસાર, દસ્તાવેજોની ચકાસણી કરવા અને કુણબી જાતી પ્રમાણપત્રો માટે મરાઠા સમુદાયના વ્યક્તિઓની યોગ્યતા સ્થાપિત કરવા માટે એક સમર્પિત ચકાસણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. સમિતિ ખાતરી કરશે કે દરેક દાવાનું સમયબદ્ધ અને પારદર્શક રીતે મૂલ્યાંકન કરવામાં આવે.’

પેનલમાં ગ્રામ સેવક, તલાટી (મહેસૂલ અધિકારી) અને સહાયક કૃષિ અધિકારીનો સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવશે. આ અધિકારીઓ મરાઠા સમુદાયના અરજદારોના દસ્તાવેજી દાવાઓની ચકાસણી કરશે અને તેમના તારણો સક્ષમ અધિકારીને સુપરત કરશે, એમ પણ જીઆરમાં કહેવામાં આવ્યું છે.

## બસની તોડફોડ

ઉદ્ધત વર્તન કર્યું હતું. કર્મચારીઓએ તાત્કાલિક પોલીસ કન્ટ્રોલ રૂમને જાણ કરી હતી. જોકે પોલીસ ઘટનાસ્થળે પહોંચે તે પહેલાં આંદોલનકારીઓ અને પ્રવાસી રફુચક્કર થઈ ગયા હતા.

સંબંધિત ઘટનાનો વીડિયો બાદમાં સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો. વીડિયોમાં કાર્યકરો પ્રવાસીને બેરહેમીથી મારતા નજરે પડે છે. ઘટનાની ગંભીર નોંધ લઈ જૂહુ પોલીસે સોમવારની મોડી સાંજે ૧૦થી ૧૨ કાર્યકર વિરુદ્ધ મારપીટ અને દંગલ મચાવવાનો ગુનો નોંધ્યો હતો. પોલીસ વીડિયોની મદદથી આરોપીઓની ઓળખ મેળવી રહી છે. (પીટીઆઈ)

## હાઈ કોર્ટે

અધિકારથી ત્યાં બેઠા છો? એમ હાઈ કોર્ટે જરાંગેના વકીલોને પુછ્યું હતું.

બીજી તરફ સરકાર પ્રત્યે અત્યંત આકરું વલણ અપનાવતાં કહ્યું હતું કે, ‘તમે હજુ સુધી આઝાદ મેદાન અને આસપાસનો વિસ્તાર કેમ ખાલી કરાવી શક્યા નથી? ત્યાંથી પ્રદર્શનકારીઓને દૂર કરવા માટે તમારે જરાંગેની મદદ કેમ લેવી પડી છે?’

આવા સવાલ ઉપસ્થિત કરીને હાઇ કોર્ટે રાજ્ય સરકારને પણ કઠોર શબ્દોમાં ઝાટકી હતી. દરમિયાન, આ કેસની સુનાવણી બુધવારે સવારે ૧૧ વાગ્યા સુધી મુલતવી રાખવામાં આવી હતી. મનોજ જરાંગેના વકીલોએ આ માટે કોર્ટને વિનંતી કરી હતી.

આ સુનાવણી દરમિયાન હાઇ કોર્ટમાં મનોજ જરાંગે અને મરાઠા પ્રદર્શનકારીઓનું પ્રતિનિધિત્વ જાણીતા વકીલ સતીશ માનેશિંદેએ કર્યું હતું. આ સમયે કોર્ટે માનેશિંદે અને રાજ્ય સરકારને ઠપકો આપ્યો હતો.

### કોર્ટમાં શું થયું?

બોમ્બે હાઇકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ ચંદ્રશેખરઃ તમે કોની પરવાનગીથી ત્યાં બેઠા છો? તમે ત્યાં બેસીને કોર્ટનો નિર્ણય બદલી શકતા નથી.

સતીશ માનેશિંદેઃ ૯૦ ટકા આંદોલનકારીઓ મુંબઈ છોડી ગયા છે. તેમના વાહનો પણ નવી મુંબઈ તરફ રવાના થઈ ગયા છે.

જસ્ટિસ ચંદ્રશેખરઃ પણ તમે હજુ પણ ત્યાં કેમ બેઠા છો? શું તમે ત્યાં બેસીને કેમ્પ લગાવી શકો છો? તમને ત્યાં ફક્ત ૨૪ કલાક માટે ઉપવાસ કરવાની પરવાનગી આપવામાં આવી હતી. પણ તમે હજુ પણ ત્યાં બેઠા છો. તમે બીજી જગ્યાએ કેમ ન જઈ શકો?

સતીશ માનેશિંદેઃ અમે હવે વિરોધ પ્રદર્શનનું સ્થાન બદલી શકતા નથી. હવે તે પાંચ હજાર લોકોને સાથે લઈને બીજે ક્યાંય જવું શક્ય નહીં બને.

ન્યાયાધીશ ચંદ્રશેખરઃ શું તમે ૫,૦૦૦ લોકો સાથે ત્યાં બેસીને ઉકેલ શોધવાના છો? તમારે તમારા બધા ૫,૦૦૦ લોકોને ત્યાંથી જવા માટે કહેવું પડશે. તમે આટલા બધા લોકો સાથે ત્યાં બેસી શકતા નથી.

સતીશ માનેશિંદેઃ સાહેબ, સરકારી સ્તરે ચર્ચા ચાલી રહી છે. એવું લાગે છે કે ટૂંક સમયમાં ઉકેલ મળી જશે. અમને થોડો સમય આપો.

ન્યાયાધીશ ચંદ્રશેખરઃ બધા સમર્થકો મનોજ જરાંગે જે કહે છે તે ચોક્કસપણે સાંભળશે. અમારે જોવું પડશે કે તમે ત્યાં કેટલો સમય બેસી શકો છો.

સતીશ માનેશિંદેઃ શું તમે કૃપા કરીને આ મામલાની સુનાવણી કાલ સવાર (બુધવાર) સુધી મુલતવી રાખી શકો છો? અમે તમને ખાતરી આપી શકીએ છીએ કે કાલ સવાર (બુધવાર) સુધી કોઈ અનિચ્છનીય ઘટના નહીં બને.

ન્યાયાધીશ ચંદ્રશેખરઃ કાયદાનું શાસન જાળવી રાખવું જોઈએ. તમે કોર્ટના આદેશ પર ત્યાં બેઠા હતા. તેથી, અમે તમને બળજબરીથી ત્યાંથી દૂર કરવા માંગતા નથી, પરંતુ તમારે કાયદાનું પણ સન્માન કરવું જોઈએ.

સતીશ માનેશિંદેઃ કૃપા કરીને સુનાવણી આવતીકાલે (બુધવારે) સવારે ૧૧ વાગ્યા સુધી મુલતવી રાખો અને અમને થોડો સમય આપો. અમે પ્રદર્શનકારીઓને સંદેશ પહોંચાડીશું. લાઉડસ્પીકર દ્વારા. મોટાભાગના વિરોધીઓ મુંબઈ છોડીને ચાલી ગયા છે.

જસ્ટિસ ચંદ્રશેખરઃ તમે (મનોજ જરાંગે) એક પ્રભાવશાળી વ્યક્તિત્વ છો. લોકો પર તમારો ઘણો પ્રભાવ છે. તમારી વિનંતી મુજબ, અમે આ મામલો આવતીકાલ (બુધવાર) સવાર સુધી મુલતવી રાખીએ છીએ. આ મામલે આગામી સુનાવણી આવતીકાલે (બુધવારે) સવારે ૧૧ વાગ્યે થશે.

## આઝાદ મેદાનમાં

અને મરાઠા રાજા છત્રપતિ શિવાજી મહારાજના નારા સાથે મેદાન ગુંજી ઉઠ્યું હતું. લોકોના ટોળા હલગી (પરંપરાગત ડ્રમ)ના તાલે નાચતા જોવા મળ્યા હતા. અનેક લોકોએ રાહતનો શ્વાસ લઈ ભવિષ્ય ઉજળું બનવાના સંકેત આપ્યા હતા.

મુંબઈ મહાનગરપાલિકા, છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ અને આઝાદ મેદાનની આસપાસના વિસ્તારો સામે ભગવા સ્કાર્ફ પહેરીને ઉમટી પડેલી જનમેદની હવામાં ગુલાલ ફેંકીને બેન્ડ મ્યુઝિક વગાડતા જોવા મળી હતી. (પીટીઆઈ)

# હિન્દુ મરણ

**દશા શ્રીમાળી વણિક**

અંધેરી નિવાસી સ્વ. ભાનુભાઇ વ્રજલાલ વસનજી શેઠ (ઉં. વ. ૯૧) તા. ૩૧ ઓગસ્ટ રવિવારના શ્રીજીચરણ પામેલ છે. તે ગં. સ્વ. નિલુબેનના પતિ. હીના નીતા પરાગ જયેશના પિતાશ્રી. સૌ. શિલ્પા સ્વ. મનીષાના સસરા. ચૂનીલાલ દવાવાલાના જમાઇ. આનીયા પ્રિતેશના દાદા. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩-૯-૨૫ના બુધવારના ૫.૩૦થી ૭. ઠે. આલા મોડ બેન્કવેટ્સ ગુલમોહર ક્રોસ રોડ નં.૯, જે.વી.પી.ડી. સ્કીમ, મુંબઇ-૬૯.

**કપોળ**

જાનબાઇ દેરડીવાળા સ્વ. લીલાવતી દુલેરાય છગનલાલ મહેતાના પુત્ર દિલીપભાઇ મહેતા (ઉં. વ. ૭૬) તા. ૧-૯-૨૫ સોમવારે શ્રીજીચરણ પામ્યા છે. તે સરોજબેનના પતિ. હેતલ, સિદ્ધાર્થ, નિકીતાના પિતાશ્રી. અતુલ અનંતરાય મહેતાના સસરા. ગં. સ્વ. હંસાબેન હરેશભાઇ પારેખ, બીપીનભાઇના ભાઇ. ભાવનગરવાળા ગં. સ્વ. મંજુલાબેન માણેકલાલ પરમાણંદદાસ મોદીના જમાઇ. શિવમ, જીલ, દીતી, હીયા, આર્યા, આહનાના દાદા. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૪-૯-૨૫ના સાંજે ૪.૩૦થી ૬.૩૦. ઠે. રાજસ્થાન સંમેલન, દુર્ગાદેવી સરાફ હોલ, એસ. વી. રોડ, મલાડ (વેસ્ટ).

**ચોર્યાસી મેવાડા બ્રાહ્મણ**

મુંબઇ નિવાસી ભરતભાઇ અનંતરાય જોશીના ધર્મપત્ની ભારતીબેન જોશી (ઉં. વ. ૬૫) તા. ૩૦-૮-૨૫ શનિવારના અવસાન થયેલ છે. તે જયેન્દ્રભાઇ, ઉમેશભાઇ, ગં. સ્વ. કિરણબેન, અ. સૌ. ગીતાબેનના ભાભી. તે વસઇ નિવાસી સ્વ. હરિ કૃષ્ણ કાનજી આચાર્યના પુત્રી. તે સ્વ. ઇન્દ્રજીતભાઇ, મધુસુદનભાઇ, બીપીનભાઇ, ગં. સ્વ. દમયંતિબેન રાઉલ, સૌ. કલ્પનાબેન ભટ્ટની બહેન. પ્રાર્થનસભા તા. ૪-૯-૨૫ના ગુરુવારના સાંજે ૪થી ૬. ઠે. સ્વસ્તિક પાર્ક, ૩૨૭, બી-વિંગ, રૂમ. નં. ૩૦૪, જવાહરનગર, ગોરેગાંવ (વેસ્ટ).

**વીસા સોરઠીયા વણિક**

મોટા કાલાવડવાલા ભગવાનદાસ લક્ષ્મીચંદ શાહના ધર્મપત્ની દેવયાનીબહેન (ઉં. વ. ૭૬) તા. ૩૧-૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. બીજલ તથા કશ્યપના માતુશ્રી. ચૈતાલીના સાસુ. રીશી તથા વિવાનના દાદી. માધવપુરવાળા દેવીદાસ વીરચના પુત્રી. સ્વ. પ્રવીણભાઇ, સ્વ. કિશોરભાઇ, સ્વ. હસમુખભાઇ, હરકીશનભાઇ તથા ઉષાબેનના ભાભી. નિરંજનભાઇ, જયકાન્તભાઇ, વિજયભાઇ તથા સ્વ. પારુના બહેન. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ છે.

**દશનામ ગોસ્વામી**

જાનકીબેન જયરાજપુરી ગોસ્વામી ગામ કાંઠડા (માંડવીવાળા) હાલ ડોમ્બિવલીના જયેષ્ઠ પુત્ર સ્વ. કુમારપુરી જયરાજપુરી ગોસ્વામી (ઉં. વ. ૩૬) તા. ૧-૯-૨૫ના સોમવારે કૈલાસવાસ પામ્યા છે. સ્વ. લક્ષ્મીબેન કરસનપુરી અને ગં. સ્વ. ગુણવંતીબેન દેવપુરીના પૌત્ર. દિક્ષીતાબેનના પતિ. ભરતપુરી, ધીરેનપુરી, જયેશપુરી, અમીતપુરીના ભાઇ. સ્વ. તુલસાબેન કલ્યાણગર ડુંગરગર (કોઠારાવાળા)ના દોહિત્ર. ગં. સ્વ. ભગવતીબેન બાલગીરી (માંડવીવાળા)ના જમાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

દામનગર નિવાસી હાલ ચર્નીરોડ સ્વ. લીલાવતીબેન ચંપકલાલ ઝવેરચંદ અજમેરાના સુપુત્ર દિપકભાઇ (ઉં.વ. ૭૪) રવિવાર તા. ૩૧-૮-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે હંસાબેનના પતિ. તેજસ, હેમાલી, ભક્તિના પિતાશ્રી. પરેશભાઇ કોઠારી, ચિરાગભાઇ શાહ, શ્રદ્ધા તેજસના સસરાજી. તે કિર્તીભાઇ, સરયુબેન, નિરંજન બોટાદરા તથા ભારતીબેન જય પ્રકાશ મહેતાના ભાઇ. તળાજા નિવાસી (હાલ વિરાર) સ્વ. કૈલાસબેન અમૃતલાલ સરવૈયા (શાહ)ના જમાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૪-૯-૨૫ના ૩.૩૦થી ૫.૩૦. ઠે. લાડ જ્ઞાતિ હોલ, ૨૬-એ, વી. પી. રોડ, સી. પી. ટેન્ક સર્કલ, નીયર ભુલેશ્વર, ચર્નીરોડ, (ઇસ્ટ).

**કપોળ**

રાજુલાવાળા હાલ મુલુંડ સ્વ. કાંતિલાલ આણંદજી સંઘવીના ધર્મપત્ની મૃદુલાબેન (ઉં. વ. ૯૫) તા. ૩૧-૮-૨૫ રવિવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. શાન્તાબેન ભીખાલાલ સંઘવીના દેરાણી. સ્વ. હર્ષાબેન, નિતીન, રાજેશ, કિશોર તથા શૈલેષના માતુશ્રી. જયોત્સના, સ્વ.રમીલા, પ્રિતી તથા સોનલના સાસુ. ડો. હીરલ તથા યશના દાદી. પિયર પક્ષ સ્વ. પ્રેમજી લાલજી મહેતાના દીકરી. જાફરાબાદવાળા પ્રાર્થનાસભા તા. ૪-૯-૨૫ ગુરુવારના સાંજે ૪થી ૬. ઠે. ડી-૨, પરમેશ્વરી સેન્ટર, રીવાઇન્જ જીમની બાજુમાં, અચીજા હોટલની ગલીમાં નંદનવન ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, મુંબઇ (વે). લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**બાલાસિનોર દશાનીમા વણિક**

હાલ મુંબઇ સ્વ. ઇચ્છાબેન મણીલાલ શાહ (જાટ)ના પુત્ર નવનીતલાલ (ઉં.વ. ૧૦૧) તે સ્વ.ઇન્દુબેનના પતિ. નયનાબેન, દીપકભાઇ, પૌલોમીબેન, સ્વ. પારુલબેન, તૃપ્તિબેન, રાજીવભાઇના પિતાશ્રી. શશીકાંતભાઇ, નંદિનીબેન, સુધીરકુમાર, સ્વ. સુરેનકુમાર, કમલેશકુમાર, સંગીતાબેનના સસરા. સ્વ. કલાવતીબેન, સ્વ. મધુબેન, સ્વ. મંજુલાબેન, સ્વ. પ્રવિણભાઇ તથા શર્મિષ્ઠાબેનના ભાઇ. સ્વ. બુનીબેન મણિલાલ મહેતાના જમાઇ. સોમવાર તા. ૦૧-૯-૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા બુધવાર, તા. ૩-૯-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. વનિતા વિશ્રામ, ૩૯૨, એસ. વી. પી. રોડ, પ્રાર્થનાસમાજ, મુંબઇ-૪. લૌકિક વ્યવહાર બંધ છે.

**સુરતી દશા શ્રીમાળી વણિક**

હાંસોટ નિવાસી હાલ મુંબઇ ચિ. હિતેશ દેસાઇ (ઉં. વ. ૬૩) તે સ્વ. કૈલાસબેન નલીનકાંત દેસાઇના પુત્ર. અ. સૌ. બ્રિન્દા વિરેન મહેતા તથા મેઘા (મુન્ની) અજમેરાના નાનાભાઇ. ચિ. કુનાલ, અપૂર્વ, તે દર્શનના મામા. તા. ૩૧-૮-૨૫ રવિવારના શ્રીજીચરણ પામેલ છે, લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ કરાચીના હાલ મુંબઇ નિવાસી ચુનીલાલ મગનલાલ ભોજાણી (ઉં. વ. ૯૩) તે સ્વ. કુમુદ ભોજાણીના પતિ. નીતિન, સ્વ. જીજ્ઞા રૈયાણી, રાજેશના પિતા. ચેતના નીતિન, હર્ષદ દેવચંદભાઇ રૈયાણી, સંગીતા રાજેશના સસરા. પ્રિયંકા, વિશેષ, ઉદિત, રોમાના દાદાજી. દેવાંગ, ભારતી, કૃપાલી, મેગનાથના નાનાજી. તા. ૧. સપ્ટેમ્બરના સોમવારે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠિયા વણિક**

આકોલા નિવાસી હાલ બોરીવલી રજનીકાંત નાથાલાલ કુલર (ઉં.વ.૮૬) સોમવાર તા. ૧-૯-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે ભાનુમતીબેનના પતિ. અનીલ સુનીલ, રાકેશના પિતા. મમતા, બીનીતા, જયોતીના સસરા. સ્વ. રમેશભાઇ અને મહેન્દ્રભાઇ, સ્વ.પુષ્પાબેન વૈદ્ય, અને અ. સૌ. હંસાબેન કઢીના ભાઇ. તે સ્વ. જમકુબેન પ્રેમચંદ કાચલીયાના જમાઇ. સ્વ. પ્રભુદાસ શ્રીમાંકર, સ્વ. પ્રમોદભાઇ શેઠ, સ્વ. મોહનભાઇ વૈષ્ણવના વેવાઇ. પ્રાર્થનાસભા તા. ૪-૯-૨૫ના ગુરુવારના ૫થી ૭. ઠે. કોરા કેન્દ્ર હોલ, ગોલ્ડન ડેલેક્સી હોટલની પાસે, દલવી નગર, શિંપોલી રોડ, બોરીવલી (વેસ્ટ).

**કપોળ**

નવાપુરવાળા હાલ જુહુ પાર્લા, સ્વ. ધીરજલાલ ચુનીલાલ મેહતાના ધર્મપત્ની ગં.સ્વ. કોકિલાબેન (ઉં. વ. ૯૭) તા. ૩૧-૮-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સૌ. વંદના કિશોર મેહતા, સ્વ. વિજય, વિનય, સૌ. જ્યોત્સ્ના (રૂપા) દિલીપ મેહતાના માતુશ્રી. ગં. સ્વ. કેતકી, અ. સૌ. હર્ષાના સાસુ. ચિંતન, સૌ. હિરલ, અપૂર્વ, સૌ. ડિમ્પી, સૌ. મેઘા જીગર ઠક્કર, સૌ. દિશા પ્રતીક ગાંધીના દાદી. નવાપુરવાળા સ્વ. છગનલાલ મોહનલાલ દલાલના દીકરી. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૪-૮-૨૫ને ૫ થી ૬.૩૦. વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, પાર્લા વેસ્ટ.

**કપોળ**

શિહોર નિવાસી હાલ કાંદિવલી, સ્વ. લીલાવંતીબેન બાલુભાઈ ભૂતાનાં સુપુત્ર ભુપેન્દ્રભાઈ (ઉં. વ. ૮૩) તા. ૩૦/૮/૨૫ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. તે અરુણાબેનના પતિ. સ્વ. હિરાલક્ષ્મીબેન, સ્વ. ધીરજલાલ, સ્વ. અનસુયાબેન, સ્વ. મંજુલાબેનના ભાઈ. ભાવના ચંદ્રેશ સંઘવી, જ્યોતિ ભાવિન ઠક્કર, હેમા મહેશ શાહના પિતા. સ્વ. મોતીલાલ જમનાદાસ ભૂતાનાં જમાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ગામડિયા દરજી**

પેણ નિવાસી લક્ષ્મીબેન રેકડીયા (ઉં. વ. ૭૫) ૨૬/૮/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. જગમોહન ગોપાલજી રેકડીયાના ધર્મપત્ની, સ્વ. દયારામ, પ્રવીણભાઈ, રમેશભાઈ, મનુભાઈ, જયેશભાઈ, સ્વ. વીણાબેન, દક્ષાબેનના ભાભી. પ્રફુલ, જયશ્રી, સીતા, નીતા, ગીતાના માતા. મધુના સાસુ. સ્વ. મગનલાલ રણછોડદાસ વાપીવાળાના દીકરી.

**દશ ગામ પંચાલ જ્ઞાતિ**

મૂળ ગામ કિલ્લા પારડી, હાલ કાંદિવલી, અ. સૌ. સવિતાબેન પંચાલ (ઉં. વ. ૭૯) તે કાંતિલાલ ઝિણાભાઈ પંચાલના ધર્મપત્ની, સુનિલ, સોનલ, રુપાના માતૃશ્રી. સ્વ. હરીશકુમાર ચંદુલાલના સાસુ. મનિષા સુનિલના સાસુ. સુશીલ, ખ્યાતિ, વૈશાલીના નાની, હરેન, કાર્તિક્યના દાદી ૩૦-૮-૨૦૨૫ના અવસાન થયેલ છે. પ્રાર્થનાસભા બુધવાર ૩-૯-૨૫ના ૪ થી ૬. પાવનધામ મહાવીર નગર, પાવનધામ રોડ,બીસીસીઆઇ ગ્રાઉન્ડની સામે, કાંદિવલી વેસ્ટ, લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

ગામ કોઠારા હાલે પનવેલ, સ્વ. સાકરબાઈ અને સ્વ. શાંતાબેન ખેરાજ ધીરાવાણીના જ્યેષ્ઠ પુત્ર રમેશ (ઉં. વ. ૮૩) તા. ૦૧-૦૯-૨૦૨૫ના રામશરણ પામેલ છે. તે ગં. સ્વ. ઉષાબેનના પતિ. નરેન્દ્ર અને ઉર્મિ હિતેશ કોઠારીના પિતા. સ્વ. ધનલક્ષ્મી બાબુભાઈ આઈયાના જમાઈ. સ્વ. મંદાકીની રવિલાલ ભગદે, ઉષા પ્રસનચંદ કોચર, જગદીશ, યોગિની હરિશ ચોથાણી, અતુલ, મનીષા, રશ્મિ મનિષ અનમ, જીતેન્દ્રના મોટાભાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩-૦૯-૨૫ બુધવારે ૫ થી ૭. કચ્છી લોહાણા મહાજનવાડી, મિર્ચી ગલી, પનવેલ. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**કપોળ**

ઉના દેલવાડા વાળા હાલ મુંબઈ, સ્વ. ગુલાબબેન અને સ્વ. મણિલાલ હરજીવનદાસ મહેતાના પુત્ર રવિન્દ્રભાઈ (ઉં. વ. ૯૩) તે ચંદ્રિકાબેનના પતિ. જીતલ - દિપાલી, તેજસ - રૂપા, ભાવિની તેજસ કાચરિયાના પિતા. સ્વ. નાનાલાલ હરિલાલ મથુરિયાના જમાઈ. સ્વ. નંદલાલભાઈ, સ્વ. ખુશાલદાસભાઈ, સ્વ. જયાબેન ચુનીલાલ મહેતા, સ્વ. મૃદુલાબેન અરૂણકુમાર ગુંદરીયા, હંસાબેન વસંતરાય દોશીના ભાઈ. ત્રિશા, નતાશા તથા ક્રિશના દાદા. તારીખ ૩૧ ઓગસ્ટ ૨૦૨૫ના રવિવાર શ્રીજીચરણ પામેલ છે. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**સુરતી દશા પોરવાડ વૈષ્ણવ વણિક**

મુંબઈ નિવાસી, કુ. મીનાબહેન કંચનલાલ દમણિયા (ઉં. વ. ૮૭) તે સ્વ. દીપકના બહેન, સ્વ. યોગેશ શાંતિલાલ દમણિયા, સ્વ. સરોજબહેન (બચીબહેન)ના પિતરાઈ. સૌ. કોકિલાબહેન, સૌ. હંસાબહેનના ભાણેજ, તા. ૩૧ ઓગસ્ટ ૨૦૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વહેવાર બંધ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

સ્વ. મૃદુલાબેન રમેશચંદ્ર મહેતા (ઉં. વ. ૭૬) સોમવાર તા. ૦૧/૦૯/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે મયંક, હેમલ અભયકુમાર દાણી, ગં. સ્વ. શીતલ મિલીનકુમાર પારેખ, કોમલ પ્રશાંતકુમાર પારેખ, તૃપ્તિ તેજસકુમાર શાહના માતૃશ્રી. અ. સૌ. અમી મહેતાના સાસુ. સ્નેશાના દાદી. સ્વ. લક્ષ્મીચંદ ત્રિકમજી મહેતાના પુત્રવધૂ. પિયરપક્ષે સ્વ. ઈચ્છાબેન જયંતિલાલ સરવૈયાના દીકરી. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૦૪/૦૯/૨૫ના ૫ થી ૭. લોહાણા બાલાશ્રમ બેંકવેટ હોલ, મથુરાદાસ એક્સટેનશન રોડ, અતુલ ટાવરની બાજુમાં, કાંદિવલી વેસ્ટ.

## વીકએન્ડમાં

વરસાદ પડવાની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે. હવામાન વિભાગે મુંબઈ માટે યલો અલર્ટ તો થાણે અને પાલઘરને ઓરેન્જ અલર્ટ આપ્યું છે.

મુંબઈ માટે યલો અલર્ટ આપ્યું હોઈ વીજળીના ગડગડાટ સાથે પવન ફૂંકાઈને ભારે વરસાદની શક્યતા છે, જેમા મુખ્યત્વે બુધવારથી શુક્રવાર વચ્ચે ભારે વરસાદ પડવાની શક્યતા છે. તો થાણે અને પાલઘર માટે ગુરુવારે ઓરેન્જ અલર્ટ આપવામાં આવ્યું છે. રાયગડ માટે બુધવારથી શુક્રવાર સુધી ઓરેન્જ અલર્ટ રહેશે.

હવામાન નિષ્ણાતોના કહેવા મુજબ બંગાળના ઉપસાગરમાં ઓછા દબાણનો પટ્ટો નિર્માણ થયો છે, તેને કારણે વરસાદનું જોર વધવાની શક્યતા છે. હાલ બંગાળના ઉપસાગરમાં ઓડિશા કિનારા નજીક નવો ઓછા દબાણનો પટ્ટો તૈયાર થયો છે, જે વાયવ્ય દિશામાં આગળ વધી રહ્યું હોવાથી વરસાદની તીવ્રતા અઠવાડિયાના અંતમાં હજી વધશે. શુક્રવારે ઓછા દબાણનો પટ્ટો મહારાષ્ટ્ર, ગુજરાત અને મધ્ય પ્રદેશ સુધી પહોંચશે.

મુંબઈમાં જૂનથી અત્યાર સુધી ૨,૫૦૧ મિ.મી. વરસાદ નોંધાયો છે, તેમાંથી ફક્ત ઑગસ્ટ મહિનામાં જ ૧,૪૮૪ મિ.મી. વરસાદ નોંધાયો છે.

# જૈન મરણ

**કાળધર્મ**

તપગચ્છાદિ શ્રી પ્રેમભુવનભાનુ સૂરિ સમુદાયના પ.પૂ. આ. ભ. હેમચંદ્ર સૂરિ મ. સા.ના શિષ્ય, વર્ધમાન તપોનિધિ ગુરુદેવ શ્રી કલ્યાણબોધિ મ. સા.ના શિષ્ય પ. પૂ. મુનિરાજ શ્રી ભક્તિવર્ધન વિ. મ. સા. (ઉં. વ. ૭૯) તા. ૩૦-૦૮-૨૫ ના બોરીવલી મુકામે કાળધર્મ પામ્યા છે. કચ્છ ગામ દેશલપુર (કંઠી) ના રત્નકુક્ષી માતુશ્રી રતનબેન નરશી સાવલાના સંસાર પક્ષે સુપુત્ર. સ્વ. રાજનના પિતા. પુષ્પાબેન, કંચનબેન, મંજુબેન, મીનાબેન, નવિનભાઈ, ચુનીભાઈ, ભારતીબેન, દિલીપભાઈ, નિશાબેન, હિતેશભાઈના ભાઈ. ગામ બાડાના લીલબાઈ મેઘજી ગાલાના સંસાર પક્ષે જમાઈ. તેઓશ્રીની ગુણાનુવાદ સભા શનિવાર, તા. ૦૬-૦૯-૨૦૨૫ના સવારના ૯.૦૦ કલાકે શ્રી દેવનગર જૈન સંઘ, વીર ટાવર, કાંદિવલી (વે) ખાતે રાખવામાં આવેલ છે.

**કાળધર્મ**

અચલગચ્છીય પ્રવર્તિની મહત્તરા મુખ્યા સાધ્વી પ.પૂ. સાધ્વીશ્રી ચંદ્રોદયશ્રીજી મ.સા. (ઉં. વ. ૯૨) સોમવાર તા. ૧-૯-૨૫ના પાલિતાણા તીર્થે કાળધર્મ પામ્યા છે. તે સંસાર પક્ષે માતુશ્રી પુરબાઇ આણંદજી નાગડા કચ્છ ગામ : લાલાવાલાની સુપુત્રી.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

હાથસણી (ધારી) નિવાસી હાલ બોરીવલી સ્વ. શિવકુંવરબેન પ્રેમચંદ મગીયાના સુપુત્ર અશોકભાઇ (ઉં. વ. ૭૩) તે નયનાબેનના પતિ. તે નમ્રતા મેહુલ, ધ્રુવી હર્નિસ ઝાટકીયાના પિતાશ્રી. તે સ્વ. જગદીશભાઇ - સ્વ. જયવંતીબેન, હસમુખભાઇ-કલાવતીબેન, ચંદ્રકાન્તભાઇ-કુમુદબેન, સ્વ. જયાબેન જયંતીલાલ, સ્વ. સરોજબેન જયંતીલાલ, સ્વ. કાન્તાબેન જયંતીલાલ, સ્વ. ચંદ્રિકાબેન રમણીકલાલ, રસિલાબેન ભૂપતરાય, રંજનાબેન કિશોરભાઇ, સ્વ. માલતીબેન શશીકાંતભાઇ, પ્રેમાબેન મહેશભાઇના ભાઇ. તે સ્વ. અજવાળીબેન ગીરધરલાલ શેઠના જમાઇ. તા. ૧-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૪-૯-૨૫ ગુરુવારના ૧૦થી ૧૨. ઠે. સર્વોદય હોલ ડાયમંડ ટોકીઝની સામે, એલ. ટી. રોડ, બોરીવલી (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

જેસર નિવાસી સ્વ. શ્રી અમૃતલાલ મુલચંદ સંઘવીના સુપુત્ર ભરતભાઈ (ઉં. વ. ૭૪) ૩૧.૦૮.૨૫ને રવિવાર ભાયંદર સ્વર્ગવાસ પામેલ છે. તે સ્વ ભાનુમતી તથા રંજનબેનના પતિ. ભાવિક, મયુર, દર્શના અને નિધિના પિતાશ્રી. પિયુષકુમાર, વૈભવકુમાર, ફેની તથા હીરવાના સસરા. સ્વ. વસંતભાઈ, સ્વ. નવનીતભાઈ, જયસુખભાઈ, સ્વ. દિનેશભાઇ, સ્વ. મીનાક્ષીબેન સુરેશકુમાર સંઘવી ઉમરાળાવાળાના ભાઈ. ઠાકરશીભાઈ દુર્લભભાઈ શાહ (નોઘણવદરવાળા) અને ઈશ્વરલાલ પ્યારેલાલ ભાવસારના જમાઈ, લૌકીક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દસાશ્રીમાળી દેરાવાસી જૈન**

ચોટીલા નિવાસી હાલ અંધેરી, સ્વ. જીનમતી બચુભાઈ મગનલાલ શાહના સુપુત્ર રાજેન્દ્રભાઇના ધર્મપત્ની અ. સૌ. રસીલાબેન (ઉં. વ. ૭૩), તે પ્રિયંકા સૌમીલકુમાર શાહ, નમીતા પ્રશાંતકુમાર સલોત, ઈશાની ધ્રુવકુમાર શાહના માતુશ્રી. ડૉ. રશમીભાઈ, જગદીશભાઈ, સ્વ. દિનેશભાઈ, નિતીનભાઈ, રમીલાબેન, સરયુબેન, દિવ્યાબેન, રાજુબેનના ભાભી. સ્વ. શારદાબહેન મોતીલાલ વાડીલાલ શાહના સુપુત્રી. તા. ૩૧.૦૮.૨૦૨૫ના અરિહંતશરણ પામેલ છે, પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશાશ્રી માળી જૈન**

બગસરા નિવાસી, હાલ મલાડ, સ્વ જયસુખલાલ કાલિદાસ દોશીના સુપુત્ર રાજેન્દ્ર દોશી (ઉં. વ. ૭૨) તા. ૩૦-૮-૨૫ના સ્વર્ગવાસ થયેલ છે. તે શૈલીનાબેનના પતિ. રીધી અને સિદ્ધાર્થના પિતાશ્રી. જયના સસરા. કોકિલાબેન માલતીબેન, મીનાબેન, ભરતભાઈ અને રશ્મીભાઈના મોટાભાઈ, સ્વસુરપક્ષે હાલ સાન્તાક્રુઝ અમૃતલાલ ચુનીલાલ વેરાના જમાઈ. લૌકિક વહેવાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સ્થાનકવાસી વિશા શ્રીમાળી જૈન**

વઢવાણ નિવાસી હાલ કલ્યાણ, સ્વ.ભુરીબેન નાગરદાસ શાહના સુપુત્ર નટવરલાલ શાહ (ઉં. વ. ૯૩) તે સ્વ.સવિતાબેનના પતિ. સ્વ. કમળાબેન, સ્વ. કાન્તાબેન, સ્વ.ઇન્દુબેન, ગં. સ્વ. અરૂણાબેન, સ્વ.જયંતીલાલ, સ્વ.હસમુખલાલના ભાઈ. મનિષભાઇ, બિમલભાઈ, સ્વ. સુરેખાબેન સુરેશકુમાર શાહ, નયનાબેન અતુલકુમાર ગાંધી, દિપીકાબેન બિપીનકુમાર પારેખના પિતાશ્રી. સ્વ. લક્ષ્મીચંદ ચતુરદાસ ગોપાણીના જમાઈ. તા.૧/૦૯/૨૫ને સોમવારે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તેમજ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ ગામદેવી, શાંતિલાલ દેવચંદ શાહના પુત્ર અને સ્વ મુગતલાલ ચુનીલાલ વેરાના જમાઈ. આશકરણભાઈ શાહ (ઉં.વ. ૭૮) સોમવાર, ૧-સપ્ટેમ્બર-૨૦૨૫ના અરિહંતશરણ થયેલ છે. તે સ્વ. હંસાબેનના પતિ. સ્વ. પ્રમોદભાઈ, અરૂણાબેન પ્રવીણભાઈ, સ્વ. સુધાબેન ચંદુભાઈ, રશ્મિબેન વિક્રમભાઈ, નીતાબેન સુભાષભાઈ, દેવયાનીબેન શશીકાંતભાઈના ભાઈ. ફાલ્ગુની હેમંત, શ્રીમતી સેજલ દીપેશ, જયના પિતા. શ્રીમતી રૂચિતાના સસરા. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૪-૯-૨૦૨૫ના ૫ થી ૭. શ્રી માનવ સેવા સંઘ, સાયન, મુંબઈ.

**ઓસવાલ જૈન**

મરુધર બાલવાડા હાલ ગોરેગામ, સ્વ. સંઘવી ભવરીદેવી ઘેવરચંદજી નાગોત્રા સોલંકી તા. ૨૫-૮-૨૫ને સોમવારે અરિહંતશરણ પામેલ છે. તે સંઘવી બાબુલાલ નથમલ તથા ભવરીમલ તોવરમલજીના ભાભી. પુત્ર સંઘવી સ્વ. રમેશ કુમાર ઘેવરચંદજી નાગોત્રા, પુત્ર સંઘવી સંપતરાય, અશોકકુમાર, જયંતીલાલ, સતિષકુમાર, લલીતકુમાર, ગોતમચંદ, પ્રવિણકુમાર, પ્રતિકકુમાર, ગુમાનમલ, રાકેશકુમાર, કીર્તિ, પુત્રવધૂ. ઉષા, સરકાર, રંજના, અંજુ, જમાઈ સોનલ પિયુષજી વાઘમાર, પિયરપક્ષ શાહ જવાહરલાલજી, કાનમલજી, શીખરચંદ, રવિકુમાર, પ્રાર્થનાસભા તા. ૩-૯ -૨૦૨૫ બુધવારે ૧૦ થી ૧૨. માહેશ્વરી ભવન, ઓશીવારા પોલીસ સ્ટેશન પાસે, અંધેરી વેસ્ટ.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ ઘાણીથરના સ્વ.પુનશી નેણશી બેચર ગડા (ઉં. વ. ૭૦) રવિવાર તા.૩૧.૦૮.૨૫ના અવસાન પામેલ છે. સ્વ. ભચીબેન નેણશીના પુત્ર. કમળાના પતિ. યશ, રંજન, ભારતી, પ્રિતી, અનિલા, પ્રિયંકાના પિતાશ્રી. શાંતિલાલ, વિનોદ, ભરત, મૌલિક, રમેશના સસરા. સામખીયારીના સ્વ. દેમતબેન ભચુ વિશા છાડવા. પ્રાર્થના સભા તા. ૩.૯.૨૫ના બુધવાર સમય ૧૦.૦૦ થી ૧૧.૩૦ સ્થળ.શ્રી સ્વામી નારાયણ સંસ્કાર કેન્દ્ર, દત્ત મંદિર રોડ, શારદા સ્કૂલની બાજુમાં, મલાડ-ઈસ્ટ.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ લાકડીયાના મેઘજી ગાંગજી રીટા (ઉં. વ. ૭૨) તા. ૩૦.૦૮.૨૫ શનિવારના અરિહંત શરણ પામેલ છે. સ્વ. મુરઈબેન ગાંગજીના પુત્ર. ચંપાબેનના પતિ, વિપુલ, જીગ્નેશ, ભારતીના પિતાશ્રી. જયેશ નિસર, જીગ્ના, પ્રવિણાના સસરા. નવિન, વેલુ, ભાનુ,પ્રેમીલાના ભાઈ.લાકડિયાના સ્વ.ગૌરીબેન પુંજા નિસરના જમાઈ. પ્રાર્થનાસભા તા.૪.૯.૨૫ ગુરુવાર સમય સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦. સ્થળ.વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, દાદર, બી-૧૩૦૪, એક્તા સુપ્રભાત બિલ્ડીંગ, રોડ નં.૧૬, સિદ્ધાર્થનગર, મુનિસુવ્રત દેરાસરની સામે,ગોરેગામ -વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

સાભરાઈ (વિદિશા)ના નરેન્દ્રકુમાર જૈન (ગડા) (ઉં. વ. ૭૮) તા. ૩૧-૦૮-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી મણીબાઈ શામજી ગડાના પુત્ર. દમયંતીબેનના પતિ. ભાવના, રાહુલના પિતા. વિશનજી, પ્રકાશચંદ્ર, દેવકુંવરબેન, પ્રભાવતીબેનના ભાઈ. બિદડાના માતુશ્રી નિર્મળાબેન રવજી પાંચરીયાના જમાઈ. પ્રા. નારાયણ શામજી મહાજનવાડી, ભાઉદાજી રોડ, માટુંગા (સે.રે.), ટા.૪ થી ૫.૩૦.

ફરાદીના પ્રેમજી હંસરાજ મોતા (ઉં. વ. ૭૩) તા. ૨૧-૮-૨૫ના કચ્છમાં અવસાન પામ્યા છે. સોનબાઇ હંસરાજ નેણશીના પુત્ર. પ્રવિણા (કસ્તુર)ના પતિ. દિપ્તી, અલ્પા, વિશાલના પિતા. જીવરાજ, ભચી, સાકર, મણી, હીરબાઇના ભાઇ. મો. આસંબીયાના તેજબાઇ કેશવજી પાલણના જમાઇ. પ્રા. વ.સ્થા.જૈ.શ્રા.સંઘ સં. કરસન લધુ નીસર હોલ, દાદર (વે.) ટા. ૨.૦૦ થી ૩.૩૦.

દેશલપુર(કંઠી)ના ખીમજી કુંવરજી છેડા (ઉં. વ. ૮૨) તા.૩૧-૮-૨૫ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન કુંવરજીના પુત્ર. સ્વ.સુશીલા/દમયંતીના પતિ. બીના, હિરેન, દિપ્તીના પિતા. કપાયા ના પાનબાઈ દેવજી, પત્રીના કસ્તુરબેન કેશવજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. (દેહદાન કરેલ છે) ઠે. હિરેન ખીમજી છેડા, ડી-૩૦૩, અપેક્ષા, સાઈ નગર, વસઈ (વે).

દેશલપુર (કંઠી) ના ચેતન દેવચંદ વીરા/શાહ (ઉં. વ. ૬૭) તા. ૧-૯-૨૫ના અવસાન પામેલ છે. ઝવેરબેન દેવચંદના પુત્ર. પૂર્વીબેનના પતિ. શશાંકના પિતા. પરિંદા, નિશા, ભારતી (ડોલી)ના ભાઇ. રતનબેન રસીકલાલના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ચેતન શાહ, એ-૪૦૧, એમરાલ્ડ, ૧૫મો રસ્તો, ચેમ્બુર, મું-૭૧.

નરેડીના અ.સૌ. ધનવંતી નરશી (મંગલ) નાગડા (ઉં. વ. ૭૦) તા. ૨૯-૮ના અરિહંત શરણ પામેલ છે. વાલબાઈ ચના ખેતશીના પુત્રવધુ. નરશી (મંગલ)ના પત્ની. નીતા, હિતેન્દ્ર, ઉદયના માતુશ્રી. દેવકાબેન કુંવરજી મારૂના પુત્રી. દેવચંદ, મંજુલા, લક્ષ્મીચંદ, ચંચલ, કસ્તુરના બેન. પ્રા. શ્રી વ.સ્થા.જૈન.શ્રા.સં.સં. કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા. ૪ થી ૫.૩૦.

શેરડીના અ.સૌ. દમયંતીબેન આણંદજી તલકશી હરીયા (ઉં. વ. ૮૭) તા. ૧-૯-૨૫ના દેહપરિવર્તન કરેલ છે. સ્વ. રતનબેન તલકશી હરીયાના પુત્રવધૂ. આણંદજી તલકશી હરીયાના ધર્મપત્ની. રીટાના માતુશ્રી. ગઢસીસાના ભાણબાઇ રવજી લખમશી દેઢિયાના સુપુત્રી. સુંદરજી, હેમરાજ, રતનબેન, સાકરબેન, હરખચંદ, હીરાલાલના બેન. પ્રાર્થનાસભા રાખેલ નથી. નિવાસ : આણંદજી હરીયા, ૨૫૦/૨૧, આત્મારામ ભુવન, વડાલા સ્ટેશન રોડ, વડાલા, મુંબઇ-૩૧.

કોડાયના રતનબેન ગડા (ઉં. વ. ૮૫) તા. ૧-૯-૨૫ના અવસાન પામેલ છે. હીરબાઇ લખમશીના પુત્રવધુ. જગશીના પત્ની. સ્વ. કીરીટ, સ્વ. સંદીપના માતુશ્રી. બિદડા વેલબાઇ ચાંપશી મારૂના પુત્રી. પ્રેમચંદના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. રતનબેન ગડા, બી-૧૦૩, નવ ઉમીયા કૃપા, મઢવી બંગલોની પાછળ, રાજાજી રોડ, ડોંબીવલી (ઇ.).

# પારસી મરણ

ફીરોઝ ધનજીશા બુહારીવાલા તે ગુલના ધની. તે મરહુમો પીરોજા ધનજીશા બુહારીવાલાના દીકરા. તે માલકમ ને રુકશાના નાના પપા. તે ફરઝાના ને ખાલીદના સસરા. તે જાલ ને મરહુમ જીમીના ભાઇ. તે કયાન ને શાઝનીનના બપઇજી. તે મરહુમ ખોરશેદ બાપુજી અમબાપારદીવાલાના જમાઇ. (ઉં. વ. ૮૩) રે. ઠે. બિલ્ડિંગ-૨૫, ભોંયતળિયે, ૨૫ માથર પખાદી ઓતસ, મઝગાંવ, મુંબઇ-૪૦૦૦૧૦. ઉઠમણાંની ક્રિયા : તા. ૩-૯-૨૫ના દિને બપોરે ૩.૪૦ વાગે, મઝગાંવ પટેલ અગિયારીમાં.

શેરુ ફીરોઝ પુનેગર તે મરહુમ ફીરોઝના ધનીયાની. તે મરહુમો જાલામાઇ માનેકશા મોબેદજીના દીકરી. તે ખોરશેદ ને મરહુમ નોશીરના બહેન. તે મરહુમો મેહરબઇ મનચેરશા પુનેગરના વહુ. તે શેરીયાર, લીના, મોનાઝના માસી. તે પોરસ, માહાફ્રીદ, તીયાના ફૂઇ. (ઉં. વ. ૯૪) રે. ઠે. બિલ્ડિંગ નં.૫, બેહરામ બાગ, ફ્લેટ નં. ૨૦૨, પારસી કોલોની, જોગેશ્વરી, મુંબઇ-૪૦૦૧૦૨. ઉઠમણાંની ક્રિયા : તા. ૪-૯-૨૫ના દીને બપોરે ૩.૩૦ વાગે, મેહલા પટેલ અગિયારીમાં છેજી.

નાજુ દાલી મલ્લુ તે મરહુમ દાલીના ધનીયાની. તે મરહુમ કૈખશરુના દીકરી. તે પરસી ને દીનાઝના મમા. તે યાસમીન ને ફ્રેદના સાસુજી. તે આઇશા ને શનાયાના બપઇજી. તે રેહાન ને આરમાનદના મમઇજી. (ઉં. વ. ૧૦૧) રે. ઠે. એફ-૪, ઇદન, ડો. એની બેસન્ટ રોડ, મુંબઇ-૪૦૦૦૧૮. ઉઠમણાંની ક્રિયા : તા. ૪-૯-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે. ઉપરની વાડીયા બંગલીમાં.

તેહમુરસ દીનશા તવરીયા તે મરહુમ નેનસીના ધની. તે મરહુમો દીનામાય દીનશા તવરીયાના દીકરા. તે કમલ ને પોરસના પપા. તે મરઝબાન ને દેલનાના સસરા. તે નરીમાન, ખોરશેદ ને મરહુમો શાપરુ ને પરવીઝના ભાઇ. તે રોશની ને રુકશીનના મમાયા. (ઉં. વ. ૯૨) રે. ઠે. ૧૦૨, વુડલેન્ડ હાઇટશ, ૨૩ ડો. રઘુનાથ રોડ, બાંદ્રા (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૦. ઉઠમણાંની ક્રિયા : તા. ૩-૯-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે, બેનેટ નં.૬માં, ડુંગરવાડી પર છેજી.

# મુસ્લિમ મરણ

**દાઉદી વહોરા**

શેખ મોહમ્મદ દાઉદભાઇ બાટલીવાલા જુઝર, તે યુસુફ તથા નીસરીન કુમૈલ મલબારીના પપ્પા સુરત મુકામે તા. ૨૩-૮-૨૫ના શનિવારે ગુઝરી ગયા છે.

| | | |
|---|---|---|
| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |

# ઈન્ટરવલ



## ટ્રમ્પ કેમ ફફડે છે રીક ટ્રોઇકાથી...

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

# રીક ટ્રોઈકા શું છે ને તે ભારત માટે શા માટે મહત્ત્વપૂર્ણ છે?

**અમેરિકાના** પ્રેસિડેન્ટની ટ્રમ્પની મૂર્ખતાપૂર્ણ વિદેશી નીતિ અને તેમાં પણ અન્ય તમામ દેશને છોડીને ભારતને લક્ષ્યાંક બનાવવાની હિણી આક્રમકતાને કારણે ભારતે, જેના તરફ જોવાનું પણ મન ના હોય એવા શત્રુ રાષ્ટ્ર ચીન તરફ ના છૂટકે નજર માંડવાનો સમય આવ્યો છે.

અલબત્ત, આપણે જાણીએ છીએ કે ચીન, ભારત અને રશિયા જો એક થઇ જાય તો વૈશ્વિક વેપારતંત્રના સમીકરણો જડમૂળમાંથી બદલાઇ જાય અને આથી જ ટ્રમ્પ ટીપાઇ ગયા જેવી લાગણી અનુભવી રહ્યા છે!

નોંધવું રહ્યું કે રશિયા, ભારત અને ચીનના નેતાઓની બેઠકને કારણે ટ્રમ્પ આંદરખાને ફફડી ગયા હોવાથી આ બેઠકની વૃદ્ધિમાં આડેધડ નિવેદનો કરી રહ્યા છે. જોકે, અમેરિકનો પણ સાચી હકીકતથી વાકેફ છે અને ટ્રમ્પ ભૂલ કરી રહ્યા છે એ જાણે છે.

અમેરિકાના માજી યુએન નેશનલ સિક્યુરિટી એડવાઇઝરે મોદીની ચાઇના મુલાકાતને પશ્ચિમના દેશો માટે ખરાબ સમાચાર લેખાવતા ભારતને બીજિંગ તરફ ધકેલવા માટે ટ્રમ્પને જવાબદાર ઠેરવ્યા છે. તેમણે કહ્યું હતું કે કોલ્ડ વોરના સમયગાળામાં અમેરિકાએ ભારતને રશિયાથી અલગ રાખવા માટે દાયકાઓ સુધી જે જહેમત કરી હતી તેના પર ટ્રમ્પે પાણી ફેરવી દીધાં છે!

ખેર, મૂળ મુદ્દા પર આવીએ તો વડા પ્રધાન નરેન્દ્ર મોદી રવિવારે શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન (એસસીઓ) સમિટ દરમિયાન ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગને મળ્યા હતા ત્યારે કહ્યું હતું કે તેઓ ભારત-ચીન સંબંધોને પરસ્પર વિશ્વાસ, આદર અને સંવેદનશીલતાના આધારે આગળ વધારવા માટે 'પ્રતિબદ્ધ' છે.

જ્યારે આ દ્વિપક્ષીય બેઠક દરમિયાન તેમની શરૂઆતની ટિપ્પણીમાં, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે કહ્યું હતું કે ભારત અને ચીન માટે 'મિત્રો' બનવું એ 'યોગ્ય પસંદગી' છે, સારા પડોશી બનવાના મહત્ત્વ પર ભાર મૂકવા સાથે નોંધ્યું હતું કે 'ડ્રેગન અને હાથીએ સાથે ચાલવું જોઈએ.'

પ્રથમ આપણે શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન (એસસીઓ)વિશે વાત કરીએ. એસસીઓ એક પ્રાદેશિક જૂથ છે, જેમાં ભારત ૨૦૧૭માં જોડાયું હતું. તેમાં હવે ચીન, રશિયા, પાકિસ્તાન, ઈરાન અને અનેક મધ્ય એશિયાઈ રાષ્ટ્રો સહિત દસ સભ્ય દેશોનો સમાવેશ થાય છે.

નોંધવું રહ્યું કે એકત્રિત ધોરણે એસસીઓ વિશ્વની વસ્તીના લગભગ ચાલીસ ટકા હિસ્સાનું પ્રતિનિધિત્વ કરે છે, જેનું સંયુક્ત જીડીપી ૨૬.૮ ટ્રિલિયન ડોલર જેટલું થાય છે. આ જૂથ નોંધપાત્ર ઊર્જા ભંડાર અને વ્યૂહાત્મક સંસાધનો ધરાવે છે, જે તેને પ્રાદેશિક સહયોગ માટે એક મુખ્ય પ્લેટફોર્મ અને પશ્ચિમી નેતૃત્વ હેઠળની પહેલોના પ્રતિસંતુલન તરીકે સ્થાન આપે છે.

ભારત અને ચીનના નેતાઓ વચ્ચેની દ્વિપક્ષીય બેઠકને સંબંધો સુધારવા માટે એક અત્યંત નિર્ણાયક તક તરીકે જોવામાં આવે છે અને તે ઉપરાંત બંને દેશો રશિયા સાથે ગાઢ સંબંધો જાળવી રાખે છે તે જોતાં, આ બેઠક આરઆઇસી (રશિયા-ભારત-ચીન, એટલે કે રીક), ત્રિપક્ષીય માળખાના પુનરુત્થાન માટે સંભવિત રીતે માર્ગ મોકળો કરી શકે છે.

આવો હવે આપણે જાણીએ કે રીક ટ્રોઇકા શું છે અને તે ભારત માટે શા માટે મહત્વપૂર્ણ છે? રીક (રશિયા-ભારત-ચીન) ત્રિપક્ષીય ગઠનની કલ્પના સૌપ્રથમ ૧૯૯૦ના દાયકામાં કરવામાં આવી હતી. આ એ સમય હતો જ્યારે ભારત તેની અર્થવ્યવસ્થાને ઉદારીકરણ સાથે નવો ઓપ આપી રહ્યું હતું અને પશ્ચિમી દેશો, ખાસ કરીને યુનાઇટેડ સ્ટેટ્સ સાથે ગાઢ સંબંધો બાંધવા પણ ઇચ્છી રહ્યું હતું.

આ સમય દરમિયાન, નવી દિલ્હીએ આ જૂથથી સાવચેતીપૂર્વક અંતર જાળવી રાખ્યું હતું. ભારતના ૧૯૯૮ના પોખરણ-ટુ પરમાણુ પરીક્ષણોએ ખાસ કરીને ચીન સાથેના સંબંધોને વધુ તણાવપૂર્ણ બનાવ્યા, ચીને આ પગલાંની સખત નિંદા કરી અને પરિણામો ત્રિપુટી રચાવાની ગતિ ધીમી પડી ગઇ.

આ પછી ૨૦૨૦ના ગલવાન ખીણ અથડામણ પછી તણાવ વધુ ગાઢ બન્યો, જેણે ભારત-ચીન સંબંધોને ગંભીર નુકસાન પહોંચાડ્યું અને પરસ્પર અવિશ્વાસમાં ઓર વધારો કર્યો, જેનાથી આરઆઇસી માળખાને સાવ અભેરાઇએ જ ચડાવી દેવામાં આવ્યું!

હવે, જ્યારે ચીન, રશિયા અને ભારત દરેક યુનાઇટેડ સ્ટેટ્સ તરફથી વિવિધ ડિગ્રીના આર્થિક દબાણનો સામનો કરી રહ્યા છે, ત્યારે શાંઘાઈ સહકાર સંગઠન (એસસીઓ)ને, પશ્ચિમી વર્ચસ્વને પડકારતી બહુધ્રુવીય વિશ્વ વ્યવસ્થાને પ્રોત્સાહન આપવા માટે એક પ્લેટફોર્મ તરીકે સ્થાન આપવામાં આવી રહ્યું છે.

સામૂહિક રીતે, રશિયા, ભારત અને ચીન ૫૩.૯ ટ્રિલિયન ડોલરના જીડીપીનું પ્રતિનિધિત્વ કરે છે, જે વૈશ્વિક આર્થિક ઉત્પાદનનો આશરે ૩૩ ટકા જેટલો હિસ્સો ધરાવે છે. ધ ઇકોનોમિક ટાઇમ્સના એક અહેવાલ મુજબ, તેમની સંયુક્ત નિકાસ પાંચ ટ્રિલિયન ડોલરથી વધુ છે અને તેમની પાસે લગભગ ૪.૭ ટ્રિલિયન ડોલરની વિદેશી હૂંડિયામણ અનામત છે.

ખાસ કરીને ડોનલ્ડ ટ્રમ્પની વિક્ષેપકારક નીતિઓને કારણે, વિશ્વ જ્યારે વૈશ્વિક રાજકારણમાં વધતી જતી અસ્થિરતા અને અણધારી પરિસ્થિતિનો સામનો કરી રહ્યું છે, ત્યારે આ ત્રણ એશિયન શક્તિઓના નવેસરથી સંકલનથી વિકસિત વિશ્વ વ્યવસ્થા પર દૂરગામી અસરો પડી શકે છે.

જોકે, પરિસ્થિતિ સપાટી પર દેખાય છે. તેના કરતાં વધુ જટિલ છે. ભારત, પોતાના હિતોની વિરુદ્ધ વારંવાર કાર્ય કરનારા ચીન સાથેના ભૂતકાળને અવગણી શકે નહીં અથવા ચીન પર સંપૂર્ણ વિશ્વાસ પણ કરી શકે નહીં!

એક વર્ષથી વધુ સમયથી, ભારત અને ચીન તેમના દ્વિપક્ષીય સંબંધોને સ્થિર કરવા અને સંઘર્ષનું જોખમ ઘટાડવા માટે સતત રાજદ્વારી પ્રયાસો કરી રહ્યા છે. જો કે, આ ચાલુ વાટાઘાટો છતાં, ખાસ કરીને વણઉકેલાયેલા સરહદ વિવાદ પરના મૂળભૂત મતભેદ યથાવત છે.

વર્ષ ૨૦૨૦માં ચીની ઘૂસણખોરીની ઘટના બાદ ઓક્ટોબર ૨૦૨૪માં, બંને દેશોએ લદાખમાં લશ્કરી ગતિરોધને ઓછો કરવા માટે આંશિક સમજૂતી કરી હતી. ગલવાન અથડામણના લગભગ પાંચ વર્ષ પછી, ભારત અને ચીન વાસ્તવિક નિયંત્રણ રેખા (એલઓસી) પર ૫૦,૦૦૦થી ૬૦,૦૦૦ સૈનિકો જાળવી રાખે છે.

આ ગતિરોધ હજુ સમાપ્ત થયો નથી. સીધી ફ્લાઇટ્સ, વિઝા જારી કરવા અને મર્યાદિત સરહદ વેપારનું ધીમે ધીમે પુનઃપ્રારંભ આ લાંબા સમયથી ચાલતી રાજદ્વારી વાટાઘાટોનું પરિણામ છે, ફક્ત ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા વધતા આંતરરાષ્ટ્રીય દબાણ અથવા પગલાંની પ્રતિક્રિયા નથી.


છતાં, સરહદ મુદ્દો ગાઢ સંબંધોમાં એક મોટો અવરોધ છે. ભારત એ વાસ્તવિકતાને અવગણી શકે નહીં કે ચીને દાયકાઓથી અક્સાઇ ચીનમાં ૪૩,૦૦૦ ચોરસ કિલોમીટરથી વધુ ભારતીય પ્રદેશ પર કબજો કર્યો છે, લદાખ અને અરુણાચલ પ્રદેશ પર ભારતના સાર્વભૌમત્વનો વિવાદ કરે છે, અને પાકિસ્તાનને રાજદ્વારી, લશ્કરી અને વ્યૂહાત્મક રીતે ટેકો આપવાનું ચાલુ રાખે છે. ચીન પર ભારત વિશ્વાસ કેમ ના રાખી શકે એ વિષયમાં વધુ માહિતી આવતા અંકમાં. ■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

### ભારતના બન્કર બસ્ટર મિસાઈલ

# ચીન-પાકિસ્તાન માટે કેવી રીતે ખોફનાક?

### ભારતે હજુ સુધી સંતાડી રાખેલાં આવાં અનેક વેપન્સ જ્યારે ધાર્યો ઉપયોગ કરશે ત્યારે આખી દુનિયા દંગ રહી જશે



હાલમાં પાકિસ્તાન સામેના 'ઓપરેશન સિંદૂર'માં આપણાં હાઈપરસોનિક મિસાઈલ્સે હાહાકાર મચાવી દીધો. આ મિસાઈલે પાકિસ્તાનના હવાઈમથકોની એર ડિફેન્સ સિસ્ટમનો બહુ બૂરી રીતે ધ્વંશ કરી નાખી. આજે આખું મિલિટરી વિશ્વ રશિયાના સહયોગથી ભારતે તૈયાર કરેલા આ મિસાઈલનો મહિમા ગાય છે. દુનિયાના ૧૫ દેશે તો ભારત પાસેથી આ મિસાઈલ ખરીદવાની તૈયારી દર્શાવી છે.

હવે ભારતે એવું જ બીજું વેપન તૈયાર કર્યું છે, જેનાથી આખી દુનિયામાં ભારતનો ડંકો વાગી ગયો છે. ભારતનું આ નવા શસ્ત્ર ચીન અને પાકિસ્તાન જેવા દુશ્મન સામે તારણ અને મારણનું કામ કરશે.

ભારત તેની સ્વદેશી બન્કર બસ્ટર મિસાઈલ વિકસાવી રહી છે. આ મિસાઈલ પૃથ્વીના ભૂગર્ભમાં રહેલા બન્કર કે અણુમથકનો નાશ કરવા માટે સક્ષમ હશે.

ભારતને તેની પ્રેરણા ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધમાંથી મળી હતી. અમેરિકાએ ઇરાનના જમીનની નીચે રહેલા અણુમથકોનો નાશ કરવા માટે તેના બી-ટુ સ્પિરિટ સ્ટીલ્થ બોમ્બર- ટુનો ઉપયોગ કરીને ૧૪,૦૦૦ કિલોના બોમ્બનો સફળતાપૂર્વક ઉપયોગ કર્યો હતો. આવા એક બોમ્બની કિંમત બે કરોડ ડૉલર (૧૭૦ કરોડ રૂપિયા) છે.! અમેરિકાના બોમ્બરની કિંમત બે અબજ ડૉલર (અંદાજે ૧૭,૦૮૬ કરોડ રૂપિયા) છે. ભારત પાસે રડારમાં ન ઝડપાય એવા સ્ટીલ્થ વિમાન કે બોમ્બર બનાવવાની ટેક્નોલોજી નથી. ભારતને બોમ્બર અને તેના બોમ્બ બનાવવાનું પરવડે નહીં. આથી ભારતે આવાં મિસાઈલ બનાવવાનું નક્કી કર્યું. આનો કાયર્કમ આમ તો ૨૦૦૦માં જ શરૂ થયો હતો.

હાલમાં જ પાકિસ્તાનના લશ્કરના વડા મુનીરે ભારતને અણુયુદ્ધ કરવાની અને અડધા વિશ્વને ઉડાવી દેવાની ધમકી અમેરિકાની ધરતી પરથી આપી હતી. આવી ધમકીને પોકળ બનાવવામાં ભારતનું નવું પરંપરાગત મિસાઈલ ઘણું ઉપયોગી સાબિત થશે.

ભારતે તેના આંતરખંડીય મિસાઈલ અગ્નિ-પાંચને આવા મિસાઈલમાં ફેરવવાનું બીડું ઉપાડ્યું છે. આ મિસાઈલની રેન્જ ૭,૦૦૦ કિલોમીટરથી વધારે છે. આ ત્રણ તબક્કાવાળી સોલિડ ઈંધણ વાપરતી મિસાઈલ છે. તે વિશ્વની ઝડપી મિસાઈલમાંની એક છે. તેની ઝડપ એક કલાક દીઠ ૨૯,૪૦૦ કિલોમીટર છે. ભારતની ડીફેન્સ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ) અગ્નિ-પાંચના બસ્ટર આવૃત્તિ માટે કામ કરી રહ્યું છે. આ સુધારેલું મિસાઈલ ૮૦-૧૦૦ મીટર ઊંડું જઈ શકે છે. તે ૭,૫૦૦ કિલોના પરંપરાગત વોરહેડનું વહન કરી શકે છે. અમેરિકાએ ઈરાનના ફોર્ડો, નતાન્ઝ અને ઈસ્ફાહન અણુમથકો પર હુમલો કરવા બન્કર બસ્ટર બોમ્બનો ઉપયોગ કર્યો હતો. ભારતે મિસાઈલ આધારિત ડિલિવરી સિસ્ટમ પસંદ કરી છે, કારણ કે તે કરકસરવાળી, વધુ ઝડપી અને વધુ ફ્લેક્સિબલ - લવચીક છે.

આપણા 'અગ્નિ-પાંચ'ના નવા અવતારની રેન્જ ૨૫૦૦ કિલોમીટર હશે. તે પરંપરાગત બન્કર બસ્ટર વોરહેડનું વહન કરી શકશે.આ મિસાઈલ હાઈપરસોનિકની ગતિએ આક્રમણ કરશે. તેને અન્ય કોઈ પણ એર ડિફેન્સ સિસ્ટમ અટકાવી નહીં શકે. 'ડીઆરડીઓ'એ આના બે નવા અવતાર બનાવ્યા છે. એકમાં તેમાં રહેલા વોરહેડ વડે સપાટી પરના લક્ષ્યને ભેદી શકશે. બીજો અવતાર ઊંડા બન્કર, મિસાઈલ સિલો અને કમાન્ડ સેન્ટરને ફૂંકી મારવાની ક્ષમતા ધરાવશે. ભારત આના વડે પાકિસ્તાનની કરાના ટેકરી કે ચીનના હોતાનમાં રહેલા અણુમથક પર હુમલો કરી શકશે.

ભારતની મિસાઈલ પરંપરાગત હથિયારમાં આવે છે એટલે ભારત અણુ હથિયારોનો પહેલો ઉપયોગ ન કરવાના તેના સિદ્ધાંતને અનુરૂપ છે. વોરહેડનું વજન વધારે હોવાથી મિસાઈલની રેન્જ અડધી થઈ ગઈ છે. ભારતનું એવું એક મિસાઈલ દુશ્મનના આખા હવાઈમથકનો નાશ કરી શકે છે. અમેરિકાનું બોમ્બર ૩૦,૦૦૦ પાઉન્ડનો બોમ્બ ફેંકી શકે છે. જોકે આવા બોમ્બરને એર ડિફેન્સ સિસ્ટમ પકડીને ટાર્ગેટ કરી શકે, બીજી તરફ, ભારતની મિસાઈલ એટલી ઝડપી છે કે કોઈ એર ડિફેન્સ સિસ્ટમ તેને અટકાવી ન શકે. આ મિસાઈલ દુશ્મનનાં લક્ષ્યોને આગોતરી રીતે ભેદી શકે.

આ મિસાઈલને લીધે પાકિસ્તાનનાં બધાં ક્ષેત્રો અને ચીનના પા ભાગના ક્ષેત્ર કવર થાય છે. પાકિસ્તાનમાં તો આ મિસાઈલ અંગે ડર પેસી ગયો છે. ભારત હવે પાકિસ્તાનના અણુમમથકોને ચોકસાઈપૂર્વક ઊડાવી શકે છે. ભારતે આવા અનેક વેપન્સ સંતાડી રાખ્યા છે, જેનો એ ધાર્યો ઉપયોગ કરશે ત્યારે આખી દુનિયા દંગ થઈ થશે. ■

## આ તો સ્કેમ છે...




પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# કૈરોં મર્ડર કેસમાં ચારને ફાંસી ને રાજકીય હસ્તક્ષેપની ચર્ચા...



સરદાર પ્રતાપસિંહ કૈરોં

**સરદાર** પ્રતાપસિંહ કૈરોંની ધોળે દિવસે ખુલ્લેઆમ હત્યા ભારતીય જનમાનસ માટે મોટો આઘાત હતો. આ પહેલવહેલી રાજકીય હત્યા હતી, જેની હજી આદત નહોતી આપણી લોકશાહીને. કૈરોં લાંબો અને યાદગાર જીવનકાળ રાષ્ટ્ર અને સમાજ માટે જીવ્યા હતા.

આવા પીઢ નેતા અને સમાજસેવક કૈરોંના પુત્રો ગુરિન્દર સિંહ અને મીતા રાજીવ લોચન લિખિત પુસ્તક 'પ્રકાશસિંહ કૈરોં, અ વિઝનરી'માં એમના જીવન, કવન, રાજકારણ, હત્યા અને પછીની ઘટનાઓ આવરી લેવાઇ છે.

૧૯૦૧ની પહેલી ઑકટોબરે ધિલ્લોન જાટ પરિવારમાં પ્રતાપસિંહનો જન્મ. એમના વતનના અમૃતસરમાં આવેલા ગામ કૈરોં પરથી મળી અટક-સરનેમ. એમના પિતા નિહાલસિંહ પંજાબમાં સ્ત્રી-શિક્ષણના આરંભકર્તા હતા. પ્રતાપસિંહ ખુદ દેહરાદૂનની કેમ્બ્રિજ સ્કૂલ બાદ અમૃતસરની ખાલસા કૉલેજમાં ભણ્યા અને વધુ શિક્ષણાર્થે અમેરિકા ગયા હતા. અમેરિકામાં વસવાટ દરમિયાન તેઓ જીવન નિર્વાહ માટે કારખાના અને ખેતરમાં મજૂરી કરતા હતા. આ રીતે મિશિગન યુનિવર્સિટીમાંથી પોલિટિકલ સાયન્સમાં માસ્ટર્સની ડિગ્રી મેળવી હતી. તેમણે કેલિફોર્નિયા યુનિવર્સિટીમાંથી ઇકોનોમિક્સમાંય માસ્ટર્સની ડિગ્રી હાંસલ કરી હતી. અમેરિકાની કૃષિ પદ્ધતિથી તેઓ પ્રભાવિત થયા હતા અને ભવિષ્યમાં તેનો ભારતમાં અમલ શરૂ કરાવ્યો હતો.

જલિયાંવાલા બાગ હત્યાકાંડની વિભિષિકાનો દિલ પર ઘા અનુભવનારા પ્રતાપસિંહે ૧૯૨૯માં ભારત પાછા ફર્યા બાદ અમૃતસરમાં અંગ્રેજી સાપ્તાહિક 'ધ ન્યુ ઇરા' શરૂ કર્યું હતું. સમયાંતરે તેઓ રાજકારણમાં સક્રિય થયા અને મેગેઝિન બંધ કરી દીધું. શરૂઆતમાં શિરોમણી અકાલીદળના સભ્ય બન્યા બાદ તેઓ કૉંગ્રેસમાં જોડાયા હતા. ૧૯૩૨માં સવિનય કાનૂનભંગ ચળવળમાં ભાગ લેવા બદલ તેમણે પાંચ વર્ષની કેદ ભોગવવી પડી હતી. ૧૯૩૭માં તેઓ પંજાબ વિધાનસભામાં ચૂંટાઇ આવ્યા હતા. ૧૯૪૨માં 'ભારત છોડો આંદોલન'માં બીજી વાર જેલની સજા થઇ હતી.

૧૯૪૬માં કોન્સ્ટિટ્યૂઅન્ટ એસેમ્બલીમાં ચૂંટાયેલા પ્રતાપસિંહ કૈરોં ૧૯૪૭માં આઝાદી મળ્યા બાદ રાજ્ય સરકારમાં પુનર્વસન ખાતાના પ્રધાન બન્યા હતા. તેમણે વિકાસ ખાતુંય સંભાળ્યું હતું અને પછી મુખ્ય પ્રધાન (૨૧ જાન્યુઆરી, ૧૯૫૬થી ૨૩ જૂન, ૧૯૬૪) પણ બન્યા હતા.

જોકે તેમની સૌથી નેત્રદીપક કામગીરી પુનર્વસન પ્રધાન તરીકેની હતી. દેશના ભાગલા બાદ તરત જ પ્રતાપસિંહ કૈરોંએ પાકિસ્તાનના પશ્ચિમ પંજાબથી ભારત આવેલા લાખો શરણાર્થીઓના પુનઃવસવાટની કામગીરી કુશળતાપૂર્વક નિભાવી હતી. પંજાબમાં ૩૦ લાખથી વધુ શરણાર્થીઓને રહેવા માટે ઘર આપવા, રોજગારની વ્યવસ્થા કરવી અને જમીનની વહેંચણી કરવી એ નાનીસુની કસોટી નહોતી પણ કૈરોં એમાં પાર ઉતર્યા હતા.

આવા સફળ, લોકપ્રિય અને ટોચના નેતાની હત્યા એ માત્ર પંજાબ માટે નહીં પણ સમગ્ર દેશ માટે ભારે આઘાત હતો. સરદાર પ્રતાપસિંહ કૈરોં સાથે અંગત સચિવ અજિતસિંહ, આઇ. એ. એસ. ઓફિસર અને મિત્ર બલદેવ કપૂર અને ડ્રાઇવર દલીપસિંહની કમકમાટીભરી હત્યાથી પંજાબનું પોલીસતંત્ર દોડતું ન થાય તો જ નવાઇ. એમાંય પોતે ભ્રષ્ટાચારના આરોપમાંથી નિર્દોષ બહાર આવ્યા બાદ પોતાના જ પ્રધાન રામકિસન સરકાર વિરુદ્ધ તેમણે મોરચો ખોલ્યો એના મહિનાઓમાં જ આ ઘટના બની હતી. આથી શરૂઆતમાં તો હત્યા બદલ એમના રાજકીય વિરોધીઓ પર જ શંકા ગઇ.

પંજાબ પોલીસે રાત-દિવસ એક કરીને છ-છ હજાર માણસોની પૂછપરછ કરી. થોડા દિવસમાં પોલીસે મુખ્ય આરોપી સુચાસિંહ ઉપરાંત ત્રણ જણા બલદેવ સિંહ, નાહરસિંહ અને સુખલાલની ધરપકડ કરી લીધી. આ કેસની સુનાવણી પૂરી થયા બાદ ચોથા આરોપી દયાસિંહની ૧૯૭૨ની પહેલી એપ્રિલે ધરપકડ થઇ હતી.

નીચલી અદાલતમાં ચાર આરોપીને મૃત્યુ દંડ જાહેર કરાયો. મામલો હાઇ કોર્ટમાં ગયો તો ત્યાં પણ ફાંસીની સજા યથાવત રહી. ૧૯૭૨ની ૩૦મી ઓકટોબરે સુચાસિંહ અને બલદેવસિંહને અંબાલાની જેલમાં ફાંસી અપાઇ, તો નાહરસિંહને હિસારની જેલમાં ફાંસીને માંચડે લટકાવી દેવાયો હતો.

સૌથી છેલ્લે પકડાયેલા દયાસિંહ પર ખટલો ચાલ્યો તો સેશનકોર્ટ, હાઇ કોર્ટ અને સુપ્રીમ કોર્ટે પણ ફાંસીની સજા સંભળાવી. પછી તેણે હરિયાણાના રાજ્યપાલ સમક્ષ દયાની અરજી કરી હતી. જે રાષ્ટ્રપતિ ભવનને નિર્ણય માટે મોકલી દેવાઇ હતી.

આ તબક્કે એક આંચકાજનક વળાંક આવ્યો. એ સમયની વી. પી. સિંહ સરકારના નાયબ વડા પ્રધાન ચૌધરી દેવીલાલના ધ્યાનમાં આ દયાની અરજી આવી. દેવીલાલ હકીકતમાં કૈરોંના કટ્ટર વિરોધીઓ હતા. અને ૧૯૯૧માં દયાસિંહની દયાની અરજી સ્વીકારાઇ અને ફાંસીની સજા આજીવન કારાવાસમાં ફેરવાઇ ગઇ હતી. વાત ત્યાં સુધી બહાર આવી કે કટોકટીમાં દેવીલાલ રોહતકની જેલમાં હતા, ત્યારે તેમની મુલાકાત દયાસિંહ સાથે થઇ હતી.

પ્રતાપસિંહ કૈરોંના તંત્રી -મિત્રની ફિયાટ કાર (પી.એન.ટી.૭૭૯૦)માં થયેલી હત્યા પાછળ કારણ શું હતું? જે એક બ્લુ કારને શોધવા માટે ૮૦૦ બ્લુ કારની તપાસ કરાઇ અને કોની હતી એમાં ઇશારો કરનારો કોણ હતો? એવું જાહેર થયું કે સુચાસિંહે વેર વાળવા માટે પ્રતાપસિંહ કૈરોંની હત્યા કરી હતી. કેવું વેર? થોડા વરસો અગાઉ પંજાબના જલંધર જિલ્લાના રામદાસ ગામમાં રણજિતસિંહ નામના શખસની હત્યા થઇ હતી. આમાં સુચાસિંહના પિતા અને મિત્ર પકડાયા હતા. એ બન્નેને ફાંસીની સજા થઈ, કારણ કે એમાં પ્રતાપસિંહ કૈરોંએ ઘણો રસ લીધો હતો એવું સુચા સિંહનું માનવું હતું.

આ હત્યા સાથે ભારતીય રાજકારણમાં ખૂની પરંપરા શરૂ થઇ હતી. એ રીતે એનું મહત્ત્વ અનેકગણું વધી જાય છે. (સંપૂર્ણ)■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## જીવન ચલને કા નામ, શીખતે રહો સુબહ - ઓ - શામ



નિયમિતપણે ચાલવાથી શરીરને તાજગી મળે છે અને તંદુરસ્તી જળવાય છે એ સર્વ વિદિત છે. એ પણ ખરું કે વૉકિંગ તાણમુક્ત - ચિંતામુક્ત કરે છે અને મન મોજમાં રહે છે. દુનિયા કરતા એક કદમ આગળ ચાલી રહેલા ચીનમાં એક પિતાશ્રીએ તો સંતાનોને ખાસ્સું ચલાવી જીવનના કેટલાક પાઠ પણ ભણાવી શારીરિક - માનસિક સાથે વૈચારિક તંદુરસ્તી આપી. મિસ્ટર વુ નામના ચીની ગૃહસ્થ ડ્રાઈવિંગ સ્કૂલના કામમાં અતિ વ્યસ્ત રહેતા હોવાથી પોતાના બંને બાળકો સાથે ઝાઝો સમય નહોતા રહી શકતા. બાળકો માટે 'એટીએમ' મશીન ન બની રહેવામાં માનતા આ ડેડી ૧૭ જુલાઈએ ૧૦ વર્ષની દીકરી અને ૮ વર્ષના દીકરાને લઈ પગપાળા નીકળ્યા. માત્ર સીધી સડક ચાલવાને બદલે ક્યાંક ટ્રેકિંગ પણ કર્યું. ૩૧ દિવસમાં ૮૦૦ કિલોમીટર ચરણ ચાલી કાપ્યા પછી ૧૭ ઓગસ્ટે એમની બે પગની યાત્રા પૂરી થઈ. તન - મનની સ્વસ્થતા સાથે પિતાશ્રીએ સંતાનોને જીવનના કેટલાક પાઠ પણ ભણાવ્યા, જે વિશેષ મહત્ત્વ ધરાવે છે.

પદયાત્રા દરમિયાન બાપુજીએ ખભે ૧૦ કિલો વજનની બેકપેક ઉપાડ્યો હતો અને બંને બાળકોએ પાંચ - પાંચ કિલો ભાર ઉપાડ્યો. દરરોજ ૨૩ કિલોમીટર ચાલવાનું અને બાળકોને થાક લાગે તો પોતે 'પિતાશ્રી કરતાં વધુ સ્ટ્રોંગ છે' એવું કહી એમને પ્રોત્સાહિત કરતા અને એને પગલે પગમાં જોર આવી જતું. આ ઉપરાંત, જીવનમાં પૈસાનું મહત્ત્વ સમજાવવા બાળકો માટે દૈનિક ખર્ચની મર્યાદા નક્કી કરી. જો ખર્ચ વધી જાય તો એ તફાવત પોકેટમનીમાંથી ડેડીને આપી દેવાનો. આવા જીવન પાઠ ધરાવતી સફર પૂરી થઈ ત્યારે બાળકોમાં પોઝિટિવ બદલાવ આવ્યો હોવાની લાગણી માતા - પિતાએ અનુભવી.જોયું, ચાલવાના કેવા કેવા ફાયદા છે?!

## પંખાના વાયર જોડતા દિલના તાર જોડાઈ ગયા



પહેલી નજરમાં પ્રેમ થઈ જાય, ભાઈના લગ્નમાં ભાભીની ફ્રેન્ડ સાથે ઈશ્ક થઈ જાય તો કોલેજના ભણતર દરમિયાન પ્રેમના મિનારાનું ચણતર થાય. જોકે, સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયોમાં તો ફેન રિપેર કરવા ગયેલો ઈલેક્ટ્રિશિયન પંખાના વાયરનું કનેક્શન કરતાં કરતાં દિલના તાર જોડી બેઠો. થયું એવું કે પંખો હવા ફેંકવાની જવાબદારી નહોતો નિભાવી રહ્યો એટલે ઘરમાં રહેતી તરૂણીએ ફોન કરી ઈલેક્ટ્રિશિયનને પંખો રિપેર કરવા બોલાવ્યો. કારીગર કાબેલ હતો એટલે પંખામાં રહેલી ખામી બહુ જલદી શોધી કાઢી. નવા વાયર જોડ્યા અને ફેન સરસ મજાનો પવન ફેંકતો થઈ ગયો. આ તરફ અજાણતા યુવતીના દિલના તાર ઇલેક્ટ્રિશિયન સાથે જોડાઈ ગયા. કામ પતાવી કારીગર મહેનતાણું લઈ દુકાને જવા નીકળી રહ્યો હતો ત્યારે યુવતીએ ફરી કોઈ સમસ્યા થાય તો સંપર્ક કરી શકાય એ માટે એનું વિઝિટિંગ કાર્ડ માગી લીધું. પંખો ચાલુ કરતા જ યુવતીને પંખાવાળો (ઈલેક્ટ્રિશિયન) યાદ આવી જતો અને હૈયું કાબૂમાં ન રહેતા યુવતી ફોન કરી યુવકને ઘરે બોલાવતી રહેતી હતી. આંટાફેરાનું રૂપાંતર પ્રેમમાંથી સપ્તપદીના ફેરામાં થયું અને આ વાત આસપાસના વિસ્તારમાં ફેલાઈ ગઈ. અનેક યુવકો ઈલેક્ટ્રિશિયન બની રિપેરિંગના બહાને પોતાની પેર બને - જોડી જામે એ માટે ઈલેક્ટ્રિશિયનનું કામ શીખવા ઉત્સુક જોવા મળી રહ્યા છે.

## શિકાર શિકારીને હણશે...





સિંહ હરણનો શિકાર કરે, બિલાડી ઉંદર પર તરાપ મારે કે પોલર બેર સીલને સ્વાહા કરી જાય... ટૂંકમાં મોટી માછલી નાની માછલીને ગળી જાય એ નિસર્ગનો નિયમ છે.

અલબત્ત, પ્રકૃતિ વિરુદ્ધ પણ કશુંક છાશવારે બનતું હોય છે. શિકાર શિકારીને હણવા નીકળે એવાં અલાયદા ઉદાહરણો પૈકી એક યુએસના ફ્લોરિડામાં જોવા મળવાનું છે. ફ્લોરિડામાં અજગરનો બહુ ત્રાસ છે. આ પ્રાણી માનવ વસાહત નહીં, પણ 'એવરગ્લેડ્સ નેશનલ પાર્ક'માં મોટી સંખ્યામાં નાનકડા સસ્તન પ્રાણીઓ અને હજારોની સંખ્યામાં પક્ષીઓને ઓહિયા કરી જાય છે. અજગરના આતંકથી મુક્ત થવા 'સાઉથ ફ્લોરિડા વોટર મેનેજમેન્ટ ડિસ્ટ્રિક્ટ' દ્વારા એક અભિયાન ચલાવવામાં આવે છે,જેમાં સૌથી વધુ અજગર પકડનારને રોકડ ઈનામ આપવામાં આવે છે. જુલાઈ મહિનામાં ૩૦ રાજ્યના ૯૩૪ જાંબાઝોને ૨૯૪ અજગર પકડી પાડવામાં સફળતા મળી હતી. જોકે, અજગરની વસતિ જે રીતે વધી રહી છે એ જોતા આ પ્રયત્નો ટૂંકા પડતા હોવાથી ફ્લોરિડા યુનિવર્સિટીના સંશોધકો દ્વારા મોટી સંખ્યામાં અજગરને બંદીવાન બનાવવા ૧૨૦ રોબોટ રેબિટ (યાંત્રિક સસલાં) પાર્કમાં છુટ્ટા મૂકવામાં આવશે. સસલાં અજગરનો પ્રિય ખોરાક છે અને અજગર નજીકમાં છે એવી જાણ થતાં રિમોટથી ચાલતા આ યાંત્રિક સસલાં ઉષ્ણતા અને એક વિશિષ્ટ પ્રકારની ગંધ વાતાવરણમાં છોડવામાં આવશે. એનાથી આકર્ષાઈ અજગર રોબોટ રેબિટ નજીક આવતાની સાથે દેખરેખ કરી રહેલી ટીમનો સભ્ય આવી અજગરને ઝડપી લેશે. આ પ્રયાસથી મોટી સંખ્યામાં અજગરોને પકડવામાં સફળતા મળશે એવી ધારણા છે.

## સમસ્યાનું સમસ્યાને નોતરું



આજકાલ ચીનને બાસ્કેટબોલ અને ફૂટબોલનું ભલે ઘેલું લાગ્યું હોય, ટેબલ ટેનિસ અને બેડમિન્ટન આ દેશના સૌથી પ્રિય ખેલ રહ્યા છે. બંને રમતમાં ચીને વિશ્વમાં ડંકો વગાડ્યો છે. જોકે, તાજેતરના સમયમાં બેડમિન્ટન ખેલાડીઓ એક અનોખી સમસ્યાનો સામનો કરી રહ્યા છે. ઉત્પાદનમાં વપરાતા કાચા માલના ભાવમાં અચાનક ઉછાળો આવવાને કારણે શટલકોકના ભાવમાં ધરખમ વધારો નોંધાયો છે. આની સીધી અસર સમસ્ત વિશ્વના બેડમિન્ટન શોખીનો માટેના પુરવઠાને પહોંચી છે. શટલકોક તૈયાર કરવા બતક અને હંસના પીંછા વપરાય છે. એક ઉત્તમ ગુણવત્તા ધરાવતા કોકમાં ૧૬ ચુનંદા પીંછાનો ઉપયોગ કરવામાં આવે છે. એક શટલકોક બનાવવા બે પક્ષીના પીંછાનો ખપ પડે છે. તાજેતરમાં બતક અને હંસના ઉછેરમાં ઓટ આવી હોવાથી શટલકોકનાં ઉત્પાદનમાં ઘટ આવી છે. ઉત્પાદન ઘટે એટલે ભાવ વધે એ અર્થશાસ્ત્રનો નિયમ છે. આમ એક સમસ્યાએ બીજી સમસ્યાને નોતરું આપ્યું છે. અલબત્ત, જરૂરિયાત સંશોધનને ઉત્તેજન આપે છે એ ન્યાયે સમસ્યાનો ઉકેલ મેળવવા ચીનમાં સિન્થેટિક શટલકોકનું ઉત્પાદન શરૂ થઈ ગયું છે. પ્રાયોગિક ધોરણે રમતમાં એનો ઉપયોગ પણ થઈ રહ્યો છે.

## લ્યો કરો વાત!

*જાપાન અત્યારે સમાચારમાં એ માટે ઝળકી રહ્યું છે કે વડા પ્રધાનની ટોક્યો મુલાકાત બાદ ભારતમાં ૬૮ અબજ ડૉલરનું રોકાણ કરવાની જાપાને તત્પરતા દેખાડી છે. જોકે, ઉગતા સૂર્યનો આ દેશ અન્ય એક કારણસર પણ ચર્ચાના ચોતરે ચડ્યો છે. ન્યૂઝ ચેનલના અહેવાલ અનુસાર જાપાનમાં હાલ 'પ્રેગ્નન્સી ફ્રોડ'એ માઝા મૂકી છે. આ અનોખી છેતરપિંડીમાં કોઈ પુરુષ સાથે અંતરંગ સંબંધ ધરાવતી મહિલા, સંબંધ પર પૂર્ણવિરામ આવી ગયા પછી એની સાથેના સાહચર્યને કારણે પ્રેગ્નન્ટ હોવાનું નાટક કરી પૈસા પડાવવાનો પ્રયાસ કરે છે. સ્કેમર સ્ત્રી પુરુષ મિત્રને ગર્ભવતીના પુરાવા આપતા અલ્ટ્રાસાઉન્ડ ફોટોગ્રાફ્સ (સાઉન્ડ વેવથી બાળકની ઈમેજ તૈયાર કરવી) તેમજ પોઝિટિવ પ્રેગ્નન્સી ટેસ્ટના રિઝલ્ટ મોકલી આપે છે.! સમાજમાં પોતાની છબી ન ખરડાય એ ભયથી કેટલાક પુરુષ 'પ્રેગ્નન્સી ફ્રોડ'માં ફસાય છે અને પૈસા ચૂકવી મુક્ત થવાની કોશિશ કરે છે.*

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**ખતરનાકનું નાક કેવું હોય?**
* કોઈને પણ ખોતરી નાખે એવું ખ-ત-ર-ના-ક!

**સટ્ટો ક્યાં રમાય?**
* એવી સટ્ટા બજારમાં, જ્યાંનું સરનામું પોલીસને જાણ હોય છતાં ત્યાં જવાનું ટાળે...

**લગ્ન વખતે વર અને કન્યા મેકઅપ ના કરે તો?.**
* બન્ને વેવાઈનું ખરાબ દેખાય...

**કાળા પાણી ને છાંટા પાણીમાં શું ફરક?**
* કાળા પાણીની સજા આકરી, પણ છાંટા પાણીની સજા હળવી!

**પરીક્ષાના પેપરમાં માર્ક કેમ લખાય છે?**
* પરીક્ષકને પાસ નાપાસનો ફરક ગણતાં ફાવે એટલે...

**મારે લખતાં શીખવું છે...**
* શું...હિસાબ...નોટિસ કે પછી રાજીનામું?!

**મોડર્ન શબરી ભગવાન રામને એઠાં બોર આપે તો?**
* તો એ 'ઈન થિંગ' ગણાય !

**ભૂખ્યાનો બેલી ભગવાન. તો ખાધે-પીધે સુખી હોય એનું કોણ?**
* ડોક્ટર ને ઈન્કમ ટેક્સવાળા...

**દેવું કરીને ઘી પીવાથી શું મળે?**
* વધુ દેવું કરવાની વધુ શક્તિ...

**હાથના કર્યા હૈયે જ કેમ વાગે?**
* હૈયા સાથે વધારે હેત સંકળાયેલું હોય એટલે...

**હૈયાનો હાર હોય તો મનનું શું?**
* મન કી બાત.

**કજિયાનું મ્હોં કાળું ?**
* એ ધોળું નથી હોતું એટલે...

**મુઠ્ઠી વાળીને દોડવાનો શું ફાયદો?**
* લેણદારથી વધુ દૂર ભાગી શકાય!

**કોની આગળ અને કોની પાછળ ન ચાલવું?**
* શેઠની આગળ અને ગધેડાની પાછળ ન ચાલવું...બન્ને લાત ફટકારી શકે!

## કચ્છી ચોવક

કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# હવામાં હાથ મારવાથી કંઈ ન મળે...

ઘણા લોકો સ્વભાવના શાંત અને શીતળ હોય છે. એ ગુણ પણ છે અને અવગુણ પણ છે. કહેવાય છે કે, વણિક (વાણિયા)માં એ ગુણ હોય છે, પણ તેમના શાંત કે શીતળ સ્વભાવનો ભાગ્યે જ કોઈ ગેરલાભ લઈ શકે! ભવાઈયો પણ વાણિયાનો વેશ કાઢે તો પણ અસ્સલ વાણિયો તો ન જ લાગે! એક ચોવક છે, જેમાં 'વાણિયો' શબ્દ એક પ્રતીક માત્ર છે. ચોવક છેઃ **'વાણીયેં જો વંગ, કેર ન કઢે?'** હવે આ ચોવકનો સીધો અર્થ એ થાય છે કેઃ વાણિયાનો વાંક કોણ ન કાઢે? 'વંગ' શબ્દનો અર્થ થાય છેઃ વાંક. 'કેર' એટલે કોણ અને 'કઢે' એટલે કાઢે. ચોવકના અર્થની વિષમતા અને-વિલક્ષણતા જુઓ! શાંત અને શીતળ સ્વભાવ ધરાવતા વાણિયાનો વાંક હરકોઈ કાઢે! કારણ કે એની મીઠી જબાનમાં કોઈ પણ લપસી જાય છે. પણ આ ચોવકમાંનો જે ભાવ છે તે એવો અર્થ સૂચવે છે કે, શીતળ સ્વભાવની વ્યક્તિનો ગેરલાભ લેવો!

એક બહુ સરસ અર્થ ધરાવતી ચોવક છેઃ **'વા બુકે સેં વડા ન થીયાજે'** શબ્દાર્થ છેઃ માત્ર હવામાં જાવાં નાખવાં કે હવાતિયાં માર્યા કરવાથી મોટા ન થવાય. આ અર્થમાં જે 'મોટા ન થવાય'ની વાત છે તેના પણ એકથી વધારે અર્થ છે. કંઈ ન વળે, કંઈ હાથમાં ન આવે કે કંઈ ન મળે, પૈસાદાર ન થવાય, સપનાં સાકાર ન થાય, જોઈતી ઉપલબ્ધિ ન મળે... વગેરે, વગેરે... 'વા બુકે સેં' ત્રણ શબ્દોનો સમૂહ છે, જેનો અર્થ થાય છેઃ હવામાં હાથ મારવા! 'વડા' એટલે મોટા 'ન થીયાજે' એ પણ ત્રણ શબ્દો છે જેનો અર્થ થાય છેઃ ન થવાય. પણ ભાવાર્થ તો એ થાય છે કેઃ પરિશ્રમ એળે જવો, કંઈપણ ન પામવું!

વણિક જનોના ગુણ અને કુનેહ કે કુશળતા દર્શાવતી આ ચોવક માણજો મિત્રોઃ **'વાણીયો ન વો તડેં લંકા વિઈ'**. 'નવો' એ બે શબ્દો છે, જેનો અર્થ થાય છેઃ 'ન હોતો. 'તડેં' એટલે ત્યારે. 'વિઈ'નો અર્થ થાય છેઃ (હાથમાંથી) ગઈ! લંકા? અહીં 'સોનાની લંકા' એવો અર્થ કાઢવો જ જરૂરી છે! ચોવક કહેવા એમ માગે છે કે, જ્યારે કોઈ મોટો લાભ થવાનો હોય (લંકા) તેવાં મહત્ત્વનાં કાર્યમાં કે, તે અંગેનો નિર્ણય લેતી વખતે જો જવાબદાર વ્યક્તિની ગેરહાજરીના કારણે જે ખોટ કે નુકસાન કે મોટા લાભની તક ગુમાવવી પડે!

આદર્યાં કાર્યો અધૂરાં ન મૂકવાની શીખામણ આપતી એક ચોવક પ્રચલિત છેઃ **'વણ જિતરા વઢીયોં, ઈતરા ઢેડ઼ણા પેં'** અહીં ચોવકમાં જે પહેલોજ શબ્દ 'વણ' પ્રયોજાયો છે તેનો અર્થ થાય છેઃ ઝાડ કે વૃક્ષ. 'જિતર' એટલે 'જેટલાં', 'વઢીયોં'નો અર્થ છેઃ વાઢીએં કે કાપીએં. 'ઈતરા' એટલે એટલા. 'ઢેડ઼ણા'નો અર્થ થાય છેઃ ઢસેડવાં. 'પેં' એટલે પડે. ઝાડ કે વૃક્ષ જેટલાં કાપીએં એ બધાં ઢસેડવાં જ પડે! એકથી વધારે ભાવાર્થ ધરાવતી આ ચોવકનો પહેલો ભાવાર્થ એ છે કે, 'આદર્યાં કામ પૂરાં કરવાં જોઈએ, અને બીજો ભાવાર્થ એ પણ થઈ શકે છે કે, 'વાવો તેવું લણો', 'કર્મનાં ફળ ભોગવવાં પડે' 'જેવું કરો તેવું પામો.' વગેરે...

એજ વૃક્ષને પ્રતીક બનાવતી બીજી ઘણી ચોવકો છે પણ આ ચોવકઃ **'વણ-વણ, કણ-કણ થિઈ વ્યો'** વૃક્ષો કપાઈ જાય પછી જંગલ બરબાદ થઈ જાય તેમ જીવનમાંથી વૃક્ષોની માફક સુખની હરિયાળી સુકાઈ જાય ત્યારે જે સ્થિતિ સર્જાય છે, તે સ્થિતિની વાત કહે છે આ ચોવક! 'વણ-વણ' એટલે વૃક્ષો, 'કણ-કણ' ધૂળમાં મળી જવું કે 'ધૂળ-ધાણી' થઈ જવું મતલબ કે અસહ્ય બરબાદી થઈ જવી. પછી એ જંગલની હોય કે જીવનની!

## મગજ મંથન

વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# આજના શિક્ષક પોતાની જવાબદારી પ્રત્યે કેટલા સભાન?

### આવો, જાણીએ ૫ સપ્ટેમ્બર શિક્ષકદિન અવસરે...

હવે છે 'શિક્ષણ યુગ'...

વર્તમાનકાળમાં 'શિક્ષણ'ની ચારેકોર બોલબાલા છે. 'શિક્ષણ' શબ્દ 'શિક્ષા' પરથી આવ્યો છે. 'શિક્ષા'નો મૂળ અર્થ 'દંડ' એવો થાય છે. શિક્ષણનો હેતુ કોઈને દંડ આપવાનો નહીં, પણ ફરજિયાતપણે સામી વ્યક્તિને સામાજિક શિષ્ટાચાર અને સુયોગ્ય વ્યવહાર તરફ વાળવાનો હોય છે.

અહીં 'આત્મજ્ઞાન'ની જગ્યાએ 'જીવનજ્ઞાન'ની વાત છે. જેવી રીતે જ્ઞાન ગુરુ દ્વારા આપવામાં આવે છે, વિદ્યા આચાર્ય પાસે જવાથી મળે છે તેમ શિક્ષણ એ શિક્ષક દ્વારા આપવામાં આવે છે. શિક્ષક શુદ્ધ, સાધુ ચરિત્ર અને વિવેકપૂર્ણ જીવન જીવનાર હોવો જોઈએ. શિક્ષક વિદ્યાર્થીનું આંતરિક ઘડતર કરે તેવો હોવો જોઈએ. શુદ્ધ, સાત્વિક જીવન વગર યોગ્ય શિક્ષક બની શકાતું નથી.

ઘણીવાર આપણા મનમાં પ્રશ્ન ઊઠે કે આજકાલ શિક્ષકો ભણાવવા માટે રૂપિયા-પૈસા લે છે તો એ 'યોગ્ય શિક્ષક' કહી શકાય?

આપણે સૌ જાણીએ છીએ કે ધનનો મુખ્ય હેતુ જીવન નિર્વાહનો હોય છે. પ્રાચીન કાળના સદ્‌ગુરુને ધનની બહુ જરૂર રહેતી નહોતી, કારણકે સમાજના લોકો જ એમના જીવન નિર્વાહની વસ્તુઓ પૂરી પાડતા હતા, પરંતુ આજના શિક્ષકનું શું?

શિક્ષક એ સમાજનું જ એક અંગ છે, જે શિક્ષકો કોઈ સંસ્થા, શાળા અને કોલેજોમાં ભણાવતા હોય એ પોતાનું વેતન જરૂર લઈ શકે તેમ જ જે શિક્ષકો ખાનગી શિક્ષણ આપતાં હોય એમણે પોતાના જીવનનિર્વાહ જેટલું જ લેવું જોઈએ. અહીં ખાનગી શિક્ષણમાં ટ્યુશન કે ક્લાસીસની વાત નથી, પણ જે અભ્યાસક્રમમાં ઘરે બેઠાં કરવાના હોય, તે માટે મદદરૂપ થતા શિક્ષકોની વાત છે.

ટ્યૂશન અને ક્લાસીસ દેશનું દૂષણ બની ગયા છે. તેના લીધે જ શિક્ષણ 'પ્રોફેશનલ' બની ગયું છે. ટ્યુશન અને ક્લાસીસને કારણે શિક્ષણમાં ભ્રષ્ટાચાર રૂપી સડો વ્યાપી ગયો છે. ટ્યૂશન અને ક્લાસીસ ચલાવતા શિક્ષકોને વિદ્યાર્થીના ભાવિની કોઈ ચિંતા નથી હોતી, એમને પોતાના ક્લાસના ઊંચા પરિણામની વધારે ચિંતા હોય છે. આ બધાનો ઉપાય વિદ્યાર્થીઓને શાળા અને કૉલેજોમાં જ યોગ્ય શિક્ષણ આપીને દૂર કરી શકાય. આ બધા માટે શિક્ષકે નિષ્ઠાપૂર્વક પોતાની



ફરજ બજાવવી જોઈએ.

શિક્ષક નીતિવાન, સદાચારી અને સદ્‌ગુણી હોવો જોઈએ. વિદ્યાર્થીનાં જીવનનિર્વાહ માટે એમને ઉત્તમ શિક્ષણ આપે તેવો હોવો જોઈએ. વિદ્યાર્થીઓના ધન પર પોતાનું ગુજરાન ચલાવનાર શિક્ષકે વિદ્યાર્થીઓને જીવનનો રાજમાર્ગ બતાવીને પોતાનું કર્તવ્ય અદા કરવું જોઈએ. આ શિક્ષકનો ધર્મ છે અને ફરજ છે.

શિક્ષક પોતાની ભૂમિકા અને જવાબદારીઓ પ્રત્યે સભાન હોવો જોઈએ. પ્રવર્તમાન સમયમાં શિક્ષકની ભૂમિકા બદલાઈ રહી છે. શિક્ષકે માત્ર ભાષણ સ્વરૂપે માહિતી જ આપવાની નથી, પરંતુ વિદ્યાર્થીઓને સમૃદ્ધ અને અસાધારણ શૈક્ષણિક અનુભવો પૂરા પાડવાના છે. આજના સમયમાં શિક્ષણ પડકારરૂપ છે, કારણ કે રાષ્ટ્રની સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક સ્વાસ્થ્યની જવાબદારી શિક્ષકની છે, ત્યારે શિક્ષકે વિદ્યાર્થીના friend, philosopher and guide તરીકેની ભૂમિકા અદા કરવી જોઈએ. શિક્ષણ એ શૈક્ષણિક વ્યવસાય જ છે.

**શિક્ષક એક સલાહકાર (Teacher as a Counsellor):**

આજે શિક્ષણ વર્ગની ચાર દીવાલોમાંથી બહાર આવીને ઘર, સમાજ અને વિશ્વમાં વિસ્તરી ચૂક્યું છે ત્યારે વિદ્યાર્થી માત્ર નિષ્ક્રિય શ્રોતા નથી. આજે શાળામાં વિદ્યાર્થી ખાલી મગજ સાથે આવતો નથી, કારણ કે વિવિધ સમૂહ માધ્યમો જેવાં કે ટીવી, રેડિયો, મોબાઈલ વર્તમાન પત્રો વગેરે દ્વારા અનેકવિધ જ્ઞાન પીરસાઈ રહ્યું છે. વિદ્યાર્થી વિવિધ પ્રશ્નો, મૂંઝવણ અને શીખવાના ઉત્સાહ સાથે શાળાએ આવે છે. આવા સંજોગોમાં શિક્ષકે માત્ર માહિતીના મશીનગનથી વિદ્યાર્થીના માનસિક ભારને વધારવાનો નથી, પરંતુ વર્ગખંડમાં એવું વાતાવરણ ઊભું કરવાનું છે, જેમાં વિદ્યાર્થી જાતે શીખતો થાય એટલે કે શિક્ષકે અહીં સુવિધા કરનાર (facilitator) તરીકે વર્તવાનું છે. એના માટે શિક્ષકે ચીલાચાલુ લેક્ચર પદ્ધતિના બદલે પ્રોજેક્ટ, ચર્ચા, સમૂહ ચર્ચા, સમૂહ કાર્ય, ક્ષેત્રિય મુલાકાત, પ્રવાસ પદ્ધતિ સ્વીકારવી જોઈએ.

દાખલા તરીકે, 'આપણા વ્યવસાયકાર' પાઠમાં ચિત્રની મદદથી 'કુંભાર'ની માહિતી આપવાને બદલે કુંભારના ઘરે વિદ્યાર્થીઓને લઈ જવા અને નિરીક્ષણ અને જાત અનુભવથી વિદ્યાર્થીઓ કુંભારનું કાર્ય, ઉપયોગમાં આવતાં સાધનોથી વાકેફ બને તો તે જ્ઞાન ચિરસ્થાયી રહે છે. આવી જ રીતે અન્ય વ્યવસાયકારોની જાણકારી પણ આપી શકાય

**શિક્ષક એક વ્યવસ્થાપક(Teacher as a class-room Manager):**

દરેક વ્યક્તિના જીવનમાં શાળાનાં સંભારણાં યાદગાર બની રહે છે. આપણે જો યાદ કરીએ તો આપણા જીવનમાં કેટલાક શિક્ષક આપણાં આદર્શરૂપ બન્યા હોય છે. તેવા શિક્ષક પોતાનામાં રહેલા ગુણોને કારણે વિદ્યાર્થીને પ્રભાવિત કરે છે. શિક્ષકે વ્યવસ્થાપક તરીકે વિદ્યાર્થીઓના શિક્ષણ, શાળા પર્યાવરણ, મિત્રો અને કુટુંબને લગતા પ્રશ્નો જાણી તેને દૂર કરવા વિદ્યાર્થીઓને મદદરૂપ બનવું જોઈએ. શિક્ષકે લાગણીશીલ, પ્રેમાળ બની વિદ્યાર્થીઓ સાથે આત્મીયતા કેળવવી જોઈએ. એમના મિત્ર બનવું જોઈએ.

નવી કૉલમ

સિક્કાની ત્રીજી બાજુ
__જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com



# એક સમયે સિક્કાનાય સિક્કા પડતા હતા!

**એક સમય સિક્કાનો પણ હતો, કોણ માનશે? 'ઠન ઠન કી સૂનો ઝનકાર' ગીત કે 'આ તું નહીં, તારો પૈસો બોલે છે' એવો જૂની રંગભૂમિનો ચોટદાર સંવાદ સર્જાયો એટલા માટે કે પૈસા રણકતા હતા... પૈસા જ નહીં, રૂપિયા પણ!**



અગિયાર વર્ષ પહેલાંની વાત છે. સાત ડિસેમ્બર ૨૦૧૪એ 'મુંબઈ સમાચાર'માં આ લેખકની 'સિક્કાની બીજી બાજુ' કોલમ શરૂ થઈ હતી અને આજે ત્રણ સપ્ટેમ્બરે 'સિક્કાની ત્રીજી બાજુ' કોલમથી પુનરાગમન થઈ રહ્યું છે. કદાચ, આ પહેલો એવો કિસ્સો હશે કે કોલમની સિક્વન્સ (કે આજની ફિલ્મી ભાષામાં 'સિક્વલ'! ) આવી હોય : પહેલાં 'સિક્કાની બીજી બાજુ' અને હવે 'ત્રીજી બાજુ'.! આ નામકરણનો શ્રેય અલબત્ત, ' મુંબઈ સમાચાર'ના તંત્રી વિભાગને જાય છે.!

હવે અહીં પ્રશ્ન એ જાગે કે સિક્કાની ત્રીજી બાજુ પણ હોઈ શકે?

કેમ ન હોઈ શકે? અત્યાર સુધી આપણે 'સિક્કાની બીજી બાજુ' રૂઢિપ્રયોગ સાંભળ્યો છે, પરંતુ આ યુગ થ્રી-ડીનો છે- થર્ડ ડાયમેન્શનનો. વિજ્ઞાન તો કહે છે કે ફોર્થ ડાયમેન્શન પણ છે એટલે શું ખબર, આ કોલમની ત્રીજી સિક્વલ ભવિષ્યમાં 'સિક્કાની ચોથી બાજુ' તરીકે પણ આવે! .

'સિક્કો' શબ્દ અરબી છે. સંસ્કૃત શબ્દ મુદ્રા છે. સિક્કાનો બીજો એક અર્થ દસ્તાવેજ પર પ્રમાણિત કરવા માટે લગાવાતી સ્ટેમ્પ પણ છે. સહી અને સિક્કા બંને સાથે બોલાય છે. સહી-સિક્કા કરાવી લેજો એમ કહેવાય છે. સિક્કો છે તો આર્થિક જગતની વસ્તુ, પરંતુ તેના પરથી સાહિત્ય અને બોલચાલમાં અનેક રૂઢિપ્રયોગો જોવા મળે છે, જેમકે...

'સિક્કો ચાલી જવો' એટલે સફળ થવું અને 'ખોટો સિક્કો ચાલી જવો' એટલે આવડત વગરની વ્યક્તિનું સફળ થવું. (ઢીંચાક પૂજા, ઉર્ફી જાવેદ, મુન્નવર ફારુકીનાં નામો કોણ બોલ્યું?) 'સિક્કા પડે છે' એટલે સફળતા બોલે છે.

આજ રીતે, 'હમણાં થોડા દિવસ પર મારા હાથમાં, કોણ જાણે ક્યાંથી, ખોટી બે આની આવી પડી હતી. એ બે આની ખોટી છે એમ જ્યારે મોદીએ પાછી આપતાં અર્ધતિરસ્કારયુક્ત અવાજે મને જણાવ્યું ત્યારે 'કયો મોરલો આ કળા કરી ગયો?' એમ મને થયું, પરંતુ એ પ્રશ્નનું નિરાકરણ થઈ શકે તો પણ એથી આટલી બે આની પૂરતી મારી ગરીબાઈ એમાં ઓછી થાય તેમ નહોતું.

એ પ્રશ્ન પડતો મૂકી એ બે આનીને શી રીતે ચલાવવી તેનો મેં વિચાર કરવા માંડ્યો.

જી હા, હાસ્ય લેખક જ્યોતીન્દ્ર દવેની આ હાસ્યકથા છે એટલે એમાં મોદીનો અર્થ ભળતોસળતો ન કરવો. મોદીનો અર્થ અહીં કરિયાણાનો વેપારી છે. ઉપરોક્ત હાસ્યકથામાં જ્યોતીન્દ્રભાઈ, કેટલાક નેતાઓ જેમ વારંવાર લોન્ચ થાય છે તેમ,ખોટી બે આનીને ચલાવવા વારંવાર (વ્યર્થ)પ્રયત્ન કરે છે, પરંતુ ચાલતી નથી અને જ્યારે ચાલે છે ત્યારે સામેવાળો ખોટી પાવલી પધરાવી દે છે.

બાય ધ વે, પાવલીનો અર્થ શબ્દકોશ પ્રમાણે તો બુદ્ધિહીન થાય છે, પણ હવે થોડા જ દિવસો પછી નવરાત્રિનો તહેવાર આવશે તેમાં એક ગરબો ગવાશે-ગૂંજશે : 'પાવલી લઈને હું તો પાવાગઢ ગઈ હતી, પાવાગઢવાળી મને દર્શન દે, નહીં તો મારી પાવલી પાછી દે.,,,!'

બોલો, આજે પાંચ રૂપિયા-દસ રૂપિયાના સિક્કા પણ ચલણમાં ઓછા જોવા મળે છે ત્યારે આ બહેનને પાવલીમાં માતાજીના દર્શન કરવા છે અને પાછું, માતાજી દર્શન ન આપી શકે તો માતાજીએ પાવલી પાછી આપવી જોઈએ તેવી માગણી બહેન કરે છે!

આ ગરબો લખાયો હશે ત્યારે પાવલીની મોટી કિંમત હતી, પરંતુ ચલણી સિક્કાનું મૂલ્ય આજે ખૂબ ઓછું છે. ચરાંદીના સિક્કાનું જ મૂલ્ય છે. એક સમય સિક્કાનો પણ હતો, કોણ માનશે?

'ઠન ઠન કી સૂનો ઝનકાર' જેવું ગીત એટલા માટે બની શકતું કે ત્યારે પૈસા રણકતા હતા. પૈસા નહીં, રૂપિયા પણ... આજે તો પૈસાનો અર્થ નાણાંના અર્થમાં જ થાય છે, કારણ કે પેટ્રોલ અને શૅર સિવાય બહુ ઓછી જગ્યાએ વ્યવહાર અથવા તો મૂલ્ય રૂપિયા અને પૈસા બંનેમાં હોય છે. પચાસ પૈસા પણ નથી જોવા મળતા હવે તો. પહેલાં તો પાંચિયું એટલે પાંચ પૈસા, દસિયું એટલે દસ પૈસા, પાવલી એટલે ચાર આના એટલે કે પચ્ચીસ પૈસા, આઠ આના એટલે પચાસ પૈસા જોવા મળતા હતા. સોળ આના એટલે એક રૂપિયો થતો. પાંચિયામાં ચણા, દાળિયા, સિંગ શું-શું નહોતું આવતું? તોય કહેવત એવી પડી કે 'ફલાણાની સામે તો આનું પાંચિયું ન આવે! '

પૈસા રણકતા હતા કારણકે સિક્કો ધાતુનો બનેલો હતો. એટલે ખિસ્સામાં હોય કે થેલીમાં, એ રણક્યા વગર ન રહે. એ રણકાર મધુર લાગતો હતો, કારણકે પૈસાથી ઘણું બધું આવતું.

આજે આ સિક્કો રહ્યો છે માત્ર ક્રિકેટ મેચમાં. ક્રિકેટ મેચમાં સિક્કો ઉછાળીને નક્કી કરવામાં આવે છે કે કોણ પહેલાં બેટિંગ કરશે અને કોણ બોલિંગ?

જોકે, સિક્કો ઉછાળવાનું જો 'શોલે'ના જય જેવા કેપ્ટન પાસે હોય તો તે જીતે જ. હમણાં ઑગસ્ટમાં જ પચાસ વર્ષ ભલે થઈ ગયાં હોય એ ફિલ્મને, પણ તેની એક-એક વાત આજેય લોકોને સ્મરણમાં છે. એટલે જ યાદ છે એ સિક્કો પણ, જેની બંને બાજુ હેડ જ હતી. આથી વીરુ સાથે મળીને કોઈ નિર્ણય કરવાનો હોય તો જય સિક્કો ઉછાળતો અને હંમેશાં જીતતો.

થિયેટરમાં 'શોલે' જેવી સુપરહિટ ફિલ્મ હોય અને તેમાં કોઈ સારો સંવાદ અથવા 'જબ તક હૈ જાન' જેવું ગીત આવતું હોય તો લોકો પ્રસન્ન થઈને પડદા પાસે સિક્કા ફેંકતા. હવે તો ડાયરામાં પણ રૂપિયાની નોટો ફેંકવામાં આવે છે અને ક્યાંક તો ડૉલર ફેંકાય છે.



જોકે, બધા નિર્ણયો સિક્કા ઉછાળીને ન થાય. રાજનીતિજ્ઞ અને સાથે કવિનું બહુ ઓછું જોવા મળતું સંયોજન ધરાવતા ડો. ઉદયપ્રતાપસિંહે લખ્યું છે :

*સબ ફૈસલે હોતે નહીં સિક્કા ઉછાલ કે, યે દિલ કા મુઆમલા હૈ, ઝરા દેખભાલ કે*

*મોબાઇલોં કે દૌર કે આશિક કો ક્યા પતા, રખતે થે કૈસે ખત મેં કલેજા નિકાલ કે.*

*યે કહ કે નઈ રોશની રોએગી એક દિન, અચ્છે થે વહી લોગ પુરાને ખયાલ કે...!* ■

**આડ-વિચાર :** *તરંગી મોગલ સુલતાન તઘલખે ૧૪મી સદી-૧૩૩૦માં આર્થિક વહેવાર માટે ચામડાના સિક્કા શરૂ કર્યા હતા...!*

શરદ જોશી સ્પીકિંગ ___સંજય છેલ
feedback@bombaysamachar.com

# મધ્યમ વર્ગની મહામૂડી-કેઝ્યુઅલ રજાની કશમકશ!




મારું એક મન કરે છે કે 'નોકરીએ જાઉં'ને બીજુ મન કરે છે કે 'ન જાઉં!' સાલું, કંઈ સમજાતું નથી.

વિચારું છું કે 'ચલો, જઈ જ આવીએ...' પછી થાય કે, 'શું જરૂર છે? રહેવા દઉં.!'

સવારથી આ જ વિચારી રહ્યો છું, પણ તબિયત ગલીપચી કરે છે કે નહીં જ જાઉં, સૂઈ જાઉં. ઘરે જ રહીને બપોરિયું કરીએ અને જો મૂડ થશે તો એકાદ મેટિની શોમાં બેઠક જમાવીશું. પછી વિચારું છું, બધું નકામું છે, ઘરે રહેવાનો શું ફાયદો? કાલે તો આમ પણ રજા જ છે. કાલે બપોરે સૂઈ જઈશ... આજે કારણ વગર એક દિવસ બગડશે.

પણ સાલો, રજાના દિવસે તો જે વિચાર કર્યો હોય,એ જ ન થઈ શકે! દોસ્તો મળવા આવી જાય છે. કોઈ કમીનું ક્યાંકથી આવી ટપકી જ પડે છે અથવા તો કોઈ સગુંવ્હાલું ટપકી પડે..ને આખો દિવસ મસાણમાં બરબાદ થઇ જાય છે. આજે ન જાઉં તો એક દિવસનો આરામ થઈ જશે. બે દિવસ સળંગ મળી જશે. પણ પછી થાય છે કે, 'યાર...' ફાલતુમાં એક કેઝ્યુઅલ રજા વપરાઇ જશે. પછીથી કદાચ જરૂર પડે કારણ કે એ છે કે વર્ષ પૂરું થવામાં બે મહિના બાકી છે. કોણ જાણે ક્યારે શું થશે? પણ એમાં શું થઈ ગયું? કેઝ્યુઅલ રજા બચાવીને શું અથાણું બનાવશું? કમ્બખ્તને લઈ જ લઈએ, જે થશે એ જોયું જશે! ત્રણ કેઝ્યુઅલ બચી છે. એક લઈશું તો પણ બે તો બચી જશે. એને પછી લઈ લઈશું.

પછી એક વિચાર એવો આવે છે કે, ત્યારે પછી ડિસેમ્બરમાં ત્રણ દિવસ એકસાથે લઈ લઈશું ને ક્યાંક બહારગામ ફરી આવીશું.

...પણ ક્યાં જઈશું? આજકાલ તો ક્યાંય પણ આવવા જવાનું નથી થતું! ઘરમાં ને ઘરમાં જ હોઇએ. પાછું ત્રણ દિવસની કેઝ્યુઅલ લેવામાં નક્કર બહાનું શોધવું પડે. કમબખ્ત, ઓફિસવાળા પૂછે કે 'કેમ ત્રણ દિવસ અચાનક રજા લેવી પડી? ચોખવટ કરો! પહેલાથી માહિતી આપી ન શકાય?' અને અગાઉથી માહિતી આપીએ તો પાછા રજા નામંજૂર કરી દે. બધી વાતે લોચા!

વાત એમ છે ને કે ડિસેમ્બરમાં બધા પોતપોતાની કેઝ્યુઅલ પૂરી કરવાનું વિચારે છે. તો કરીએ શું? એક દિવસની રજા અત્યારે લઈ લઇએ તો એમાં શું નુકસાન થવાનું છે? સાલી, બહુ મૂંઝવણભરી પરિસ્થિતિ છે. ઓફિસ જઇ જ આવું! જો કે ઓફિસમાંયે શું કામ છે? બેસી તો રહેવાનું છે. જો તક મળશે તો ત્યાં જ રેકોર્ડરૂમ અથવા સ્ટોરરૂમમાં ઘૂસીને કલાક બે કલાક સૂઈ લેશું. શું છે કે, કોઈ કામ તો છે નહીં. સાહેબ તો બે વાગ્યાથી મીટિંગમાં જશે, બધાં સાલા કેન્ટિનના ચક્કર કાપશે. ગપ્પા મારશે, બીજું શું? જેવું ઘર, એવી જ ઓફિસ!

-તો પછી ઓફિસ જતો જ રહું. પેલી ફાઈલ પણ આજે સાહેબને સહી કરવા માટે આપવાની છે. કદાચ માગી લે તો? સાહેબ બોલાવશે ને એમને ખબર પડશે કે હું રજા પર છું, તો નકામા ભડકશે! પછી થાય છે કે જરૂરી થોડું છે કે એ આજે જ સહી કરશે? કદાચ ફાઈલ આજે નાયે માગે. એમનું મગજ તો મીટિંગમાં બિઝી હશે. અગિયાર વાગ્યે એ ઓફિસ આવશે, બે વાગ્યે મીટિંગ છે. એવું પણ બની શકે કે, જો ફાઈલ લઈને જાવ તો પણ સહી ન કરે. ને કદાચ ફાઈલ માગશે તો પણ વર્મા સહી કરાવી લેશે. સામે ટેબલ પર જ તો પડી છે. જ્યારે વર્મા રજા લે છે ત્યારે અમે પણ એનું કામ કરીએ જ છીએને? એમાં શું? સહી જ તો કરાવવાની છે! ડ્રાફ્ટ સાહેબે જોઈ લીધો છે. બે મિનિટનું જ કામ છે, પરંતુ વર્મા બડબડ કરશે. બની શકે કે, એવું કહી પણ દે,'સર, ફાઈલ મળતી નથી' હરામી સાલો! કારણ વગર વાત વધશે! સહી થઈ તો જશે પણ ફોગટનો એનો ઉપકાર ચઢશે. ઓફિસ જતો જ રહું....એક બાજુ મન થાય છે કે કેઝ્યુઅલ તો કેઝ્યુઅલ છે. માણસનો હક છે! જ્યારે જરૂર પડે, ત્યારે લે. 'આઈ એમ સીક.'

શું કરશો, થાય તે કરી લો! બસ, મારી તબિયત, મારી મરજી, એક દિવસ નહીં જાઉં તો કયું કામ અટકી જશે?

એ ઊભો થયો ને અંદર ગયો. કિચનના દરવાજાની જાળી અડીને ઊભો ઊભો થોડીવાર કામ કરતી પત્નીને જોતો રહ્યો. પછી કહ્યું:

'આજે ઓફિસ જવાનું મન નથી થતું...'

'કેમ?'

'આમ જ. વિચારું છું કે રજા લઈ લઉં. ત્રણ દિવસની કેઝ્યુઅલ બાકી છે. નકામી જશે! '

'હા, લઈ લો....' પત્નીએ કહ્યું ને ફરી કામ કરવા લાગી.

થોડી વાર મૂંગા ઊભા રહ્યા પછી એ પાછો બોલ્યો :

'શું લાગે છે, લઈ લઉં રજા? પણ ઘરે પણ શું કરીશું? '

'હા, કંઈ કામ તો છે નહીં' પત્નીએ કહ્યું.

'એ જ વિચારું છું. ફાલતુમાં એક દિવસની કેઝ્યુઅલ જશે. શું ફાયદો? આગળ કદાચ લેવાની જરૂર પડે. ઓફિસ જતો જ રહું.'

'તો જતા રહો.'

'હા... એ જ વિચારું છું. શું કરું?'

થોડી મિનિટ રોકાઈને, પાછો કહેવા લાગ્યો : 'રજા લઈ લેત તો એક દિવસનો આરામ થઈ જતે. કાલે રજા જ છે. પછી પરમ દિવસે ઠાઠથી ઓફિસ જાત! ઈચ્છા નથી થતી ઓફિસ જવાની, પણ હવે ઘરે રહીને પણ શું કરીશું કેમ?'

એ બાલ્કનીમાં જઈને તડકામાં ઊભો રહી ગયો. નળમાંથી પાણીની પાતળી ધાર વહેતી હતી. એણે વિચાર્યું, જો ઓફિસ જવાનું જ છે તો હવે એણે નાહી લેવું જોઈએ. નહીં તો પછી મોડું થઈ જશે. નહીં પણ જવું હોય, તો પણ નાહી લેવામાં શું નુકસાન છે? પાણી ગરમ કરાવી લીધું હોય તો સારું થાત. ઉતાવળ શું છે? ઓફિસ નહીં ગયા તો પછીથી ગરમ કરાવીને તબિયતથી નાહીશું.

એણે બંને હાથ માથા પર મૂક્યા અને પગ પછાડતો પાછો અંદર આવી ગયો. થોડી વાર રૂમની વચ્ચે ઊભા રહ્યા પછી એ પાછો પલંગ પર બેસી ગયો.

શું કરીએ? એક બાજુ મન કરે છે કે આજે કંઈ મન નથી થઈ રહ્યું. આળસ ચઢે છે. જોકે જવામાં પણ કોઈ નુકસાન તો નથી. ત્યાંયે કોઈ કામ છે નહીં. સાહેબ બોલાવે કદાચ ફાઈલને માટે. નહીં મળશે તો ગુસ્સે થશે. ખાલી ખોટી ઈમ્પ્રેશન બગડશે. તેલ લગાવા જાય, બગડવા દે! મેં કંઈ ઇમાનદારીનો ઠેકો લઈ રાખ્યો છે? બધા મજા કરે છે અને આપણે એક દિવસની કેઝ્યુઅલ પણ નહીં લઈ શકીએ? હદ છે, યાર! નોકરી કરીએ છે તો શું ગુલામ બનીને વેંચાઇ ગયા છીએં? 'આઈ એમ સીક' નો શું અર્થ થાય છે? ત્રણ દિવસની કેઝ્યુઅલ બાકી છે. બચાવીને કરવું શું છે? આપણે જ મૂરખ બનીશું. કોઈ પીઠ નહીં થાબડે.

શું છે કે ગમે તેટલી ભલમનસાઈ દેખાડો કોઇ મતલબ નથી. ઘરે રહીશું તો આરામ કરીશું. જેને ઓફિસ જવું હોય એ જાય! માણસે ક્યારેક ક્યારેક થોડો આરામ કરવો જોઈએને? પરંતુ આરામ ક્યાં મળે છે? ઘરે પણ આરામ ક્યાં મળે છે? બીજું શું, બેકારમાં આળસ ચઢશે! જ્યાં સુધી આરામનો સવાલ છે, ઓફિસમાં પણ થઈ શકે છે. સાહેબ હશે નહીં. બધા મજા કરશે. જવું કે નહીં જવું- સરખું જ છે.

ત્યાં સાડીથી હાથ લૂછતા લૂછતા આવેલી પત્ની બોલી :'પછી શું તમે ઓફિસ જવાના છો કે નહીં?'


'એ જ વિચારું છું, જાઉં કે ન જાઉં! એક બાજુ મન કરે છે કે જતો રહું ને એક બાજુ મન કરે છે કે રહેવા દઉં.'

'વિચારી લ્યો!' પત્નીએ કહ્યું

'હમ્મ્મ...' કહીને એ પાછો વિચારવા લાગ્યો! ■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# જિંદગીના રંગના આલિંગનની કવિતાઃ સૂર્યાસ્ત



આપણી આસપાસની માન્યતાઓ તેમ જ સાંભળવા મળતી વાતોમાં 'સવાર' નવી આશા અને જીવનમાં ઉમંગ લઈને આવે છે.

બીજી તરફ, આપણા મોટાભાગના સાહિત્ય અને સિનેમાએ સાંજને ઉદાસી, વિરહ અને એકલતા સાથે જોડી દીધી છે. જાણે કે સૂર્યાસ્ત માનવીના જીવનની ક્ષણભંગુરતાની વાત કરતો હોય છે. સૂર્યનું અસ્ત થવું જીવનના અંતનું પ્રતીક બની ગયું છે, સૂર્યાસ્ત જોતા વ્યક્તિ ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય પર ચિંતન કરવા લાગે છે. માણસ સૂર્યાસ્તના રંગો અને પ્રકૃતિની અદાઓથી માણે તો પોતાના તણાવને મુક્ત કરીને આંતરિક શાંતિનો અનુભવ કરી શકે છે

સનસેટ વખતે આકાશમાં જોવા મળતા દરેક રંગ, પવન અને પક્ષીઓના અવાજ પર ફોન અને વ્યસ્તતાથી દૂર રહીને શાંતિથી સનસેટનો અનુભવ કરશો તો અલગ અનુભૂતિ થશે.

આપણે હિલ સ્ટેશન પર ફરવા જઈએ છીએ ત્યારે ફરવા માટે કોમન પોઈન્ટનું નામ સાંભળીએ છીએઃ 'સનસેટ પોઇન્ટ.' વેકેશન માણવા નીકળ્યા છીએ તો સનસેટ પોઇન્ટની ફોર્મલ મુલાકાત લેવી જોઈએ એવી વાતને મગજમાંથી કાઢીને એકવાર શાંતિથી સનસેટ થતો જોશો તો સમજાશે કે પ્રકૃતિનું સૌંદર્ય કોને કહેવાય. શહેરી વિસ્તારમાં પ્રદૂષણ વધુ હોય તો સનસેટ વધુ વાઇબ્રન્ટ અને લાલ દેખાય છે, કારણ કે મોટા રજકણો પ્રકાશને વધુ વિખેરી નાખે છે, જ્યારે હિલ સ્ટેશનના શુદ્ધ હવાવાળા વિસ્તારોમાં પ્રકાશના કિરણો હળવા અને સોફ્ટ હોય છે.

સનસેટ પોઇન્ટ પર પર્વતો જાણે વિદાય થતાં સૂર્યને આલિંગન આપી રહ્યા હોય અને સૂર્ય ધીમે ધીમે લાલાશ પકડીને પશ્ચિમના ક્ષિતિજ તરફ ઢળી રહ્યો હોય છે. એવું લાગે કે પંખીઓની ઉડાન વચ્ચે આકાશ એક વિશાળ કેન્વાસ બની જાય છે. સૂર્યના કિરણો નારંગી, લાલ અને સોનેરી રંગોના તરંગોમાં ફેલાવા લાગે છે. કોઈ ચિત્રકારે સૂર્યાસ્ત સાથે આકાશને રંગોની મહેફિલથી સજાવ્યું હોય એવું લાગે.

વિચાર તો કરો કે પૃથ્વી પર વાતાવરણ ન હોત તો સનસેટના રંગો જ ન હોત. સૂર્ય સફેદ અને તીવ્ર દેખાતો હોત અને તે અસ્ત થાય એટલે સીધો અંધકાર થઇ જાત. સનસેટ જોવો એ માત્ર એક દૃશ્યનો આનંદ નથી, પરંતુ એવો અનુભવ છે, જે મન, શરીર અને આત્માને સ્પર્શી શકે છે. સાથીનો હાથ પકડીને સનસેટ માણો તો જીવનના રોમાન્સની બેલેન્સશીટ લાઈફટાઈમ પ્રોફિટેબલ જ લાગશે.

ટાગોરે તો અવારનવાર કહ્યું છે કે સૂર્યાસ્ત તો પ્રકૃતિની દિવ્ય કવિતા છે. ખામોશી સાથે સૂર્યાસ્ત માણવા ખામોશીનું જ અદ્ભુત ગીત યાદ કરો તો સૂર્યાસ્તની કિંમત સમજાશે, 'વો શામ કુછ અજીબ થી યે શામ ભી અજીબ હૈ, વો કલ ભી પાસપાસ થી વો આજ ભી કરીબ હૈ'. આપણા બાબુમોશાયનું સાંજ માટેનું અદ્ભુત નજરાણું એટલે 'કહીં દૂર જબ દિન ઢલ જાયે, સાંઝ કી દુલ્હન બદન ચુરાયે' સિનેમાએ સાંજ માટેની અદ્ભુત રચનાઓ સાથે જોડીને રંગીન બનાવી છે. પ્રેમ અને વિરહની વેદના સાથે સાંજને જોડીને યાદગાર ગીતો આપ્યા છે. 'ચિત્તચોર' ફિલ્મનું ગીત દરેક સાંજ પર ગણગણવાનું મન થાય, 'જબ દીપ જલે આના, જબ શામ ઢલે આના'થી માંડીને 'કટી પતંગ'નું તોફાની ગીત 'યે શામ મસ્તાની મદહોશ કીએ જાએ' ગુલઝારની કલમે લખાયેલું અને મુકેશ તેમ જ જગજિતના સ્વરે ગવાયેલું ગીત યાદ કરો એટલે સાંજની ખુશ્બૂને ભાવાંજલિ આપી એવું કહેવાય, 'શામ સે આંખ મેં નમી સી હૈ, આજ ફિર આપકી કમી સી હૈ' કોઈકવાર સાંજના નશીલા ગીતોનું કલેક્શન ભેગું કરીને સૂર્યાસ્તની સવારીને યાદગાર કરી શકાય, આપણે ત્યાં સાંજ માટે પ્રાર્થનાઓની પરંપરા પણ હતી.

૧૯૮૮માં આવેલી ક્લાસિક ફિલ્મ 'કયામત સે કયામત તક'માં સનસેટ જ કથાને આગળ વધારે છે. આમીરખાન સાંજના સમયે માઉન્ટ આબુમાં દોડવા નીકળે છે અને જુહી ફોટા પાડે છે. એક મસ્ત ડાઈલોગ કહે છે, 'ડૂબતે હુએ સુરજકી કિરણોમેં હર ખૂબસુરત ચીજ ઔર ભી ખૂબસુરત લગતી હૈ' સ્ક્રીન પર આકાશ પ્રેમના રંગોથી ભરાઈ જાય છે અને સૂર્યાસ્તની વેદના વચ્ચે બન્નેની હત્યા થાય છે અને 'પાપા કહેતે હૈ બડા નામ કરેગા' સાથે ફરી એક ડાયલોગ યાદ આવે છે, 'ડૂબતે હુએ સૂરજને હમેં પહેલીબાર મિલાયા થા દેખ લેના, યહી ડૂબતા હુઆ સૂરજ હમેં એક દિન હંમેશાં કે લિયે મિલા દેગા'.

'શોલે' જેવી હિંસાત્મક ફિલ્મના અંતિમ દશ્યમાં જયા બચ્ચનના દર્દને વધુ વાસ્તવિક દર્શાવવા સૂર્યાસ્ત પોતાનો રોલ ભજવી જાય છે.

અલગ અલગ જગાઓ પર સનસેટની વિશેષતાઓ પણ અલગ હોય છે. રણમાં સૂર્યાસ્ત તેજસ્વી લાગે છે. ખેતરોમાં તે વિશાળ અને ગરમ લાગે છે, પર્વતોમાં નટખટ અને શાંતિનો અનુભવ કરાવે છે. આજ સનસેટ દરિયામાં રોમેન્ટિક લાગે છે, તમે વાહન ચલાવતા હો અથવા ટ્રેનમાં હો ત્યારે સૂર્યાસ્ત પણ મોસમમાં પ્રતિપળ બદલાતો હોય એવું લાગે. જો કે યુરોપ સહિત ઘણા દેશોમાં સનસેટ સાથે ફૂડની રેન્જ અને ડ્રિંક્સની પરંપરા છે, ભારતીય પરંપરામાં સમયસર ડિનર લેવાના રિવાજને કારણે મોર્નિંગ બ્રેકફાસ્ટમાં વિશાળ રેન્જ છે.

દુનિયાભરના મનોચિંતકો માને છે કે સનસેટ સમયને યાદગાર બનાવવો જોઈએ. શેરશાયરીઓ વચ્ચે ખડખડાટ હસતાં-ખાતાં મિત્રો, પરિવાર કે પ્રેમી સાથે ગાળવામાં આવે તો એ સાંજ આજીવન યાદગાર બને છે. હજુ એવી સાંજ માણવાની બાકી હોય તો એકવાર દોસ્તોને ભેગા કરજો. આપણે ત્યાં સનસેટના ફોટા પાડવા માટે એસ્થેટિક સેન્સ સૌન્દર્યલક્ષી વિભાવના ઓછી છે, સૂર્યાસ્તના ફોટા પાડવા હોય તો સૂર્યાસ્તના ૩૦-૪૫ મિનિટ પહેલાં સ્થળ પર પહોંચીએ તો લાઈટ પૂરતી હોય છે અને શ્રેષ્ઠ શોટ્સ લેવા માટે પૂરતો સમય મળે છે. ગોલ્ડન અવર એટલે કે સૂર્યાસ્તની આસપાસનો સમય અને બ્લુ અવર મીન્સ સૂર્યાસ્ત પછીનો હળવા પ્રકાશ સાથેનો સમયના ઉપયોગ સાથે શ્રેષ્ઠ ફોટા પાડી શકાય છે. ફોટા પાડતી વેળા કમ્પોઝિશન કેવી રીતે કરાય એ માટે કંઈ કેટલાઓએ જિંદગી હોમી દીધી છે, એમની પાસેથી શીખજો.

સૂર્યાસ્તના સમયે યાદગાર ફોટા લેવા સફેદ, ઓફ-વ્હાઈટ કે ક્રીમ રંગના કપડાં રોમેન્ટિક લૂક આપે છે. યુવતીઓને હળવાં ઓર્નામેન્ટ સાથે મેક્સી, સ્કર્ટ કે શિફોન સાડી, ફ્લોરલ, બોહેમિયન કે ગુજરાતી બાંધણી કે એમ્બ્રોઇડરી જેવા કલરફુલ ડ્રેસ પ્રકૃતિના દશ્ય સાથે સુંદરતામાં વધારો કરે છે. ગુજરાતી સંસ્કૃતિને ઉજાગર ઓક્સિડાઈઝ્ડ જ્વેલરી પહેરીને એક સાંજ યાદગાર ઉજવી શકાય.

સનસેટને યાદગાર બનાવવા માટે ક્યારેક ગમતાં કપડાં પહેરીને મસ્ત મજાની વાતોની પિકનિક ગોઠવતા રહેવી. સુખની આ ક્ષણોમાં સનસેટ જાતે જ કવિતા બની જાય છે. સૂર્યાસ્તને જુઓ- માણો, અનુભવો અને તમારા હૃદયમાં સાચવો. સૂર્યાસ્તનો જલસો તમારી યાદોનો ગુલદસ્તો બની જશે. ■

**ધ એન્ડ :** *સૂર્યાસ્ત માટે આપણે હંમેશાં ઇચ્છતા હોઈએ છીએ કે સૂર્ય ડૂબે નહીં. હંમેશાં એ ક્ષિતિજ પર જ ટકેલો રહે, ના ક્ષિતિજની ઉપર કે ના ક્ષિતિજની નીચે. (મેહમત મૂરત ઇલદાન)*

# અમારા લાડકા બાપ્પા


નીલેશ શાહ - ડોંબિવલી


શિવદત્ત જમશેદકર - ગૌરાઈ-બોરીવલી


કાશ્મીરા વૈદ્ય - વાપી



વાસંદ લીલા સાર્વજનિક - થાણે


રાજેશ અગરવાલ - મલાડ - ઈસ્ટ



સ્નેહા સુનીલ શૈરકે - ગોરાઈ - બોરીવલી


રશ્મી રામ પાટીલ - મીરા રોડ


ઋષિકેશ દારેકર - ચારકોપ કાંદિવલી-વેસ્ટ


રમેશભાઈ ઠક્કર - કાંદિવલી - ઈસ્ટ


મહેક પુરોહિત - કાંદિવલી - ઈસ્ટ


રવિન્દ્ર ઈંચાકે - ઘાટકોપર વેસ્ટ


પ્રતીક જેશરણી - મીરા રોડ


ગંગાવાડી કો. હા. સો. - ઘાટકોપર-વેસ્ટ


રીતિ ઓમ ચાવલા - ખાર - વેસ્ટ


દૃષ્ટિ પંચોલી - પાલડી- અમદાવાદ


વિશાલ કોમ્પલેક્ષ - મલાડ - વેસ્ટ


મુદિત જે. પરીખ - કેમ્પ્સ કોર્નર


મનીષ ભાટિયા - નાલાસોપારા

## મુંબઈ સમાચાર

### ગણેશભક્તોને નિમંત્રણ

ગણેશોત્સવ નિમિત્તે ઘરે, સોસાયટીમાં કે સાર્વજનિક સ્થળે ગણપતિ બાપ્પાની મૂર્તિઓ લાવનારા શ્રદ્ધાળુઓને મૂર્તિ, સુશોભનના ફોટા 'મુંબઈ સમાચાર'ને નામ, સ્થળ લખી નીચે આપેલા વૉટ્સએપ નંબર ઉપર મોકલવા વિનંતી.

**વૉટ્સએપ નં. ૭૦૪૫૪૩૦૫૭૯**

---

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| DOUR | ખાટું |
| HOUR | કઠોર |
| POUR | પ્રવાસ |
| SOUR | કલાક |
| TOUR | રેડવું |

## ઓળખાણ પડી?



ટેસ્ટ ક્રિકેટ ઈતિહાસમાં બદનામ થયેલી 'બોડીલાઈન બોલિંગ'ના મુખ્ય સૂત્રધાર ગણાયેલા ફાસ્ટ બોલરની ઓળખાણ પડી?

અ) એલન બ) લિંડવોલ ક) લારવુડ ડ) ટ્રુમેન

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વ | ૨ ક્ર | તું | ૩ ડ | ■ | ૪ ત | ૫ ર | ન્નુ | ૬ મ | ■ |
| ૭ ડ | મી | ■ | ૮ ફ | રિ | ■ | સ | ■ | ૯ હા | ૧૦ મ |
| ૧૧ વા | ક | ળ | ■ | ■ | ■ | ૧૨ મ | ૧૩ ત | લ | બ |
| ઈ | ■ | ■ | ૧૪ ઘી | ■ | ૧૫ દુ | લા | ર | ■ | લ |
| ■ | ૧૬ થા | ૧૭ પા | ■ | ૧૮ ઉ | ધ | ઈ | ■ | ૧૯ વ | ખ |
| ૨૦ સિ | ત | મ | ગ | ર | ■ | ■ | ૨૧ વ | ળ | ■ |
| દ્વિ | ■ | ર | ■ | સ્થ | ■ | ૨૨ ન્યૂ | ન | ત | ૨૩ મ |
| ■ | ૨૪ ઉ | ■ | ૨૫ મા | ■ | ૨૬ ર | ■ | ૨૭ વા | ર | ણ |
| ૨૮ ઉ | જા | ગ | ર | ■ | ૨૯ હ | ૩૦ વ | સ | ■ | ધ |
| ૩૧ ર | સ | ■ | ૩૨ ગ | જા | ન | ન | ■ | ૩૩ ધા | ર |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | ૫ | ૬ | | ■ |
| | ■ | ૭ | | ૮ | ■ | ૯ | | ■ | ૧૦ |
| ૧૧ | ૧૨ | | ■ | ૧૩ | ૧૪ | | ■ | | |
| ૧૫ | | ■ | ૧૬ | | | ■ | ૧૭ | | |
| ૧૮ | | | ■ | ૧૯ | | ૨૦ | | ■ | |
| ■ | | ■ | ૨૧ | | | | ■ | ૨૨ | ■ |
| ૨૩ | ■ | ૨૪ | | | ■ | ૨૫ | | | ૨૬ |
| ૨૭ | ૨૮ | | | ■ | ૨૯ | | ■ | ૩૦ | |
| ■ | | ■ | ■ | ૩૧ | | ■ | ૩૨ | ■ | |
| ૩૩ | | | | | ■ | ૩૪ | | | |

### આડી ચાવી

૧. સહજ રીતે થાય તે (૪)
૪. ઉપર મુજબનું (૪)
૭. પીડાના શબ્દો, હાથથી (૩)
૯. નસ (૨)
૧૧. ભૂલોને ભૂંસી નાખો (૩)
૧૩. અંકુશ (૩)
૧૫. નદીમાં ચોમાસામાં --- આવે (૨)
૧૬. પ્રિયતમા (૩)
૧૭. સહેલાઇથી ઉપલબ્ધ (૩)
૧૮. મેલી વિદ્યા જાણનારી સ્ત્રી (૩)
૧૯. વધારે સારું (૪)
૨૧. પાણી માર્ગે યાત્રા (૪)
૨૪. શોષણ (૩)
૨૫. તોફાન, મસ્તી, ઉધમાત (૪)
૨૭. બાજુ, પક્ષ, તરફદારી (૪)
૨૯. --- કાઢવું એટલે બદનામ થવું (૨)
૩૦. સુધી (૨)
૩૧. આબરૂ, પ્રતિષ્ઠા (૨)
૩૩. દરેકનું અંગત (૫)
૩૪. ગરબડ, પ્રપંચ (૪)

### ઊભી ચાવી

૧. મરાઠીમાં સગાઇની વિધિ (૫)
૨. ઉલ્લેખ, ચર્ચા, ખુલાસો (૩)
૩. બરફનો વરસાદ (૨)
૫. ઉત્તમ, શ્રેષ્ઠ (૩)
૬. બીમારી (૨)
૮. ગતિ, હરવું ફરવું તે (૬)
૧૦. અશક્ય (૪)
૧૨. સમૃદ્ધિ (૪)
૧૪. ગામડામાં રહેનારા (૪)
૧૭. સૂતેલાનું નસીબ --- રહે (૨)
૨૦. તીર્થસ્થળે જવું તે (૪)
૨૧. ભોજન કરવું તે (૩)
૨૨. મુરબ્બી (૩)
૨૩. --- બહાર જાય નહીં ગુ. નાટક (૨)
૨૪. રફે --- કરવું એટલે ખેદાનમેદાન કરવું (૨)
૨૬. યોગથી પ્રાપ્ત થતી શક્તિ (૪)
૨૮. ઘણા મોટી ઉંમરે પણ રમે (૩)
૨૯. રોટી જેવી પંજાબી આઇટમ (૨)
૩૧. તમને આટલું ગુમાન --- છે? (૨)
૩૨. હમણાં (૨)

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'આંખ ઊઠી ખમાય, પણ ફૂટી ન ખમાય' કહેવતમાં ખમાય શબ્દનો અર્થ જણાવો.

અ) કાજળ બ) સહન ક) દ્રશ્ય ડ) ખંજવાળ

## માતૃભાષાની મહેક

આભ એટલે આકાશ, નભ, વ્યોમ ઈત્યાદિ. આભની કહેવતો પણ જાણીતી છે. આભ ફાટ્યું ત્યાં થીગડું ક્યાં દેવું? એટલે ચોતરફ આફત આવી પડે ત્યાં કોઈ ઉપાય ન થઈ શકે. આભ ને જમીન એક થવા એટલે અસંભવિત બનાવ બનવો; સૂર્ય પશ્ચિમમાં ઊગે એવી અશક્ય ઘટના થવી. ગજબ થવો; ઉત્પાત થવો; મોટો પ્રલય થવો. ભારે ત્રાસ પડવો; અસાધારણ દુ:ખ આવવું.

## ગુજરાત મોરી મોરી રે

'પરિસ્થિતિ કાબૂ બહાર થાય ત્યારે કામચલાઉ ઉપાયો કરવાથી કોઈ ફાયદો ન થાય' મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

ફાટે થીગડું ન આભ ત્યાં દેવાય

## ઈર્શાદ

ચૂકવું છું ક્યારનોય વિરહ રોકડો કરી,
તારું મિલન તો ખૂબ નફાખોર હોય છે.

-- અંકિત ત્રિવેદી

## સુડોકુ-૯૦૮૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૬ | | | | | |
| ૬ | ૨ | | | | | | | ૯ |
| ૮ | | ૩ | | ૨ | ૫ | | | ૬ |
| | ૫ | ૮ | | ૩ | ૧ | | | ૨ |
| ૨ | | | | | | | | ૫ |
| ૪ | | | ૫ | ૬ | | ૮ | ૩ | |
| ૫ | | | ૨ | ૯ | | ૭ | | ૩ |
| ૯ | | | | | | | ૨ | ૧ |
| | | | | | ૪ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૯૦૮૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૨ | ૭ | ૮ | ૫ | ૯ | ૩ | ૪ | ૧ |
| ૩ | ૯ | ૮ | ૧ | ૪ | ૭ | ૨ | ૫ | ૬ |
| ૫ | ૪ | ૧ | ૨ | ૬ | ૩ | ૭ | ૮ | ૯ |
| ૯ | ૩ | ૪ | ૭ | ૨ | ૮ | ૬ | ૧ | ૫ |
| ૭ | ૬ | ૫ | ૩ | ૧ | ૪ | ૮ | ૯ | ૨ |
| ૮ | ૧ | ૨ | ૫ | ૯ | ૬ | ૪ | ૩ | ૭ |
| ૪ | ૭ | ૯ | ૬ | ૮ | ૫ | ૧ | ૨ | ૩ |
| ૧ | ૫ | ૩ | ૪ | ૭ | ૨ | ૯ | ૬ | ૮ |
| ૨ | ૮ | ૬ | ૯ | ૩ | ૧ | ૫ | ૭ | ૪ |

## માઈન્ડ ગેમ

ગયા વર્ષે ફ્રાન્સની રાજધાની પેરિસમાં આયોજિત ઓલિમ્પિક રમતોત્સવમાં નવી દાખલ કરવામાં આવેલી રમતનું નામ જાણો છો?

અ) પિંગ પોન્ગ બ) લેક્રોસ ક) બ્રેકિંગ ડ) ફેન્સિંગ

## ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| PHASE | તબક્કો |
| LEEASE | ગણોતપટ્ટો |
| RINSE | વીંછળવું |
| APPEASE | શાંત પાડવા |
| TEASE | ચિડાવવું |

ગુજરાત મોરી મોરી રે
ઈશ્કનો માર્યો છેવટે ઠીકરામાં ખાય

ઓળખાણ પડી?
આબિદ અલી

માઈન્ડ ગેમ
ટેબલ ટેનિસ

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
ભડકો

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) તાહેર ઔરંગાબાદવાલા (૪) શીરીન ઔરંગાબાદવાલા (૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૬) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૭) સુભાષ મોમાયા (૮) નૈશીધ દેસાઈ (૯) ભારતી બુચ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) વિપીન શાહ (૧૨) શ્રદ્ધા આશર (૧૩) પુષ્પા પટેલ (૧૪) નૂતન વિપીન શાહ (૧૫) પ્રવીણ વોરા (૧૬) જીત શાહ (૧૭) મહેન્દ્ર લોઢાવિયા (૧૮) મીનળ કાપડિયા (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૩) અંબરીષ ઓઝા (૨૪) નયના ગિરીશ મિસ્ત્રી (૨૫) મહેશ સંઘવી (૨૬) ભાવના કર્વે (૨૭) મનીષા શેઠ (૨૮) ફાલ્ગુની શેઠ (૨૯) જયવંત પદમશી ચિખલ (૩૦) મહેશ દોશી (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) અંજુ ટોલિયા (૩૪) અલકા વાણી (૩૫) વિણા સંપટ (૩૬) ડાયના સંતોકે (૩૭) કમલ માતલિયા (૩૮) નિતિન જયંતિલાલ બજરિયા (૩૯) પુષ્પા ખોના (૪૦) કિશોર સંઘરાજકા (૪૧) અરવિંદ કામદાર (૪૨) જ્યોત્સના ગાંધી (૪૩) રમેશભાઈ દલાલ (૪૪) હિના દલાલ (૪૫) ઈનાક્ષી દલાલ (૪૭) નયના મિસ્ત્રી (૪૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૯) ડો. પ્રકાશ કટકિયા (૫૦) ધીરેન્દ્ર મુલરાજ (૫૧) ગીતા ઉદેશી (૫૨) પ્રતિમા પમાણી (૫૩) ધવલ શાહ

# સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં તા. ૪ થી ૭ સપ્ટે. દરમિયાન વરસાદની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હવામાન વિભાગના દ્વારા આગામી સપ્તાહ દરમિયાન રાજ્યના કેટલાંક વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદ તથા આગામી તા.૪ થી ૭ સપ્ટેમ્બર દરમિયાન સૌરાષ્ટ્ર તથા દક્ષિણ ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. સિંચાઇ વિભાગના અધિકારી દ્વારા રિઝિયન વાઈઝ ડેમમાં પાણીના સ્ટોરેજની સ્થિતિ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમણે રાજ્યના ૨૦૬ જળાશય પૈકી ૧૧૧ જળાશય હાઇએલર્ટ, ૨૭ જળાશય એલર્ટ તથા ૦૯ જળાશય વોર્નિંગ લેવલ પર હોવાનું આ બેઠકમાં જણાવ્યું હતું. આ ઉપરાંત સરદાર સરોવર નર્મદા નિગમના અધિકારીશ્રી દ્વારા સરદાર સરોવર સ્ટોરેજ વિશે પણ માહિતી આપવામાં આવી હતી.

બેઠકમાં એનડીઆરએફ અને એસડીઆરએફના અધિકારીશ્રીઓના જણાવ્યા મુજબ, ચોમાસા દરમિયાન ઉપસ્થિત થતી કોઇપણ કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા એનડીઆરએફની કુલ ૧૨ ટીમ અને એસડીઆરએફની ૨૦ ટીમ અલગ-અલગ જિલ્લાઓ ખાતે ડીપ્લોય કરવામાં આવી છે. આ ઉપરાંત એનડીઆરએફની એક ટીમ રિઝર્વ પણ રાખવામાં આવી છે.

આ બેઠકમાં રાહત નિયામક દ્વારા તમામ વિભાગના નોડલ અધિકારીઓને જરૂરી માર્ગદર્શન તથા સૂચનાઓ પાઠવવામાં આવી હતી. આ સાથે જ, ચોમાસામાં સંભવિત વરસાદની પરિસ્થિતિને પહોંચી વળવા એલર્ટ રહેવા પણ જણાવ્યું હતું.

આ બેઠકમાં ગુજરાત પાણી પુરવઠા બોર્ડ, ગુજરાત મેરિટાઈમ બોર્ડ, સેન્ટ્રલ વોટર કમિશન, ઈશરો, જીએસઆરટીસી, કૃષિ, આરોગ્ય, માર્ગ અને મકાન વિભાગ, એનર્જી, ઈન્ડિયન આર્મી, પંચાયત, શહેરી વિકાસ અને પશુપાલન વિભાગના નોડલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ■

# રાજ્ય સરકારે જુલાઈ-૨૦૨૫થી ફ્યૂઅલ સરચાર્જ પ્રતિ યુનિટ ૧૫ પૈસા ઘટાડ્યો, હવે દર ₹ ૨.૩૦ રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના નાગરિકોના હિતમાં રાજ્ય સરકારે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો હતો. જે અંતર્ગત નાગરિકોને ઓછા દરે વીજળી પૂરી પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા જુલાઈ-૨૦૨૫થી ફ્યુઅલ સરચાર્જના દરમાં પ્રતિ યુનિટે ૧૫ પૈસાના ઘટાડાની જાહેરાત કરી હતી. રાજ્ય સરકારના આ મહત્ત્વપૂર્ણ નિર્ણયથી તા. ૦૧.૦૭.૨૦૨૫થી કરેલા વીજ વપરાશ ઉપર તમામ શ્રેણીના વીજ ગ્રાહકો પાસેથી ફ્યુઅલ સરચાર્જ હવે પ્રતિ યુનિટ રૂ. ૨.૩૦ના ઘટાડેલા દરે વસૂલાત કરવામાં આવશે.

નોંધનીય છે કે, આ નિર્ણયથી રાજ્યના ૧.૭૫ કરોડ ગ્રાહકોને જુલાઈથી સપ્ટેમ્બર-૨૦૨૫ દરમિયાન આશરે રૂ. ૪૦૦ કરોડથી વધુનો લાભ થશે. જોકે, વીજ નિયમન આયોગ (જીઈઆરસી) દ્વારા કોઈ ફેરફાર ન થાય ત્યાં સુધી આ દર યથાવત્ રહેશે.

આ અંગે વધુ માહિતી આપતા રાજ્યના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ પ્રધાન કનુ દેસાઈએ જણાવ્યું હતું કે, ગ્રાહકોને સસ્તી વીજળી ઉપલબ્ધ કરાવવાની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાને અનુરૂપ તાજેતરનાં વર્ષોમાં ફ્યુઅલ અને પાવર પરચેઝ પ્રાઈસ એડજસ્ટમેન્ટમાં નોંધપાત્ર ઘટાડો લાગુ કરવામાં આવ્યો છે, જે વીજ ખરીદ ખર્ચના અસરકારક સંચાલન અને ગ્રાહકો પરનો બોજ હળવો કરવા માટે રાજ્ય સરકારનું સક્રિય અભિગમ દર્શાવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ પહેલા જાન્યુઆરી ૨૦૨૪થી એક નિર્ણય અમલમાં આવતા ફ્યુઅલ સરચાર્જના દરને પ્રતિ યુનિટ ૫૦ પૈસા ઘટાડીને રૂ. ૩.૩૫થી રૂ. ૨.૮૫ કરવામાં આવ્યો હતો. આ રાહતને વધુ વિસ્તૃત કરતા ઓક્ટોબર-૨૦૨૪થી ફ્યુઅલ સરચાર્જના દરને વધુ ૪૦ પૈસા ઘટાડીને રૂ. ૨.૪૫ પ્રતિ યુનિટ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ હવે વર્ષ ૨૦૨૫-૨૬ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં એટલે કે એપ્રિલથી જૂન-૨૦૨૫ દરમિયાન ફ્યુઅલ સરચાર્જના દરને રૂ. ૨.૪૫ પ્રતિ યુનિટ જાળવી રાખવામાં આવ્યો હતો અને હવે જુલાઈ ૨૦૨૫થી આ વીજ દરમાં ૧૫ પૈસાનો ઘટાડો કરીને ૨.૩૦ રૂપિયા પ્રતિ યુનિટે પહોંચ્યો છે.

કનુભાઈ દેસાઈએ વધુમાં જણાવ્યું હતું કે, યોગ્ય અને કાર્યક્ષમ વીજ ખરીદના સંચાલન, સ્થિર વીજ ખરીદના દર તથા મજબૂત નાણાકીય વ્યવસ્થાપન તેમજ નોંધપાત્ર માળખાકીય કામગીરીમાં સુધારા અને દેખરેખ દ્વારા ટેકનિકલ અને વાણિજ્યિક લોસમાં ઘટાડાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા પ્રવર્તમાન ફ્યુઅલ સરચાર્જના દરમાં પ્રતિ યુનિટે ૧૫ પૈસા ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે. ■

# સુરત દુષ્કર્મ કેસમાં આસારામના જામીન પર આજે ગુજરાત હાઇ કોર્ટમાં સુનાવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત અને જોધપુરમાં દુષ્કર્મ કેસના દોષિત અને આજીવન કેદની સજા ભોગવી રહેલા ૮૬ વર્ષીય આસારામના હંગામી જામીન પર આવતીકાલે (૩ સપ્ટેમ્બરે) હાઇ કોર્ટમાં સુનાવણી યોજાશે. આ પહેલાં ગુજરાત હાઇ કોર્ટે ૩ સપ્ટેમ્બર સુધી હંગામી જામીન લંબાવ્યા હતા. ત્યાર બાદ ૨૭ ઓગસ્ટે રાજસ્થાન હાઇ કોર્ટે હંગામી જામીન લંબાવ્યા નહોતા અને સરેન્ડર કરવા આદેશ કર્યો હતો, જેને પગલે રેપિસ્ટ આસારામે જોધપુર સેન્ટ્રલ જેલમાં આત્મસમર્પણ કર્યું હતું.

આશારામના નિયમિત જામીન અરજી પર ૨૨ સપ્ટેમ્બરે સુનાવણી થશે, જ્યારે હંગામી જામીન લંબાવવાની અરજી પર આવતીકાલે (૩ સપ્ટેમ્બર) સુનાવણી હાથ ધરાશે. જોકે, રાજસ્થાન હાઈ કોર્ટે જોધપુર રેપ કેસમાં તેની હંગામી જામીન અરજી લંબાવવાનો ઈનકાર કરતા, આશારામને ફરીથી રાજસ્થાનની જેલમાં મોકલી દેવામાં આવ્યો છે.

૨૭ ઑગસ્ટે સુનાવણી કરતા રાજસ્થાન હાઇ કોર્ટે કહ્યું હતું કે, અમદાવાદ સિવિલ હૉસ્પિટલના મેડિકલ રિપોર્ટ મુજબ-આસારામની તબિયત એટલી ગંભીર નથી કે તેના જામીન લંબાવવામાં આવે. જો કે આસારામને વ્હિલ ચેરની સુવિધા અને એક સહાયક રાખવાની છૂટ આપી હતી. અત્યાર સુધીમાં ગુજરાત હાઇ કોર્ટે ચાર વખત જામીન લંબાવ્યા છે. આ પહેલાં ૨૭ જૂને ગુજરાત હાઇ કોર્ટે ૦૭ જુલાઈ સુધી જામીન લંબાવી આપ્યા હતા. ત્યાર બાદ ૦૩ જુલાઈએ ૦૧ મહિનો અને ૭ ઑગસ્ટ, ૨૦૨૫ એ ત્રીજીવાર જામીન લંબાવ્યા હતા. હાઈ કોર્ટે ૧૯ ઑગસ્ટે ચોથીવાર ૩ સપ્ટેમ્બર સુધી જામીન લંબાવ્યા હતા. આ પહેલાં આસારામને જોધપુર હાઇકોર્ટના ઓર્ડરને પગલે ૧૮ ઓગસ્ટ, ૨૦૨૫ની સવારે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ચેકઅપ માટે લવાયો હતો. ખાનગી બોડીગાર્ડના કાફલા સાથે આવેલા આસારામની ઓપીડી અને ટ્રોમા સેન્ટરમાં તપાસ દરમિયાન અંદાજે ત્રણથી ચાર કલાક સુધી દર્દી-સગાંને હાલાકી ભોગવવી પડી હતી.

# ભાજપના ધારાસભ્ય રમણ વોરાની મુશ્કેલી વધી

## પૂનમ મકવાણાએ ગાંધીનગર કલેક્ટરને પત્ર લખી કાર્યવાહીની માગ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઈડરના ભાજપના ધારાસભ્ય રમણ વોરાએ બોગસ ખેડૂત બની જમીન ખરીદવાનો વિવાદ વધુ વકર્યો છે. ભાજપના પૂર્વ ધારાસભ્ય પૂનમ મકવાણાએ ગાંધીનગર કલેક્ટરને પત્ર લખીને રમણ વોરા સામે કાર્યવાહી કરવા માગ કરતાં આ મામલો પાટનગરના રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યો હતો. ગાંધીનગરના પાલજથી બોગસ ખેડૂત બની ઈડરમાં ખેતીની જમીન ખરીદ કરી હોવાનો રમણ વોરા સામે આરોપ છે. બોગસ ખેડૂતની ફરિયાદ સંદર્ભે તપાસ ચાલી રહી છે. તેવામાં ભાજપના પૂર્વ ધારાસભ્યએ કલેક્ટરને અરજી કરતાં ભાજપના બે નેતાઓ આમને સામને આવી ગયા છે. ભાજપના પૂર્વ ધારાસભ્ય પૂનમ મકવાણાએ ગાંધીનગર કલેક્ટરને પત્ર લખીને જણાવ્યું છે કે, રમણ વોરાએ ઈડરમાં તેમના મિત્ર દિનેશભાઈ પટેલને વેચાણ આપેલી જમીન એનએ કરાવ્યા બાદ રમણ વોરાએ તેમના દીકરા ભૂષણ તથા સુહાગને વેચાણ કરી હતી. આ કિસ્સામાં દસ્તાવેજમાં જણાવેલી વેચાણ કિંમતના વહેવારો આઈટી રિટર્નમાં બતાવેલા છે કે કેમ? તેની તપાસ કરી આવકવેરા ચોરીનો ગુનો નોંધી ફોજદારી રાહે કાર્યવાહી કરવા માગ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગાંધીનગર શહેરના પાલજના સર્વે નં. ૨૮૧ના જમીન કૌભાંડ મામલે પૂર્વ ધારાસભ્ય પૂનમ મકવાણાએ કલેક્ટરમાં લેખિતમાં ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદમાં ધારાસભ્ય રમણ વોરા ખોટા ખેડૂત સાબિત થતા તેમની સામે કાર્યવાહી કરવા માગણી કરી છે. ફરિયાદમાં જણાવ્યું છે કે, વર્ષ ૨૦૦૪માં આ જમીન ચાર ભાગીદારીઓ ખરીદ કરી હતી. વર્ષ ૨૦૧૬ સુધી જમીનના કાગળ ભાગીદારોના નામે રહ્યા હતા. બાદમાં રમણ વોરાએ ખોટા ખેડૂત સાબિત કરી પેઢીનામાના આધાર પર પત્ની અને બે દીકરાઓના નામે જમીનની નોંધણી કરાવી હતી. વર્ષ ૨૦૨૪માં આ જમીન તેમના મિત્ર દિનેશ પટેલને ૩.૭ કરોડમાં વેચી દીધી હતી. દિનેશ પટેલે આ જમીન તાત્કાલિક એન.એ. જાહેર કરી ફરીથી રમણ વોરાના બે દીકરા સુહાગ અને ભૂષણ વોરાને વેચી દીધી હતી.

આ જમીનના ખરીદ-વેચાણમાં નાણાં વ્યવહાર અંગે કરદાતાની આઈટી રિટર્નમાં યોગ્ય રીતે નોંધણી કરવામાં આવી છે કે નહીં તે અંગે ફરિયાદીએ તપાસ કરવા તેમજ ટેક્ષ ચોરીનો ગુનો નોંધવા માંગ કરી છે. પૂનમ મકવાણાએ કલમ ૬૩ અને ૮૪-સી હેઠળ કાર્યવાહી કરવા તેમજ બાકીના સાચા ખેડૂત ભાગીદારોના નામે જમીન નોંધણી કરવાની માગણી કરી છે. આ ઉપરાંત બેંક અને ચેક સાથે સંબંધિત નાણાં વ્યવહારો હજુ સુધી પૂર્ણ ન થયા હોવાના પુરાવા રજૂ કર્યા છે. આ કૌભાંડ મામલે સંબંધિત સરકારી વિભાગો દ્વારા તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવા અનુરોધ કર્યો છે.

આ સમગ્ર મામલાનો પર્દાફાશ અમદાવાદના નારોલમાં રહેતા પ્રકાશ પરમારે કલેક્ટરને લેખિત રજૂઆત કરી ત્યાર બાદ થયો હતો. ઈડર તાલુકાના દાવડ ગામની સીમના સર્વે નં. ૫૮૪, ૫૪૯, ૫૫૧ અને ૫૮૧ની જમીનોમાં ધારાસભ્ય રમણ વોરા સહિત બિનખેડૂત હોવા છતાં ખોટી રીતે ખેડૂત તરીકે દાખલ થયા હોવાના પુરાવા રજૂ કરી તપાસ કરવા અને કાર્યવાહી માટે માગ કરી હતી. આ પ્રકરણમાં ગણોતધારા હેઠળ કાર્યવાહી કરવા રજૂઆત કરેલી હોવાથી કલેક્ટરે ઇડરના નાયબ કલેક્ટરને કાર્યવાહી કરવા લેખિત આદેશ આપી આધાર પુરાવા સાથે અહેવાલ મોકલવા સૂચના આપી હતી. દાવડની સદર જમીનનો અન્યના નામે રિવર્સ દસ્તાવેજ થયો છે. ■

# અનિરુદ્ધસિંહના સમર્થનમાં પાંચમીએ ક્ષત્રિયોનું રીબડામાં શક્તિ-પ્રદર્શન

અમદાવાદઃ સમગ્ર સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના રાજકારણમાં ભારે ખળભળાટ મચાવનાર ગોંડલના તત્કાલીન ધારાસભ્ય સ્વ. પોપટભાઇ સોરઠીયા હત્યા કેસમાં આરોપી રીબડાના અનિરુદ્ધસિંહ જાડેજાની આજીવન કેદની સજા માફ કરવાના સરકારના નિર્ણયને હાઇકોર્ટ તથા સુપ્રિમ કોર્ટે રદ કરી તેમને ૧૮ સપ્ટેમ્બર સુધીમાં જેલમાં સરેન્ડર કરવા હુકમ કરતા ફરી એક વખત સૌરાષ્ટ્રના રાજકારણમાં ભારે ખળભળાટ મચી ગયો છે. એવામાં અનિરુદ્ધસિંહ જાડેજાની સજા માફી રદ કરવા સામે આગામી તા. ૫ સપ્ટેમ્બરને શુક્રવારનાં રોજ બપોરે બે વાગ્યે રીબડા ખાતે શકિત પ્રદર્શન કરવાની એક પોસ્ટ સોશિયલ મીડિયામાં વાઇરલ થતા ભારે ચર્ચા જાગી છે. હવે આ મામલો રાજકીય અને સામાજિક સ્વરૂપ પકડી રહ્યો હોય તેમ સોશિયલ મીડિયામાં નામ વગરની એક પોસ્ટ વાયરલ થઇ રહી છે અને આ પોસ્ટમાં સજા માફી રદ કરવા સામે સવાલો ઉઠાવાયા છે. ગોંડલના ધારાસભ્ય પોપટભાઇ સોરઠિયાની ૩૭ વર્ષ પહેલા ૧૫મી ઓગષ્ટની ઉજવણી દરમિયાન સરાજાહેર થયેલી હત્યાના ગુનામાં રીબડાના અનિરુદ્ધસિંહ મહિપતસિંહ જાડેજાને જે-તે વખતે સુપ્રીમ કોર્ટે ફટકારેલી આજીવન કેદની સજા બાદ ૧૮ વર્ષ પછી ગુજરાત સરકાર અને જેલ તંત્ર દ્વારા અનિરુદ્ધસિંહ જાડેજાને આઠ વર્ષ પહેલા આપવામાં આવેલી ભેદી સજા માફીને સ્વ. પોપટભાઇ સોરઠિયાના પૌત્રએ કાનૂની પડકાર આપતા પહેલા હાઇ કોર્ટ અને ગઇકાલે સુપ્રીમ કોર્ટે અનિરુદ્ધસિંહ જાડેજાને ૧૮ મી સુધીમાં જેલમાં સરેન્ડર કરવા આદેશ આપ્યો છે. ■

## સ્પોર્ટ્સ

# બીસીસીઆઈએ ટીમ ઈન્ડિયાના ટાઈટલ સ્પોન્સર માટે જાહેર કર્યું ટેન્ડર, ગેમિંગ અને ક્રિપ્ટોકરન્સી કંપનીઓ નહીં કરી શકે અરજી

નવી દિલ્હીઃ ફેન્ટસી સ્પોર્ટ્સ જાયન્ટ ડ્રીમ-૧૧ દ્વારા કરાર તોડ્યા પછી ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડે મંગળવારે ભારતીય ક્રિકેટ ટીમના ટાઇટલ સ્પોન્સરશિપ અધિકારો માટે બિડ આમંત્રિત કરી હતી જેમાં રિયલ મની ગેમિંગ અને ક્રિપ્ટોકરન્સીમાં કામ કરતી કંપનીઓને બાકાત રાખવામાં આવી કારણ કે સરકારે આવી કંપનીઓ પર પ્રતિબંધ મૂક્યો છે.

ડ્રીમ૧૧ એ તાજેતરમાં 'ઓનલાઇન ગેમિંગના પ્રમોશન અને રેગ્યુલેશન એક્ટ ૨૦૨૫' ને કારણે તેની રિયલ મની ગેમ્સ બંધ કરી દીધી છે. કાયદામાં જણાવાયું છે કે ''કોઈ પણ વ્યક્તિ ઓનલાઈન મની ગેમિંગ સેવાઓ ઓફર કરશે નહીં, મદદ કરશે નહીં, પ્રોત્સાહન આપશે નહીં, પ્રેરિત કરશે નહીં, તેમાં સામેલ થશે નહીં અથવા તેમાં જોડાશે નહીં અને એવી કોઈપણ જાહેરાતમાં સામેલ થશે નહીં જે સીધી કે આડકતરી રીતે કોઈપણ વ્યક્તિને કોઈપણ ઓનલાઈન મની ગેમ રમવા માટે પ્રોત્સાહિત કરે છે.''

બીસીસીઆઈએ ડ્રિમ-૧૧ અને માયઈલેવન સર્કલ સાથે ભારતીય ક્રિકેટ ટીમ અને ઇન્ડિયન પ્રીમિયર લીગ માટે લગભગ ૧૦૦૦ કરોડ રૂપિયાનો ટાઇટલ સ્પોન્સરશિપ કરાર કર્યો હતો. ભારતીય ટીમ ૯ સપ્ટેમ્બરથી યુએઈમાં શરૂ થઈ રહેલા એશિયા કપ ૨૦૨૫માં મુખ્ય સ્પોન્સર વિના રમશે. બીસીસીઆઇ એ બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ ૧૬ સપ્ટેમ્બર નક્કી કરી છે, જ્યારે એક્સપ્રેશન ઓફ ઇન્ટરેસ્ટ ખરીદવાની છેલ્લી તારીખ ૧૨ સપ્ટેમ્બર નક્કી કરવામાં આવી છે.

બીસીસીઆઈએ એક નિવેદનમાં કહ્યું હતું કે ''બોલી લગાવનાર, જેમાં તેના જૂથની કોઈપણ કંપની સામેલ છે તે ભારતમાં અથવા વિશ્વમાં ક્યાંય પણ ઓનલાઈન મની ગેમિંગ, સટ્ટાબાજી અથવા જુગાર અથવા સમાન સેવાઓમાં સામેલ હોવી જોઈએ નહીં. ભારતમાં કોઈપણ વ્યક્તિને કોઈપણ ઓનલાઈન મની ગેમિંગ, સટ્ટાબાજી અથવા જુગાર અથવા સમાન સેવાઓ પ્રદાન કરશે નહીં અને ભારતમાં સટ્ટાબાજી અથવા જુગારમાં રોકાયેલા કોઈપણ વ્યક્તિમાં કોઈ રોકાણ અથવા માલિકીનું હિત ન હોવું જોઈએ.

તેમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, ''બોલી લગાવનાર અથવા તેના જૂથની કોઈપણ કંપની એવી કોઈપણ પ્રવૃત્તિ અથવા વ્યવસાયમાં સામેલ ન હોવી જોઈએ જે ઓનલાઈન ગેમિંગ એક્ટ ૨૦૨૫ હેઠળ માન્ય નથી.'' આ ઉપરાંત તમાકુ, દારૂ અને જાહેર નૈતિકતાને નુકસાન પહોંચાડતી કોઈપણ વસ્તુ હોય તે પાત્ર નથી. બોર્ડે એ પણ સ્પષ્ટ કર્યું છે કે કેટલીક બ્રાન્ડ શ્રેણીઓને પણ 'બ્લોક' કરવામાં આવશે કારણ કે બીસીસીઆઇ પાસે ઉપરોક્ત શ્રેણીઓમાં હાલના પ્રાયોજકો છે. આમાં રમતગમત અને રમતગમતનાં વસ્ત્રો ઉત્પાદકો, બેન્ક, બેન્કિંગ, અને નાણાકીય સેવાઓ અને બિન-બેંકિંગ નાણાકીય કંપનીઓ, નોન-આલ્કોહોલિક ઠંડા પીણાં, પંખા, મિક્સર ગ્રાઇન્ડર અને વીમો સામેલ છે. હાલમાં બીસીસીઆઇ સાથે સંકળાયેલી આ શ્રેણીઓમાંથી બ્રાન્ડ્સ એડિડાસ, કેમ્પા કોલા, આઇડીએફસી ફર્સ્ટ બેન્ક અને એસબીઆઇ લાઇફ છે. ■

# એશિયા કપ હોકીમાં અપરાજિત ભારત સામે હવે મોટા પડકારો

## સોમવારે ભારતે કઝાખસ્તાનને ૧૫-૦થી કચડ્યું, આજે સુપર-ફોર રાઉન્ડ શરૂ

રાજગીર (બિહાર): અહીં સોમવારે ભારતે મેન્સ એશિયા કપ હોકીમાં કઝાખસ્તાનને ૧૫-૦થી હરાવીને આ સ્પર્ધામાં પ્રભુત્વ વધુ મજબૂત કર્યું હતું, પરંતુ હવે સુપર-ફોર રાઉન્ડમાં હરમનપ્રીત સિંહના સુકાનમાં ભારતીય ટીમે મોટા પડકારો ઝીલવાની તૈયારી રાખવી પડશે.

મંગળવાર, બીજી સપ્ટેમ્બરના રેસ્ટ-ડે બાદ બુધવાર, ત્રીજી સપ્ટેમ્બરે સુપર-ફોર રાઉન્ડ શરૂ થશે, જેમાં સાંજે ૫:૦૦ વાગ્યાથી પ્રથમ મેચ ચીન અને મલયેશિયા વચ્ચે રમાશે. ત્યાર બાદ બીજો મુકાબલો સાંજે ૭:૩૦ વાગ્યાથી ભારત અને સાઉથ કોરિયા વચ્ચે થશે.

ભારતે લીગ રાઉન્ડમાં ચીન અને જાપાનને પણ હરાવ્યું હતું. ત્રણે ત્રણ લીગ મુકાબલા જીતીને ભારત અપરાજિત રહીને સુપર-ફોર રાઉન્ડમાં પહોંચ્યું છે, જેમાં ભારતે સાઉથ કોરિયા અને મલયેશિયા જેવી મજબૂત ટીમનો સામનો કરવો પડશે. આ એશિયા કપ જીતનારી ટીમ આવતા વર્ષના હોકી વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થશે.

એશિયા હોકી કપમાં પુલ તબક્કામાં અજેય રહેલી ભારતીય હોકી ટીમ બુધવારે એશિયા કપ સુપર-૪ તબક્કાની મેચમાં પાંચ વખતના ચેમ્પિયન અને ડિફેન્ડિંગ ચેમ્પિયન કોરિયા સામે ટકરાશે. ભારતીય ટીમ પુલ-એમાં તમામ મેચ જીતીને સુપર- ૪માં પહોંચી ગઈ છે. તેણે ચીનને ૪-૩, જાપાનને ૩-૨ અને કઝાકિસ્તાનને ૧૫-૦ થી હરાવ્યું હતું.

વિજય છતાં ભારતનું પ્રદર્શન અપેક્ષા મુજબ રહ્યું નથી. ચીન અને જાપાન સામે સરેરાશ પ્રદર્શન બાદ તેણે કઝાકિસ્તાનની ટીમ પર મોટી જીત નોંધાવી હતી જે ટૂર્નામેન્ટમાં બીજી વખત રમી રહી હતી. બીજી તરફ, કોરિયન ટીમ પણ તેના શ્રેષ્ઠ ફોર્મમાં નથી. તે પુલ-બીમાં મલેશિયા પછી બીજા સ્થાને રહી અને મલેશિયાએ તેને ૪-૧ થી હરાવ્યું હતું. ભારે ગરમી અને ભારે ભેજ વચ્ચે ટીમો સંઘર્ષ કરતી જોવા મળી હતી પરંતુ સુપર-૪ મેચ સાંજે યોજાશે, જેના કારણે પ્રદર્શન વધુ સારું રહેવાની અપેક્ષા છે. ભારતીય ટીમે સોમવારે દરેક ક્ષેત્રમાં સારું પ્રદર્શન કર્યું હતું. સુખજીત સિંહે પણ હેટ્રિક ફટકારી હતી. ભારતની ફોરવર્ડ લાઇનમાં એકમાત્ર નબળી કડી દિલપ્રીત સિંહ હતો જેણે ગોલ કર્યો પણ એક સરળ તક પણ ગુમાવી હતી. અત્યાર સુધી ટુર્નામેન્ટમાં તે સંઘર્ષ કરતો જોવા મળ્યો છે અને હવે તેણે પોતાનું પ્રદર્શન સુધારવું પડશે. ભારતના કોચ ક્રેગ ફુલ્ટને કહ્યું હતું કે, ''સુપર-૪ સ્ટેજ પહેલા સ્ટ્રાઇકર્સ માટે લયમાં રહેવું મહત્ત્વપૂર્ણ છે.

### કઝાખસ્તાન સામે કયા ભારતીયોના કેટલા ગોલ?

ભારતે સોમવારે કઝાખસ્તાનને ૧૫-૦થી કચડી નાખ્યું હતું. ત્રણ ખેલાડીઓએ ગોલની હેટ-ટ્રિક નોંધાવી હતી. આ મેચમાં કુલ સાત ભારતીય પ્લેયરે ગોલ કર્યા હતાઃ અભિષેક (ચાર ગોલ), સુખજિત સિંહ (ચાર ગોલ), જુગરાજ સિંહ (ત્રણ ગોલ), કેપ્ટન હરમનપ્રીત સિંહ (એક ગોલ), અમિત રોહિદાસ (એક ગોલ) સંજય (એક ગોલ) અને દિલપ્રીત સિંહ (એક ગોલ).

### ભારત કેવી રીતે મલયેશિયાથી નબળું?

લીગ રાઉન્ડમાં ગ્રૂપ 'એ'માં ભારત નવ પોઇન્ટ સાથે મોખરે હતું, પણ નંબર વન ટીમ ભારતનો ૧૭નો જે ગોલ તફાવત (ભારતે ગોલ કર્યા અને હરીફ ટીમોએ ગોલ કર્યા વચ્ચેનો ફરક) હતો એની સામે ગ્રૂપ 'બી'ની મોખરાની ટીમ મલયેશિયાનો ગોલ તફાવત ૨૧ જેટલો ઊંચો હતો.

### સુપર-ફોરમાં કોની સામે કોણ ક્યારે રમશે

(૧) ૩ સપ્ટેમ્બર, મલયેશિયા વિરુદ્ધ ચીન, સાંજે ૫:૦૦ વાગ્યાથી અને ભારત વિરુદ્ધ સાઉથ કોરિયા, સાંજે ૭:૩૦ વાગ્યાથી. (૨) ૪ સપ્ટેમ્બર, સાઉથ કોરિયા વિરુદ્ધ ચીન, સાંજે ૫.૦૦ વાગ્યાથી અને ભારત વિરુદ્ધ મલયેશિયા, સાંજે ૭:૩૦ વાગ્યાથી. (૩) ૬ સપ્ટેમ્બર, સાઉથ કોરિયા વિરુદ્ધ મલયેશિયા, સાંજે ૫:૦૦ વાગ્યાથી અને ભારત વિરુદ્ધ ચીન, સાંજે ૭:૩૦ વાગ્યાથી. (૪) ૭ સપ્ટેમ્બર, ત્રીજા/ચોથા સ્થાન (બ્રોન્ઝ મેડલ) માટેની મેચ, સાંજે ૫:૦૦ વાગ્યાથી. (૫) ૭ સપ્ટેમ્બર, ફાઈનલ (ગોલ્ડ અને સિલ્વર માટેની મેચ), સાંજે ૭.૩૦ વાગ્યાથી. ■

# આગામી બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશિપ ઑગસ્ટ ૨૦૨૬માં ભારતમાં રમાશે

પેરિસઃ બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશિપની આગામી સીઝન ઓગસ્ટ ૨૦૨૬માં નવી દિલ્હીમાં યોજાશે. વર્લ્ડ બેડમિન્ટન ફેડરેશન (બીડબલ્યૂએફ) એ સોમવારે આ જાહેરાત કરી હતી. આ બીજી વખત હશે જ્યારે ભારત આ વર્લ્ડ ચેમ્પિયનશિપનું આયોજન કરશે. અગાઉ ૨૦૦૯માં હૈદરાબાદમાં તેનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ જાહેરાત પેરિસમાં ૨૦૨૫ ચેમ્પિયનશિપના સમાપન સમારોહ દરમિયાન કરવામાં આવી હતી. આ પ્રસંગે બીડબલ્યૂએફના અધ્યક્ષ ખુનયિંગ પટામા લિસ્વદત્રકુલ, 'ફેડરેશન ફ્રાન્સાઇઝ ડી બેડમિન્ટન'ના વડા ફ્રેન્ક લોરેન્ટ અને બેડમિન્ટન એસોસિએશન ઓફ ઇન્ડિયા (બીએઆઇ)ના સેક્રેટરી જનરલ સંજય મિશ્રા વચ્ચે ટ્રાન્સફર થયું હતું. આ પ્રસંગે મિશ્રાએ પેરિસની જેમ 'શ્રેષ્ઠતા અને ભવ્યતા' પ્રાપ્ત કરવાનું વચન આપ્યું હતું.

બીએઆઇ દ્વારા જાહેર કરાયેલ એક પ્રકાશનમાં મિશ્રાએ કહ્યું હતું કે, ''અમે તમને ખાતરી આપીએ છીએ કે ભારત પેરિસ દ્વારા દર્શાવેલ શ્રેષ્ઠતા અને ભવ્યતાનાં ધોરણોને જાળવવા અને આગળ વધારવા માટે ૧૦૦ ટકા પ્રયાસ કરશે. અમે વૈશ્વિક બેડમિન્ટન પરિવારનું દિલ્હીમાં સ્વાગત કરવા માટે આતુર છીએ.'' દિલ્હીનું આયોજન આઠ વર્ષ પછી એશિયામાં ટુર્નામેન્ટની વાપસીનું ચિહ્ન બનશે. ચીનના નાનજિંગમાં ૨૦૧૮ની સીઝનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભારત ટુર્નામેન્ટમાં સૌથી વધુ મેડલ જીતનારા દેશોમાંનો એક છે. ભારતે ૧૯૮૩થી અત્યાર સુધી ૧૫ મેડલ જીત્યા છે, જેમાં ૨૦૧૧ની સીઝન પછી દરેક ઇવેન્ટમાં ઓછામાં ઓછો એક મેડલ જીતવાનો સમાવેશ થાય છે. વિશ્વ ચેમ્પિયનશિપમાં પ્રકાશ પાદુકોણે ૧૯૮૩માં કોપેનહેગનમાં બ્રોન્ઝ મેડલ જીતીને ભારતનું મેડલ ખાતું ખોલ્યું હતું. જ્વાલા ગુટ્ટા અને અશ્વિની પોનપ્પાની મહિલા ડબલ્સ જોડીએ ૨૦૧૧માં બ્રોન્ઝ મેડલ જીતીને ભારતના લાંબા સમયથી ચાલી રહેલા મેડલના દુકાળનો અંત લાવ્યો હતો. બે ઓલિમ્પિક મેડલ જીતનાર પીવી સિંધુ, વર્લ્ડ ચેમ્પિયનશિપમાં સૌથી સફળ ભારતીય ખેલાડી છે. તેણે પાંચ મેડલ (બે ગોલ્ડ, બે સિલ્વર અને એક બ્રોન્ઝ) જીત્યા છે. સાઇના નેહવાલે પણ બે મેડલ (૨૦૧૫માં એક સિલ્વર અને ૨૦૧૭માં એક બ્રોન્ઝ) જીત્યા છે. કિદામ્બી શ્રીકાંત (૨૦૨૧માં સિલ્વર), બી સાઈ પ્રણીત (૨૦૧૯ માં કાંસ્ય), લક્ષ્ય સેન (૨૦૨૨માં કાંસ્ય), અને એચએસ પ્રણય (૨૦૨૩માં કાંસ્ય) પણ સિંગલ્સમાં મેડલ જીત્યા છે. ■

# ફાસ્ટ બોલર હર્ષલ પટેલ ૧૪ વર્ષે પાછો ગુજરાતની ટીમમાં

અમદાવાદઃ ભારત વતી ૨૫ ટી-૨૦ મેચ રમી ચૂકેલો ૩૪ વર્ષીય ફાસ્ટ બોલર હર્ષલ પટેલ ડોમેસ્ટિક ક્રિકેટમાં ૧૪ વર્ષ સુધી હરિયાણા વતી રમ્યા બાદ ગુજરાતની ટીમમાં પાછો જોડાયો છે. હર્ષલે ૭૪ ફર્સ્ટ-ક્લાસ મેચમાં ૨૪૬ વિકેટ લીધી છે. તે ગુજરાતની ટીમમાં પાછો ફર્યો હોવાથી હવે અમદાવાદમાં તેના પરિવારને વધુ સમય આપી શકશે. બેંગલૂરુ સહિત ચાર ટીમ વતી રમી ચૂકેલા હર્ષલે આઈપીએલમાં કુલ ૨૭૦ વિકેટ લીધી છે. ■

# નેશનલ રેન્કિંગ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ ૧૩ વર્ષ બાદ દિલ્હીમાં યોજાશે

નવી દિલ્હી : રાષ્ટ્રીય ચેમ્પિયન દિયા ચિતલે અને કોમનવેલ્થ ગેમ્સના ગોલ્ડ મેડલ વિજેતા જી. સાથિયાન અને હરમીત દેસાઈ સહિત અનેક ટોચના ભારતીય ખેલાડીઓ ૭ સપ્ટેમ્બરથી અહીં શરૂ થઈ રહેલી યુટીટી નેશનલ રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં ભાગ લેશે.

અત્યાર સુધી વિવિધ વય જૂથોના ૨૯૫૮ ખેલાડીઓએ આ મહત્ત્વપૂર્ણ રાષ્ટ્રીય સ્તરની ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે અરજી કરી છે. દિલ્હી સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિએશન (ડીએસટીટીએ) ૨૦૦૮ પછી પહેલીવાર રાષ્ટ્રીય રેન્કિંગ ટુર્નામેન્ટનું આયોજન કરી રહ્યું છે, જોકે ટેબલ ટેનિસ ફેડરેશન ઓફ ઈન્ડિયાએ ૨૦૧૨માં હરિયાણાના સહયોગથી રાષ્ટ્રીય રાજધાનીમાં એક ટુર્નામેન્ટનું આયોજન કર્યું હતું.

આ ટૂર્નામેન્ટ ૭ થી ૧૪ સપ્ટેમ્બર દરમિયાન ત્યાગરાજ સ્ટેડિયમ ખાતે રમાશે. ખેલાડીઓ સિનિયર, અંડર-૧૯, અંડર-૧૭, અંડર-૧૫, અંડર-૧૩ અને અંડર-૧૧ કેટેગરી સહિત ૧૨ ઇવેન્ટમાં ભાગ લેશે. પુરુષોની કેટેગરીમાં ભાગ લેનારા ખેલાડીઓમાં સાથિયાન, હરમીત, એન્થની અમલરાજ અને સૌમ્યજીત ઘોષ જેવા અનેક ભૂતપૂર્વ રાષ્ટ્રીય ચેમ્પિયનનો સમાવેશ થાય છે. ઘોષ ૨૦૧૨માં લંડન ઓલિમ્પિકમાં ભાગ લીધા પછી વ્યક્તિગત કારણોસર રાષ્ટ્રીય ટીમ માટે રમી શક્યો ન હતો. ■

## ૪. ધાર્મીક સંબંધી

**સસ્તામાં**

દરેક પૂજા, જ્યોતિષ, લઘુરુદ્ર, વાસ્તુ, કાલસર્પ, રાંદલકથા. 8369339259. (૧૫૩૮૧/એ)

**જૈન દેરાસર માટે**

કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

## ૬. પરચુરણ

**R.K. ANTIQUE ARTS**

ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોલા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઘડિયાળો પેન જરમન સિલ્વર સાડી બોર્ડર ગારા ફર્નિચર 8879388883, 9867814407. (૩૦૪)

## ૯. લગ્ન સંબંધી

■ મુંબઈનાં માસ્ટર્સ CA યુવક 1999 રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨ ૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૬૪૩૪)

■ મુંબઈનાં અમેરીકન સીટીઝન વૈષ્ણવ યુવક 1975 ડિવોર્સી રાજેશ ૦૯૪૨૮૨ ૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૬૪૩૫)

■ દુબઈમાં માસ્ટર્સ કોમર્શીયલ મેનેજર યુવક 1988 રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨ ૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૬૪૩૬)

**યુવક - ૧૯૮૯**

**મુંબઈ બોરીવલી સ્થિત, દશા સોરઠિયા વૈષ્ણવ વણિક, સુખી સંપન્ન પરિવારના. ઉંચાઈ ૫.૯, અન્ડર ગ્રેજ્યુએટ, ફેમીલી બિઝનેસ- કેમીકલ ફેક્ટરી ધરાવતા યુવક માટે, વૈષ્ણવ / જૈન પરિવારની યોગ્ય કન્યાના વડિલો સંપર્ક કરે: 9969597024. (દહેજ નહીં). (બી-૧૬૪૪૨)**

## ૧૦. મહિલાઓ માટે

**મહેમાનોનો ઉતારો**

બાપલી બંગલો રોજના ધોરણેથી બોરીવલી/ કાંદિવલીમાં, બર્થડે, સગાઈ, પાર્ટી, એક્ઝિબિશન માટે 9821112796. (૨૨૮-સી)

**કાનનાં મોટા કાણાં**

દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૬૪૩૭)

**કૉરપોરેટ ગિફ્ટ**

નવરાત્રી તથા દિવાળી નિમિત્તે આપવા ગિફ્ટ આઈટમો હોલસેલ ભાવે મળશે. - 9930310057. (બી-૧૬૪૩૮)

**કાન**

૪૦ વર્ષોના અનુભવી પાસે, દવાથી કાન સીવરાવવા, ઘાટકોપર - અંધેરી - સેન્ડહર્સ્ટ રોડ - વાલકેશ્વર - દાદર - ચૌપાટી. ૯૮૬૯૪૧૬૪૮૧. (બી-૧૬૪૪૧)

## ૧૨. યાત્રા સહેલગાહ

**તુષારભાઈ ટુરવાલે**

ગંગાસાગર જગન્નાથપુરી, નેપાળ મુક્તિનાથ, અયોધ્યા વારાણસી પ્રયાગરાજ, દક્ષિણ ભારત ૯૮૩૩૭૩૦૬૩૯. (૨૪૬-એ)

■ નોકરી, ધંધો, અભ્યાસ કે લગ્ન કાયદેસર પાસપોર્ટ + વિઝા સાથે દુનિયાભરમાં જવા ઈમ્પોર્ટ, એક્ષપોર્ટનો લાભ TCA - 9377992110, 9867510027. (બી-૧૬૪૨૦)

## ૧૪. નોકરી ખાલી છે

**મેનેજર-કેશીયર**

મીઠાઈની દુકાન માટે અનુભવી જોઈએ છે. યોગ્યતા મુજબ પગાર બાયોડેટા સાથે સંપર્ક- ''મંગલમ ડેરી'', આકુર્લી મેન રોડ, સ્ટેશન પાસે, કાંદિવલી (ઈસ્ટ). (૨૫૫/એ)

## ૧૭. જગ્યા આપવી છે

**માટુંગા ફાઈવ ગાર્ડન**

બે થી પાંચ બેડરૂમના લક્ઝરીયસ ફ્લેટો રેડી બંધાતામાં લેવા મળો જવાહર ઠક્કર ૯૮૨૧૩૬૩૧૧૩. (૨૯૬)

■ સાન્તાક્રુઝ (વેસ્ટ) સાંઈબાબારોડ. ૨ BHK. 1240 સ્કવેર ફીટ. હવેલી અને દેરાસર પાસે, એક કવર્ડ પાર્કિંગ. ફર્સ્ટ ફ્લોર. બે લિફ્ટ. આઉટરાઈટ વેચાણથી. 9819756322, 9820500118. (બી-૧૬૪૦૧)

**મલાડ (વેસ્ટ)**

શામનિરમલ હાઈટ્સ, નર્સિંગ લેન, એસવી રોડ 2 અને 3 BHK OC નજીકમાં અજય રંગવાલા. 9769816633/ 9004398283. (જેપી/૪૫૧૪-એ)

**ઘાટકોપર**

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે / વેચાણથી લેવા / વેચવા રમેશ નિમાવત 9320571016 - 9082933313. (૧૫૫-એ)

**REDEVELOPMENT ગયેલા બિલ્ડિંગોમાં ફ્લેટ/ શૉપ અમારા ઈન્વેસ્ટર્સ માટે જોઈએ છે. (પેમેન્ટ રેડી છે). 7666644727. (૨૩૧-સી)**

**અંધેરી (વેસ્ટ)**

2 BHK ''યશોધન'' (4.25 કરોડ), 2 BHK ''અરૂણોદય'' (4.00 કરોડ), 2 BHK ''ગ્રીનકોર્ટ'' (2.50 કરોડ), 3 BHK (4.25 કરોડ), પાર્લા (વેસ્ટ) 3 BHK (6.90 કરોડ) તથા પંચવટી, લલ્લુભાઈ પાર્ક, એસ. વી. રોડ, પાર્લા (વેસ્ટ), જુહુ - જુહુ સ્કીમ લીવલાયસન્સથી ''ગૌતમ જોષી'' 9322236433 / 9821069632. (૨૨૩-એ)

**બોરીવલી (વેસ્ટ)**

**ટીપીએસ 3 બેડરૂમ સેમી ફર્નિશ્ડ ભાડે આપવાનો છે. અંકિતા એસ્ટેટ 9867015566. (૨૪૯-એ)**

**વાલ્કેશ્વર**

2 BHK, એરિયા 1100', ફર્નિશ્ડ, 2 પાર્કિંગ, ફ્રન્ટ સાઇટ તૈયાર કબજો. ભાડું 2 લાખ દર મહિને, ''કરણ'' 9821231619. (૨૨૩-એફ)

**બ્રીચકેન્ડી**

1 BHK, એરિયા 550', ફર્નિશ્ડ, તૈયાર કબજો. ભાડું 1.20 લાખ દર મહિને, ''કરણ'' 9821231619. (૨૨૩-જી)

**દેવલાલી**

ફ્લેટ, દુકાન, બંગલા, પ્લોટ લેવા - વેચવા / ભાડેથી. પરેશ - 9930803959 - 9930106054. (૧૬૨-સી)

**માટુંગા**

બે બેડરૂમ ૭૦૦ એરીયા સાડા ત્રણ કરોડ પચાસનો ભાવ નવું મકાન લીફ્ટ પાર્કીંગ ઓસી સાથે. વિનોદ-9892980593. (૨૩૩-સી)

**વડાલા**

સાડા ત્રણ કરોડ બે બેડરૂમ પણ ત્રણ કરોડમાં ત્રણ બેડરૂમ નવા રેડી મકાનમાં. વિનોદ: 9892980593. (૨૩૩-એ)

**વિલેપાર્લે (ઈસ્ટ)**

નંદા પાટકર રોડ, 1 બીએચકે, 325 ચો.ફૂટ (Approx) રેડીપઝેશન વીથ O.C., (ફક્ત 7 ફ્લેટ્સ) હાયર ફ્લોર વેચાણથી મળશે. જતીનભાઈ 9820994144 / વેદાંતભાઈ 7718049056. (બી-૧૬૪૨૮)

**પાર્લા ઈસ્ટ**

2 B H K સ્પેશીયશ ફ્લેટ. વીરેશ્વર હાઈટસ, સ્ટેશનથી પાંચ મિનિટે. તુરત જ વેચાણ/ ભાડે થી આપવાનો છે. યોગેશભાઈ 9820583614. (બી-૧૬૪૩૧)

**ખાર (વેસ્ટ)**

ફક્ત ગુજરાતી માટે ૪ બેડરૂમનો ફ્લેટ, સેપરેટ સર્વેન્ટ ટોયલેટ, ૨ પાર્કિંગ, એરકંડીશન્સ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડીંગ, વેચાણથી. ''ઓનર''- 9820156133. (બી-૧૬૪૩૯)

**વિલેપાર્લે વેસ્ટ**

**લીવ લાઇસન્સથી, 4 બેડરૂમ્સ, વેસ્ટર્લી ફ્લેટ - 1236', 11મો માળો, નવુ મકાન, બજાજ રોડ, આપવાનો છે. એજન્ટ: અશ્વીન મરચન્ટ - ૯૮૧૯૮૭૪૫૧૫. (૨૫૮/એ)**


OM® JEWELLERS

WE ARE HIRING

| Openings | Positions | Requirements |
|---|---|---|
| 20 Nos. | Senior Sales | 3+ yrs experience in jewellery Gujarati preferred |
| 5 Nos. | CRO | 5+ yrs experience in jewellery handling team |
| 5 Nos. | Cashier | 2+ yrs experience in jewellery / retail cash center |
| 1 No. | O. G. | 5+ yrs experience as a gold melter |

Vacancies For Stores

Borivali ✧ Ghatkopar ✧ Mulund ✧ Bandra

Walk-In Interview

8657016032 hr@omjewellers

from 4th Sept onwards 12 pm to 6 pm

301-304, Hirji Heritage, Gulmohar Road, Borivali (W), Mumbai - 400 092

(B-16426)


■ **સેલ્સ કમ ઑફીસ માટે યોગ્ય માણસ જોઈએ છે. સંપર્ક:- હાથી મિલ્સ, સીતાફલવાડી સાંજે ૫ થી ૭. 9820945599. (એસડીબી-૨૮૫૨)**

**50,000/-**

મલાડ : માર્કેટીંગ પાર્ટટાઈમ જોબ. ગ્રેજ્યુએટ. સંપર્ક : 9930774809. (૨૫૯/એ)

**મલાડ (ઈસ્ટ)**

પોદાર રોડ, સ્ટેશનથી 2 મિનિટ વોકેબલ, લક્ઝરીયસ 3.5 બેડરૂમ વેચાણથી 2.60 કરોડ નીગોસિબલ, all master bedroom, 2 પાર્કિંગ, હાયર ફ્લોર, ફૂલ્લી ફર્નિશ, રેડી લેવા Joshi estate- 9967664729. (જેપી/૪૫૧૬-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**વિલેપાર્લે વેસ્ટ**

**ઓનરશીપથી નવું બિલ્ડીંગ 2 બેડરૂમ્સના 2 ફ્લેટ ૭૪૦' ૧૧મે અને ૧૦મો માળ, બજાજ રોડ, આપવાના છે. એજન્ટ: અશ્વીન મરચન્ટ - ૯૮૧૯૮૭૪૫૧૫. (૨૫૮/બી)**

**વાલ્કેશ્વર**

પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો / કોમર્શીયલ લેવા / વેચવા અને લીવલાઈસન્સથી હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૮૫૧)

**ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર - તિલકનગર**

ફ્લેટ, ઓફિસ, દુકાન, ભાડેથી / વેચાણથી લેવા - વેચવા ''જીનલ વોરા'' - 9320206906. (૨૬૧-એ)

**''લોઅર પરેલ''**

વર્લ્ડ ટાવર 4 બેડરૂમ 2700' સીલિંક વ્યુ 3 પાર્કિંગ 16,00,00,000/- નિતીન : 98672 22020. (૨૬૦/એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**

ભાડેથી. તિલક રોડ, 2 બેડરૂમ, હોલ, કિચન - 740' કારપેટ. 9821069113, 9870769113. (૨૬૧/બી)

**કાંદીવલી (વેસ્ટ)**

2 બેડરૂમ નવા બિલ્ડિંગમાં ભુરાભાઈ હોલ પાસે, 728' કાર્પેટ 2.13 કરોડ તથા 751' કાર્પેટ 2.20 કરોડ ફુલ પેકેજથી મળશે સંજીવ - 9821925693. (જેપી/૪૫૧૬-ડી)

**AHMADABAD**

Best Investment in Sanand Starting 33 Lacs 405 sq.yd Plot Size Multiple Sizes 9167723483 / 9869070123. (228-A)

**WORLD TOWER**

For Rent Lower Parel 4 BHK - 2600' Higher Floor - Well Furnished - 3 Parking Ready Poss. per month 6.50 Lac. "Agarwal" 9821231619. (223-E)

**MALAD (WEST)**

**3 Bedroom, 1150' Rera Carpet Adarsh Dugdhaly Road, Higher Floor Dilip 8108307900 (Broker excuse). (249-C)**

**MAHALAXMI READY OC FLATS**

**Resale and Investors Deals 2, 3 Bed 4.50 Cr., 7.35 Cr. 7 Star Amenities Rooftop Amenities also Byculla 2, 3 Bed with Jain Mandir and 7 Star Amenities Large Layout 3.35 Cr., 4.50 Cr. - 98192 27923. (B-16266)**

**MATUNGA EAST EXCLUSIVE**

**1 Flat Per Floor, Open on all sides, 2000 + usable Large Balcony, Beautiful views Motivated Seller 12 Cr. revised 11.25 Cr. Open to offers 9004078342. (B-16362)**

**WADALA (W), KATRAK ROAD,**

Nr Ram Mandir and 5 Gardens 2.5 BHK S/F, Parking, Usable 750', Ownership 3.25 Cr. neg. Call 9821230938 - 9821053128. (216-A)

AVAILABLE FURNISHED 2 BHK for Sale in Navyug Nagar, Forjeett Hill, Carpet Area 535 Sq.ft. Bldg to go in redevelopment in one year, Bright Future. Higher floor, with lift, & Good Garden view & Antilia view from the Flat, Only Genuine Buyers Contact. Possession in Jan /Feb. 2026. Currently on Lease. Brokers may contact if willing to take Brokerage from Purchaser side. Contact:- 98211 39550. (B-16429)

**SALE VILE PARLE (WEST)**

S.V. Road, near Jain Mandir, 3 BHK, 1050 Sq.Ft., 2 Car Park, 4.30 CR. Owner: 9820912133. (SDB-2850)

**GHATKOPAR (EAST)**

MICL Luxurious Residential Project, 55 Amenities, 11 Towers, 1000' to 4500' Carpet. "SJ Real Estate" - 9022279684. (261/C)

**SOUTH MUMBAI**

Peddar Road, Breach Candy, Malabar Hill, Walkeshwar, Worli, Prabhadevi 1,2,3,4 BHK Sale, L&L, Ready & Under-Construction. - 9892710071/ 9619048555. (B-16440)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવધર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**B.K.C. જોઈએ**

**1300' કારપેટ ઓફિસ વેંચાણથી / લીઝથી જોઈએ છે. 8879181869. (૨૩૮-સી)**

**''નેશનલાઈઝ''**

બેંક ભાડે લાગેલી વેચાણ, મહાલક્ષ્મી, ''નિતીન'': 9867222020. (લેવા - વેચવા - લીઝ). (૨૪૦-એ)

**PRELEASED OFFICE**

**મહિને 60,000/= ભાડેથી લાગેલી, ઓફિસ વેચવાની. (1.44 CR) (૨ પાર્કિંગ સાથે) (300' + 300' LOFT) યુઝેબલ - 600' મહાવીરનગર, CROMA/D'MART પાસે, કાંદિવલી (વેસ્ટ). OWNER: 76666 44727. (૨૩૧-એ)**

**બોરીવલી (વેસ્ટ)**

**સતરા પાર્ક શિંપોલી**

**રીલાયન્સ મોલની પાસે, બ્રાન્ડેડ કમર્શીયલ શોરૂમ 1630' VERTICAL ભાડેથી આપવાનો. (Rs. 225/= PER SQUARE FEET RATE) 76666 44727. (૨૩૧-ડી)**

**અંધેરી/પાર્લા**

અમારા માનવંતા ગ્રાહક માટે ૧૦૦૦' ઓફીસ અંધેરી સ્ટેશનથી સાકીનાકા સુધી જોઈએ છે તથા પાર્લા (વેસ્ટમાં) સ્ટેશન પાસે ૨૨૦' રેસીડેન્સીઅલ જગ્યા વેચવાની છે. કોમર્શીઅલ શક્ય. સંપર્ક: જીતુભાઈ: ૯૮૨૦૬૧૩૧૨૮. (૨૪૨-એ)

**અંધેરી-મરોલ**

ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં સેન્ટ્રલી એરકન્ડીશન ઓફિસ 1000'+1000' કારપેટ, ફુલ્લી ફર્નિશ્ડ, વેચાણથી/ભાડેથી. તથા અન્ય ઘણી પ્રપોઝલ. એજન્ટ દિનેશ ઠક્કર - 9819337299. (૨૨૧-એ)

**ચર્નીરોડ**

સ્ટેશન પાસે ધંધાદારી જગ્યા ભાડેથી ૬૦૦ કાર્પેટ, માલકીન - ૯૬૧૯૨૩૫૭૫૬ / ૮૩૬૯૫૫૬૦૨૧. (બી-૧૬૨૬૫)

**વિલેપાર્લે (ઈસ્ટ)**

નંદા પાટકર રોડ, 325 ચો. ફૂટ (Approx) કમર્શીયલ ઓફિસ, ગ્રાઉન્ડ ફલોર, દવાખાનું, ક્લાસીસ, ક્લાઉડ કીચન વગેરે માટે ઉત્તમ. રેડી પઝેશન વીથ O.C., વેચાણથી મળશે. જતીનભાઈ 9820994144/ વેદાંતભાઈ 7718049056. (બી-૧૬૪૨૭)

**અંધેરી ઈસ્ટ**

2800' + 2800' બે ઓફિસો ભાડેથી/ વેચાણથી કોમર્શિયલ બિલ્ડિંગમાં નવામાં રેડી વિથ OC સ્ટેશને ગંગર- 8080524858. (બી-૧૬૪૨૪)

**બોરીવલીમાં - શોરૂમ**

ભાડાથી - વેસ્ટમાં, સતરા ટાવરમાં, શિંપોલી, (1630' - 3,50,000), અર્જન્ટથી સુનિલભાઈ 9821477177. (૨૫૪-એ)

**વિલેપાર્લે વેસ્ટ**

**લીવ લાઈસન્સથી ઓફિસ એમ.એલ સ્પેસીસ - ડી જે રોડ, ૧૧૫૦' આપવી છે. એજન્ટ: અશ્વીન મરચન્ટ - 9819874515. (૨૫૮/સી)**

**''ચર્ની રોડ''**

સ્ટેશન પાસે, બેઝમેન્ટ, ઓફિસ 312' ગોડાઉન - લેબ - ક્લાસીસ - સ્ટુડીયો, લીઝ - 35,000/- : 9867222020. (૨૬૦/બી)

**દુકાન વેચાણથી**

વિલેપાર્લે ઇસ્ટમાં 330' કારપેટ, ફ્રન્ટમાં ઓપન સ્પેશ, હનુમાન રોડ, મેઈન રોડ ટચ, પ્રિલીઝ પ્રોપર્ટી, વીરા ડેવેલોપરનાં પ્રોજેક્ટની બાજુમાં, ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા- 9594925992. જતીન વીરા- 9119512675. (જેપી/૪૫૧૬-સી)

**વિલેપાર્લે (ઈસ્ટ)**

ભાડેથી કોમર્શિઅલ ઓફિસ સ્પેશ, 1350' કારપેટ, હનુમાન રોડ, 1st ફ્લોર, રોડ સાઈડ- 1 પાર્કિંગ સાથે, પિલર લેસ, સ્કવેર ઓપન સ્પેશ, હાઈવે એરપોર્ટ અને સ્ટેશન નજીક, ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા- 9594925992. જતીન વીરા- 9119512675. (જેપી/૪૫૧૬-બી)

**NEW MARINELINES**

Near Patkar Hall, Office 2500' Basement Fully Furnished @ 22000 per feet. Prelease option also available. Ashok 9821036552 Sushant 9870246552. (252-A)

**OUTRIGHT SALE**

Vasan Udyog Opp Pallidum 2000 + 500 attached 1 Parking. Ideal for Garment / Office / Commercial use @ Market Rate. Ashok 9821036552. (252-A)

AVAILABLE FURNISHED Office on Rent, Opp Majestic Cinema, Girgaon Church, on the Main Road. 175 Sq.ft Carpet. 2nd floor, without lift. Main Road Facing. Rent Rs. 20,000/- Per month & Rs. 1.5 Lakhs Deposit. 2 Years. Lock in. Only Genuine Direct Client, Contact. Immediate Possession. Brokers may contact if willing to take Brokerage from their client side. Contact:- 98211 39550. (B-16430)

## ૨૩. મનોરંજન

**''પ્રાર્થના- 6500/-''**

''ગણપતિ'', ''ભજન'', ''નવરાત્રી દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''ડીજે'' :- 9820889938. (૨૨૨/ડી)

## દવાઓ પર ૨૦૦ ટકા ટૅરિફનો પ્રસ્તાવ

ન્યૂ યોર્ક: ટ્રમ્પ વહીવટીતંત્રે આયાતી દવાઓ પર ભારે ટૅરિફનો પ્રસ્તાવ મૂક્યો છે, જેમાં કેટલીક દવાઓ પર ૨૦૦ ટકા સુધીનો ટેક્સ લગાવવાની યોજના છે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ ઓટો અને સ્ટીલ જેવા માલ પર પહેલાથી જ લાગુ કરાયેલા ટૅરિફને ફાર્માસ્યુટિકલ ક્ષેત્ર પર પણ લંબાવવાનો હેતુ ધરાવે છે. ■

## ૨૩. મનોરંજન

**બજેટથી પ્રાર્થનાસભા**

ગણપતિ ભજન, તપસ્યા સાંજી, નવરાત્રી, લગ્નગીત, સંગીત સંધ્યા, બર્થડે. મનસુખભાઈ : 9326801860. (૨૩૮-એ)

**હાસ્ય ધમાકા**

**હાસ્ય દરબાર + ડાયરો + સંગીત સંધ્યા + લગ્નગીત + ગેમ્સ. 9820464530. (૨૫૬/એ)**

## ૨૫. શૈક્ષણીક

**STUDY MBBS**

MBBS in Georgia. Neet Qualify. 9875070837. Vinay Global Education Agent Welcome. (248-A)

## ૩૧. નાણાંકીય

**IMPOSSIBLE LOANS**

Mortgage - Redevelopment NPA Cases - Home Loan - 50 Cr. to 100 Cr. Bank Settlement Cases. Jalaram Finance 9820441711. (234-A)

## ૩૩. ધંધાદારી

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૬૪૦૪)

■ **પલવેરાઈજીંગ ગ્રાઈન્ડીંગ, ગાસ્કેટ સ્કેપ કટીંગ, મીક્ષીંગ અને એક્સપોર્ટ માટે જોબવર્ક ફેસેલીટી હાથી મિલ્સ, સીતાફલ વાડી મઝગાંવ, મુંબઈ 9869830581. (એસડીબી-૨૮૫૪)**

■ **આયુર્વેદિક લાકડાની ગાંઠો કાપી પાવડર કરવાની ફેસીલીટી અવેલેબલ છે. સંપર્ક:- હાથી મિલ્સ મઝગાંવ, મુંબઈ 9869830581. (એસડીબી-૨૮૫૩)**

## ૩૪. ફર્નીચર ફીક્ષ્ચર

**સોફા રીવોલીંગ ચેર**

સોફા રીવોલીંગ ચેર ડીઝાઈન પ્રમાણે નવા બનાવી આપશું. જૂના રીપેરીંગ કરી આપશું. મનીષ ૯૮૨૦૮૯૫૨૧૪. (૩૦૫)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શાસ્ત્રીજી**

બધી સમસ્યાનું ઘર બેઠા ફોન માટે જન્માક્ષર દ્વારા જાણો તમારી સમસ્યા. (હોમવિઝિટ) 9765396401. (બી-૧૬૨૯૯)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

■ વિદેશમાં અમેરિકા, લંડન, EUROPE, AUSTRALIA, CANADAમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૬૪૩૩)

**પરદેશમાં પાર્સલ**

અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 8879196093 / 9594187418. (બી-૧૬૪૨૫)


**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


# કરુણેશ બજાજ બન્યા એબીસીના ચેરમેન



મુંબઈ : આઈટીસી લિમિટેડના માર્કેટિંગ એન્ડ ઍક્સપોર્ટના ઍક્ઝિક્યુટીવ વાઈસ પ્રેસિન્ટ કરુણેશ બજાજને ૨૦૨૫-૨૬ના વર્ષ માટે ઓડિટ બ્યૂરો ઑફ સર્ક્યુલેશન્સ (એબીસી)ના ચેરમેન તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા છે. બેનેટ કોલમેન એન્ડ કંપની લિમિટેડના ચીફ ઓપરેટિંગ ઑફિસર અને ઍક્ઝિક્યુટિવ ડિરેક્ટર મોહિત જૈનને ડેપ્યુટી ચેરમેન તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા છે. બ્યૂરોની કાઉન્સિલ ઑફ મેનેજમેન્ટના સભ્યો આ પ્રમાણે છે :

**એડવર્ટાઈઝર રિપ્રેઝન્ટેટિવ:**

૧. કરુણેશ બજાજ, આઈટીસી લિમિટેડ -ચેરમેન

૨. અનિરૂદ્ધ હલદર, ટીવીએસ મોટર કંપની લિ.

૩. પાર્થો બેનર્જી, મારૂતી સુઝુકી ઈન્ડિયા લિ.

**પબ્લિશર્સ રિપ્રેઝન્ટેટિવ :**

૧. મોહિત જૈન -બેનેટ કોલમેન એન્ડ કં. લિ.- ડેપ્યુટી ચેરમેન

૨. ધ્રુવ મુખરજી-એબીપી પ્રા. લિ. - માનદ્ મંત્રી

૩. રિયાદ મેથ્યુ-મલયાલા મનોરમા કં. લિ.

૪. ગિરિશ અગ્રવાલ-ડીબી કોર્પ. લિ.

૫. શૈલેષ ગુપ્તા-જાગરણ પ્રકાશન લિ.

૬. કરણ દરડા-લોકમત મીડિયા પ્રા. લિ.

૭. પ્રતાપ જી. પવાર-સકાલ પેપર્સ લિ.

૮. આદીમૂલમ- દિનામલાર

**એડવર્ટાઈઝિંગ એજન્સીસ રિપ્રેઝન્ટેટિવ**

૧. વિક્રમ સખુજા-મેડિસન કોમ્યુનિકેશન્સ પ્રા. લિ.

૨. શ્રીનિવાસન કે. સ્વામી-આર. કે. સ્વામી પ્રા. લિ.

૩. પ્રશાંત કુમાર-ગ્રૂપ એમ. મીડિયા ઈન્ડિયા પ્રા. લિ.

૪. વૈશાલી શર્મા-ઈનિશિયેટિવ મીડિયા (ઈન્ડિયા) પ્રા. લિ.

૫. સેજલ શાહ -પબ્લિકસ મીડિયા ઈન્ડિયા ગ્રૂપ

**સેક્રેટરિયેટ**

આદિલ કાસદ- સેક્રેટરી જનરલ. ■

# સંસ્થા સમાચાર

## શ્રી નાગરદાસ ડી. ભૂતા હાઈ સ્કૂલમાં ગણેશોત્સવની ધૂમ



શ્રી નાગરદાસ ડી. ભૂતા હાઈ સ્કૂલમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ગણેશોત્સવ ઉજવવામાં આવ્યો છે. શાળાને સુંદર શણગારવામાં આવી છે. રંગોળી વડે શાળાનું પરિસર ખીલી ઊઠ્યું છે. નાના બાળકોએ પર્ફોર્મ કર્યું હતું. ગણપતિબાપાની સ્થાપના બાદ ભજન, આરતી અને સાંસ્કૃતિક કાર્યક્રમો કરવામાં આવ્યા. સાથે જ પર્યાવરણને બચાવવાનો પણ સંદેશ આપવામાં આવ્યો.

## મહાપૂજન સંપન્ન

શ્રી કોટ તપગચ્છ મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંઘમાં શ્રી સિદ્ધચક્ર મહાપૂજન સંપન્ન થયું છે. મુંબઈનું સર્વપ્રથમ જૈન મંદિર અને પૂ. દાદાગુરુદેવ ગચ્છાધિપતિ આચાર્ય શ્રી દર્શન સાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબની કાળ થયાની ભૂમિમાં રાષ્ટ્રસંત ૧૫૦થી વધારે જૈન મંદિરોની પ્રતિષ્ઠાકારક આચાર્ય શ્રી ચન્દ્રાનન સાગરસૂરીશ્વરજી મ.સા.ના ઓજસ્વી શિષ્યો પ.પૂ. મુનિરાજ શ્રી નિપુર્ણચંદ્રસાગરજી મ.સા. આદિ ઠાણાનો મુંબઈના બોરાબજારમાં શ્રી કોટ શાંતિનાથજી જૈન દેરાસરના શ્રી કોટ તપગચ્છ મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંઘમાં ચાતુર્માસ પ્રવેશ થયો.

## સંસ્કરણ શિબિર

પૂ. આચાર્યદેવ શ્રી વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પ્રશાંતમૂર્તિ ગુરુદેવ પૂ.આ.દેવ શ્રી વિ. તીર્થભદ્રસૂરીશ્વરજી મ.સા. પૂ.પંન્યાસપ્રવર શ્રી તીર્થરતિવિજયજી મ.સા. અને શ્રી તીર્થરુચીવિજયજી મ.સા. આદિ ઠાણા-૧૭ તથા પૂ. સાધ્વીજી શ્રી તત્ત્વપૂર્ણાશ્રીજી મ.સા. અને શ્રી પૂર્ણશ્રેયા શ્રીજી મ.સા. આદિ ઠાણા-૮ની પાવનનિશ્રામાં કચ્છ તાલુકાના રાપર ગામ ગાગોદરમાં જૈન ઉપાશ્રયમાં સંસ્કરણ શિબિરનું આયોજન ૭ સપ્ટેમ્બરથી ૯ સપ્ટેમ્બર સુધી કરવામાં આવ્યું છે.

## ૫૫૪ સજોડે શ્રી નાકોડા ભૈરવ મહાપૂજન કરશે

રાષ્ટ્રસંત, ૨૫૪ જૈન મંદિરોના પ્રતિષ્ઠાકારક પૂ.આ. શ્રી ચન્દ્રાનનસાગરસૂરીશ્વરજી મ.સા.પ. પ્રવર્તક મુનિરાજ શ્રી હરિશચન્દ્રસાગરજી મ.સા.પૂ.કાર્યદક્ષ મુનિવર શ્રીમનનચન્દ્રસાગરજી મ.સા. આદિ ઠાણા, પૂ. વિદૂષી સાધ્વીજી શ્રી કલ્પિતાશ્રીજી મ. અને શ્રી ચારુતાશ્રીજી મ. (બેન) આદિ ઠાણાનો આત્મોત્થાનકારી વર્ષાવાસ મુંબઈના કરિરોડના અવિઘ્ન એસ્ટેટ પાર્કમાં શ્રી મુનિસુવ્રતસ્વામી શ્વે. મૂર્તિ. જૈન સંઘમાં અદ્ભુત યાદગાર ધર્મ ચેતના જાગૃતિ સાથે અનેક તપસ્યાઓ. પ્રભાવક શિબિરો માટે વિશાળ દર્શન નગરી નાની પડે છે. સાથે જ ૭ સપ્ટેમ્બરે ૫૫૪ સજોડે શ્રી નાકોડા ભૈરવ મહાપૂજન કરશે. તો ૧૦ સપ્ટેમ્બરે દાદા ગુરુદેવ પૂ. શ્રી દર્શન સાગરસૂરીશ્વરજી મહારાજના વિરાટ ગુરુમેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

## પ્રશાંતમૂર્તિ પ.પૂ. ગુરુદેવ આચાર્ય ભગવંત વિજયતીર્થભદ્રસૂરીશ્વરજી મ.સા.નો ગાગોદરમાં પ્રવેશ

પૂ. આચાર્યદેવ શ્રી વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પ્રશાંતમૂર્તિ ગુરુદેવ પૂ.આ.દેવ શ્રી વિ. તીર્થભદ્રસૂરીશ્વરજી મ.સા. પૂ.પંન્યાસપ્રવર શ્રી તીર્થરતિવિજયજી મ.સા. અને શ્રી તીર્થરુચિવિજયજી મ.સા. આદિ ઠાણા-૧૭ તથા પૂ. સાધ્વીજી શ્રી તત્ત્વપૂર્ણાશ્રીજી મ.સા. અને શ્રી પૂર્ણશ્રેયા શ્રીજી મ.સા. આદિ ઠાણા-૮નું શુભ આગમન કચ્છના રાપર તાલુકાના ગાગોદરમાં થયુમ છે. એ નિમિત્તે સૌને પધારવાનું આમંત્રણ આપવામાં આવ્યુ છે.

## શ્રી મહાવીર જન્મવાંચન નિમિત્તે ભવ્ય મહાપૂજા

દહિસરમાં આવેલા શ્રી શાંતિનાથ જૈન દેરાસરના આંગણે સતત ૨૬માં વર્ષે પર્વાધિરાજ પર્યુષણ અંતર્ગત રવિવારે શ્રી મહાવીર જન્મવાંચન નિમિત્તે ભવ્ય ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે જ પ્રભુ શાંતિનાથદાદાની ભવ્ય અંગરચના અને વિશાળ મહાપૂજા યોજવામાં આવી હતી.શાસ્ત્રોક્ત વિધિવિધાનથી તીર્થંકર પ્રભુજીના જન્મોત્સવની ઝાંખી અને ૬૪ ઈન્દ્રો દ્વારા આકાશ માર્ગે મેરુપર્વત ઉપર લઈ જઈને મહાભિષેક દેખાડવામાં આવ્યો હતો. મહાવીર જન્મવાંચન પ્રસંગે સમૂહ આરતી, ભક્તિભાવના તથા અબોલ જીવ માટે જીવદયાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

## ‘પસાયદાન’ ચેરિટેબલ સંસ્થા દ્વારા ગણેશોત્સવ સ્પર્ધાનું આયોજન

દક્ષિણ મુંબઈની ‘પસાયદાન’ ચેરિટેબલ સંસ્થા કળા, ક્રિડા, સાંસ્કૃતિક, શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્રે આગવી રીતે સેવા આપતી આવી છે. સંસ્થાએ ઘરગુથ્થી અને સાર્વજનિક ગણેશોત્સવ મંડળો માટે વિવિધ સ્પર્ધાનું આયોજન કર્યું છે. એમાં ભાગ લેવા ઇચ્છુકોએ સંસ્થાનો સંપર્ક કરવાનો રહેશે. ■

# નિફ્ટી એક્સપાઈરીએ ખેલ બગાડ્યો: સેન્સેક્સ ૭૫૨ પોઈન્ટ નીચે અથડાઈને અંતે ૨૦૦ પોઈન્ટના ઘટાડે સ્થિર થયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ જીએસટી કાઉન્સિલની બેઠક પહેલાની સાવચેતી વચ્ચે બેન્કિંગ અને ઓટો શેર્સમાં છેલ્લા કલાકમાં પ્રોફિટ બુકિંગનો મારો શરૂ થવાથી પ્રારંભિક સુધારો ગુમાવીને સેન્સેક્સ ૨૦૬ પોઈન્ટના ઘટાડે બંધ થયો હતો. બજારના સાધનો અનુસાર નિફ્ટી એક્સપાઇરીને કારણે પણ બેન્ચમાર્કને ધક્કો લાગ્યો હતો.

સેન્સેક્સ ૨૦૬.૬૧ પોઈન્ટ અથવા ૦.૨૬ ટકા ઘટીને ૮૦,૧૫૭.૮૮ની સપાટી પર સ્થિર થયો હતો. સેન્સેક્સ દિવસ ૮૦,૭૬૧.૧૪ની ઊંચી સપાટી સામે ૭૫૨.૬૪ પોઈન્ટ નીચે ગબડ્યો હતો. જ્યારે નિફ્ટી ૪૫.૪૫ પોઈન્ટ અથવા ૦.૧૮ ટકા ઘટીને ૨૪,૫૭૯.૬૦ના સ્તર પર બંધ રહ્યો હતો. દિવસ દરમિયાન, તે ૨૪,૭૫૬.૧૦ની ઊંચી સપાટી અને ૨૪,૫૨૨.૩૫ની નીચી સપાટી વચ્ચે અથડાયો હતો.

વૈશ્વિક અમિનશ્ચિતતા અને આ અઠવાડિયાના અંતમાં આવનારી ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) કાઉન્સિલની બેઠકના પરિણામની આતુરતા વચ્ચે રોકાણકારોમાં સાવચેતીનું માનસ રહ્યું હોવા સાથે નિફ્ટી એક્સપાઇરીને કારણે મંગળવારે સકારાત્મક શરૂઆત બાદ ભારતીય બેન્ચમાર્ક ઇન્ડેક્સ, સેન્સેક્સ અને નિફ્ટી ઘટાડામાં સપડાયા હતા.

સેન્સેક્સ કંપનીઓમાં, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એશિયન પેઇન્ટ્સ, કોટક મહિન્દ્રા બેંક, આઇસીઆઇસીઆઇ બેંક, ટાટા મોટર્સ અને લાર્સન એન્ડ ટુબ્રોના શેરમાં ઘટાડો થયો હતો. જોકે, પાવર ગ્રીડ, એનટીપીસી, ટાટા સ્ટીલ અને હિન્દુસ્તાન યુનિલિવર મુખ્ય વધનારા શેરોમાં સામેલ હતા. સેક્ટરલ ધોરણે બેંકિંગ અને નાણાકીય શેરોમાં ઘટાડો જોવા મળ્યો હતો, જેમાં હેલ્થકેર સેગમેન્ટમાં પણ હળવી નબળાઈ જોવા મળી હતી. તેનાથી વિપરીત મીડિયા, મેટલ અને રિયલ્ટી શેરોમાં સકારાત્મક ગતિ સાથે પીએસયુ બેંકો પણ મજબૂત રહી હતી. ઇથેનોલના હળવા ધોરણોને કારણે શુગર સ્ટોક્સમાં તેજી જોવા મળી હતી. રોકાણકારો વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે નજીકના ગાળામાં સ્થાનિક વપરાશ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

પ્રાઇમરી માર્કેટમાં ગયા સપ્તાહમાં એકાદ ડઝન જેટલી કંપનીઓએ પ્રવેશ કર્યો હતો. મૂડીબજાર માટે આ સપ્તાહ પણ ધમાલભર્યું રહેવાનું છે. આ સપ્તાહે મેઇનબોર્ડ અને એસએમઇ સેગમેન્ટમાં કુલ સાત આઇપીઓ આવી રહ્યાં છે. પ્રીમિયમ બાસમતી ચોખા, ઓર્ગેનિક ફૂડ્સ અને એફએમસીજી સ્ટેપલ્સમાં સ્પેશિયલાઇઝ્ડ સર્વેશ્વર ફૂડ્સ લિમિટેડ બીજી સપ્ટેમ્બરના રોજ રૂ. ૧૪૯.૯૫ કરોડના રાઇટ્સ ઇશ્યૂ સાથે મૂડીબજારમાં પ્રવેશી છે. રાઇટ ઇશ્યૂનો ભાવ છ રૂપિયા પ્રતિ શેર, રાઇટ એન્ટાઇટલમેન્ટ દરેક ૪૭ શેર માટે ૧૨ શેર રહેશે. રેકોર્ડ ડેટ ૨૨ ઓગસ્ટ અને ભરણું બંધ થવાની તારીખ ૧૬ સપ્ટેમ્બર છે.

હેવી અને પ્રિસિશન સ્ટીલ સ્ટ્રક્ચર્સની ડિઝાઇન, ઉત્પાદન અને એસેમ્બલીંગનું કાર્ય કરતી સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગ અને ફેબ્રિકેશન કંપની કાર્બનસ્ટીલ એન્જિનિયરિંગ લિમિટેડ આઠમી સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ રૂ. ૫૯.૩૦ કરોડની પ્રારંભિક જાહેર ઓફર સાથે મૂડીબજારમાં પ્રવેશી રહી છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૫૧થી રૂ.૧૫૯ પ્રતિ શેર છે. નાણાં ભંડોળનો ઉપયોગ ઉમરગાવ સવલતના વિસ્તરણ, ઉત્પાદન ક્ષમતા વિસ્તરણ, દેવાની ભરપાઇ, કાર્યકારી મૂડી સહિતના કાર્યો માટે કરવામાં આવશે.

યુનિયન મ્યુચ્યુઅલ ફંડે ડાયવર્સિફાઇડ ઇક્વિટી ઓલ કેપ એક્ટિવ ફંડ ઓફ ફંડ લોન્ચ કર્યું છે, જે એક જ ફંડ દ્વારા વિવિધ બજાર મૂડીકરણમાં ગતિશીલ રીતે ભંડોળ ફાળવશે. ફંડ હાઉસ તેના મલ્ટી-કેપ ફંડમાં ૬૦ ટકા રોકાણ કરશે, જે એન્કર ફંડ હશે જ્યારે બાકીના ૪૦ ટકા પોર્ટફોલિયોને ગતિશીલ રીતે લાર્જકેપ, મિડકેપ અને સ્મોલકેપ્સ વચ્ચે ફાળવશે. નોંધવું રહ્યું કે પુનઃ ફાળવણી જ્યારે એફએન્ડએફની અંદર થાય છે ત્યારે કલમ ૨૩ડી અનુસાર મધ્યવર્તી ફેરબદલ પર કોઈ કરવેરો લાગતો નથી. રોકાણકારોને ફક્ત અંતિમ રિડેમ્પશન સમયે જ કરવેરાનો સામનો કરવો પડે છે, જે વ્યૂહરચના વધુ કાર્યક્ષમ બનાવે છે. સેબીએ એક જ સપ્તાહમાં ૧૩ કંપનીઓના જાહેર ભરણાંના દસ્તાવેજો પર પરવાનગીનું મતુ માર્યું છે. દાવણગેરે સુગર કંપની લિમિટેડ ઇથેનોલ ઉત્પાદનની ક્ષમતા ૬૫ કિલો લીટર પ્રતિ દિવસ (કેએલપીડી)થી વધારીને નાણાવર્ષ ૨૦૨૬ની અંદર ૮૫ કેએલપીડી સુધી વિસ્તારવા સાથે અંતે ૧૧૦ કેએલપીડી સુધી લઇ યોજના ધરાવે છે. કંપની આ જ વર્ષે શેરડીનું વાવેતર વધુ ૧૫૦૦ એકરમાં વિસ્તારી રહી છે.

આ સપ્તાહે ૧૦૦ કંપનીમાં કોર્પોરેટ એક્શન જોવા મળશે, જેમાં ડિવિડંડ, સ્ટોક સ્પ્લીટ અને બોનસ શેર માટેની રેકોર્ડ ડેટ અને કોર્પોરેટ રિઝલ્ટનો સમાવેશ રહેશે. આ કંપનીઓમાં ત્રિવેણી ટ્રીબ્યુન, ત્રીવેણી એન્જિનિયરિંગ, ગીપક ફર્ટિલાઇઝર, જીએનએફસી, કોન્કોર્ડ બાયોટેક, પતાંજલિ ફૂડ્સ, પ્રેસ્ટીજ, ક્લીન સાયન્સ, ગુજરાત ગેસ, કલ્યાણ જ્વેલર્સ, એનટીપીસી, ઓઇલ ઇન્ડિયા, ઓએનજીસી અને શિપિંગ કોર્પોરેશનનો સમાવેશ છે. ■

# કોપર પર પચાસ ટકાની જકાત અતાર્કિક: ભારત

નવી દિલ્હીઃ ભારતે અમેરિકાએ તાંબા પર લાદેલી પચાસ ટકાની જકાત સામે વાંધો ઊઠાવ્યો છે અને તે અંગે અમેરિકા સાથે ડબલ્યુટીઓમાં ચર્ચા કરવાની માગણી કરી છે. ભારતે મંગળવારે અમેરિકા દ્વારા ચોક્કસ તાંબાના ઉત્પાદનો પર ૫૦ ટકા ડ્યુટી લાદવા અંગે વિશ્વ વેપાર સંગઠન (ડબલ્યુટીઓ)ના સેફગાર્ડ કરાર હેઠળ અમેરિકા સાથે પરામર્શ કરવાની માંગ કરી છે. સ્ટીલ અને એલ્યુમિનિયમ અને ઓટો ઘટકો પર અમેરિકન ટેરિફના જવાબમાં ભારતે પસંદગીના યુએસ ઉત્પાદનો પર બદલો લેવા માટે ડ્યુટી લાદવાનો અધિકાર અનામત રાખ્યા પછી આ પગલું લેવામાં આવ્યું છે. આ વર્ષે ૩૦ જુલાઈના રોજ, અમેરિકાએ ચોક્કસ તાંબાના ઉત્પાદનોની તમામ આયાત પર ૫૦ ટકા ડ્યુટીના રૂપમાં એક પગલું અપનાવ્યું હતું. ■

# બુલિયનની આગેકૂચને બ્રેક: સોનામાં ઘસરકો, ચાંદીમાં મામૂલી સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ બુલિયન બજારમાં તેજીએ મંગળવારે પોરો ખાધો હતો અને સોનાના ભાવમાં સહેજ ઘસરકા જેવી પીછેહઠ જોવા મળી હતી. આ તરફ ચાંદીએ પ્રારંભિક સત્રમાં સહેજ ઉછાળો માર્યો હતો પરંતુ અંતે મામૂલી સુધારા સાથે નવા વિક્રમી સ્તરે બંધ થઇ હતી. સોનું પણ ઊંચુ ખૂલ્યું હતું, પરંતુ પાછલથી સુધારો ધોવાયો હતો. બુલિયન ડીલર માને છે કે તેજીની આગેકૂચ જારી રહી શકે છે.

જોકે, વૈશ્વિક તેજીને અનુસરી મંગળવારે ઓનલાઇન એક્સચેન્જ પર સોનાના ભાવ ૧૦ ગ્રામ દીઠ રૂ. ૧,૦૬,૫૩૯ના નવા રેકોર્ડ પર પહોંચ્યા હતા. આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના ભાવ ૩,૫૫૦ ડોલર પ્રતિ ઔંસથી ઉપર પહોંચ્યા હતા. યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા દર ઘટાડાની અપેક્ષાઓ મજબૂત થઈ છે, જ્યારે ભૂ-રાજકીય તણાવ અને સ્થાનિક ચલણની નબળાઈએ સોનાની તેજીને વધુ વેગ આપ્યો છે. જોકે, હાજર બજારમાં પીછેહઠ જોવા મળી હતી.

સપ્ટેમ્બરમાં ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં ઘટાડો આવવાની ધારણાં, ડોલરમાં નબળાઈ તથા આંતરરાષ્ટ્રીય સ્તરે ભૂરાજકીય સમીકરણોમાં આવી રહેલા બદલાવને પરિણામે ગ્લોબલ બુલિયન બજારમાં કિંમતી ધાતુના ભાવમાં અભૂતપૂર્વ તેજી જોવાઈ રહી છે. વિશ્વ બજારમાં સોનાના ભાવ સોમવારે ચાર મહિનાની ઊંચી સપાટીએ પહોંચી ગયા હતા.

અમેરિકાની અપીલ કોર્ટે પણ ટેરિફને લઈને આપેલા ચુકાદાથી પણ હેજ ફન્ડો ગોલ્ડમાં સેફ હેવન રોકાણ તરફ વળ્યા હતા. વિશ્વ બજારની તેજીને પરિણામે ઘરઆંગણે સોનાચાંદીમાં નવા વિક્રમી ભાવ જોવા મળ્યા છે. વૈશ્વિક તેજી ઉપરાંત સોનાચાંદી પર આયાત ડયૂટીની ગણતરી માટેની ટેરિફમાં વધારાને કારણે પણ સ્થાનિકમાં ભાવ ઊંચા બોલાતા હતા. ક્રુડ તેલના વૈશ્વિક ભાવમાં સુધારા તરફી વલણ રહ્યું હતું.

ઘરઆંગણે મુંબઈ ઝવેરી બજારમાં ૯૯૯ ટચના શુદ્ધ સોનાના જીએસટી વગરના ભાવ દસ ગ્રામદીઠ રૂપિયા ૧૦૪૪૯૩ના પાછલા બંધ સામે મંગળવારે રૂપિયા ૬૯ ઘટીને રૂ. ૧૦૪૪૨૪ બોલાયા હતા. એ જ રીતે, ૯૯૫ ટચના સ્ટાન્ડર્ડ સોનાના ભાવ જીએસટી વગર દસ ગ્રામે રૂપિયા ૧૦૪૦૭૫ના પાછલા બંધ સામે રૂપિયા ૬૯ના ઘટાડા સાથે રૂપિયા ૧૦૪૦૦૬ બોલાયા હતા.

હાજર ચાંદી .૯૯૯ એક કિલોના જીએસટી વગર રૂપિયા ૧,૨૨,૮૦૦ની ઓલટાઈમ હાઈ સપાટી સામે મંગળવારે રૂપિયા ૧,૨૩,૨૮૧ની સપાટીએ ખૂલીને અંતે રૂપિયા ના સુધારા સાથે અંતે રૂપિયા ૧,૨૨,૮૩૩ની નવી વિક્રમી સપાટીએ બંધ રહી હતી.

સોનાચાંદીની આયાત ડયૂટીની ગણતરી માટે નિશ્ચિત કરાતી ટેરિફ વેલ્યુમાં કસ્ટમ સત્તાવાળાઓએ વધારો કરીને સોના માટે પ્રતિ દસ ગ્રામ ૧૦૯૭ ડોલર કરી છે જે અગાઉ ૧૦૮૩ ડોલર હતી. ચાંદી માટેની ટેરિફ વેલ્યુ પ્રતિ કિલો ૧૨૪૬ ડોલરથી વધારી ૧૨૫૭ ડોલર કરવામાં આવી છે. ટેરિફ વેલ્યુ વધારાતા આયાત પડતર ભાવમાં વધારો થયો છે. ■

# અમેરિકા સાથે બે મહિનામાં વેપાર કરારની અપેક્ષા: ગોયલ

નવી દિલ્હીઃ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે મંગળવારે આશા વ્યક્ત કરી હતી કે ભારત આ વર્ષના પાનખર કે નવેમ્બર સુધીમાં અમેરિકા સાથે પ્રસ્તાવિત દ્વિપક્ષીય વેપાર કરાર (બાઇલેટરલ ટ્રેડ એગ્રીમેન્ટ) પૂર્ણ કરશે.

તેમણે કહ્યું કે, બંને દેશો વચ્ચેના કરાર માટેની વાટાઘાટોમાં વેપાર બાબતોમાં 'થોડા' ભૂરાજકીય મુદ્દાઓનો સમાવેશ થાય છે. 'મને આશા છે કે વસ્તુઓ ટૂંક સમયમાં પાટા પર આવશે અને અમે પાનખર, નવેમ્બર કે તેથી ઓછા સમયમાં દ્વિપક્ષીય વેપાર કરાર પૂર્ણ કરીશું, જેમ કે ફેબ્રુઆરીમાં અમારા બંને નેતાઓ દ્વારા ચર્ચા કરવામાં આવી હતી, ગોયલે મુંબઈમાં વાર્ષિક વૈશ્વિક રોકાણકાર પરિષદ ૨૦૨૫માં જણાવ્યું હતું. ■

# વિદેશી ફંડોએ ઓગસ્ટમાં ભારતીય શૅરબજારમાંથી ₹ ૩૫,૦૦૦ કરોડ પાછા ખેંચી લીધા

મુંબઇઃ વૈશ્વિક અનિશ્ચિતતાના પગલે વિદેશી ફંડોની પાછલા છ મહિનામાં ઓગસ્ટમાં સૌથી મોટી વેચવાલી નોંધાઇ છે. ઓગસ્ટમાં વિદેશી રોકાણકારોએ શેરબજારમાંથી રૂ. ૩૫,૦૦૦ કરોડ પાછા ખેંચી લીધા છે. ઓગસ્ટ ૨૦૨૫માં, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (એફપીઆઈ)એ ભારતીય ઇક્વિટી બજારમાંથી અંદાજે રૂ. ૩૪,૯૯૩ કરોડ (લગભગ ચાર બિલિયન ડોલર) પાછા ખેંચી લીધા છે, જે પાછલા છ મહિનામાં સૌથી મોટી વેચવાલી હતી.

આ વેચવાલીનું કારણ અમેરિકા દ્વારા ભારતીય નિકાસ પર લાદવામાં આવેલા ભારે ટેરિફ અને સ્થાનિક બજારના ઊંચા મૂલ્યાંકનને આભારી છે. જુલાઈમાં વિદેશી રોકાણકાર દ્વારા રૂ. ૧૭,૭૪૧ કરોડ ઉપાડવામાં આવ્યા હતા, પરંતુ ઓગસ્ટમાં તે લગભગ બમણું થઈ ગયા હતા.

આ સાથે, ૨૦૨૫માં અત્યાર સુધી વિદેશી રોકાણકારોનો કુલ ઇક્વિટી ઉપાડ ૧.૩ લાખ કરોડને પાર કરી ગયો છે. બજારના નિષ્ણાતો કહે છે કે આ ઉપાડ સ્થાનિક અને વૈશ્વિક બંને પરિબળોનું પરિણામ છે. ફેબ્રુઆરી પછીની આ સૌથી મોટી વેચવાલી છે, જ્યારે વિદેશી રોકાણકારોએ રૂ.૩૪,૫૭૪ કરોડના શેર વેચ્યા હતા.

અમેરિકા દ્વારા ભારતીય નિકાસ પર પચાસ ટકા સુધીના ટેરિફથી રોકાણકારોના સેન્ટિમેન્ટ પર નકારાત્મક અસર પડી હતી. આનાથી ભારતની વેપાર સ્પર્ધાત્મકતા અને વૃદ્ધિની સંભાવનાઓ અંગે ચિંતા વધી હતી. આ ઉપરાંત, જૂન ક્વાર્ટરના પરિણામોમાં કેટલાક મહત્વપૂર્ણ ક્ષેત્રો અપેક્ષાઓ પર ખરા ઉતર્યા ના હોવાથી રોકાણકારોનો સેન્ટિમેન્ટ વધુ નબળો પડયો હતો.

ભારતમાં શેરના ઊંચા મૂલ્યાંકનની તુલનામાં અન્ય બજારો સસ્તા છે. આ જ કારણ છે કે વિદેશી રોકાણકારોએ ભારતમાંથી નાણાં પાછા ખેંચી લીધા અને અન્ય બજારોમાં રોકાણ કર્યું હતું. જોકે, તેમણે એમ પણ કહ્યું કે વિદેશી રોકાણકાર હજુ પણ પ્રાયમરી બજારમાં ખરીદી કરી રહ્યા છે. આ વર્ષે અત્યાર સુધીમાં, તેઓએ આઈપીઓ એટલે કે પ્રાયમરી માર્કેટમાં રૂ. ૪૦,૩૦૫ કરોડનું રોકાણ કર્યું છે. ■

# ભારત હવે જાપાન, બ્રિટન અને દક્ષિણ કોરિયામાં ટેક્સટાઈલની નિકાસ શરૂ કરશે

નવી દિલ્હીઃ અમેરિકાએ ટેક્સટાઈલના પ્રોડક્ટ્સ અને રેડીમેડ ગારમેન્ટની ભારતમાંથી અમેરિકામાં થતી નિકાસ પર વધારાની પચાસ ટકાની ઇમ્પોર્ટ ડયૂટી લાદી દઈને ભારતના ટેક્સટાઈલ સેક્ટરના નિકાસની અંદાજે ૧૧ અબજ ડોલરના ધંધાને તોડી નાખવાની કવાયત ચાલુ કરી તે પછી ભારત સરકાર ટેક્સ્ટાઈલની સપ્લાય બ્રિટન, જાપાન અને સાઉથ કોરિયામાં વધે અને ભારતના નિકાસકારોનો બિઝનેસ ટકી રહે તે માટેના પ્રયાસો ચાલુ કરી દીધા છે.

સરકાર હસ્તકની એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ આ મોરચે મહત્વની ભૂમિકા ભજવશે. આ સાથે જ ટેક્સટાઈલના ક્વોલિટી પ્રોડક્ટ્સના, ટકાઉ પ્રોડક્ટ્સના તથા ઇન્નોવેટિવ ટેક્સટાઈલ પ્રોડક્ટ્સ બનાવનાર દેશ તરીકે બ્રિટન, જાપાન અને સાઉથ કોરિયામાં પ્રસ્થાપિત કરવાના પ્રયાસ ચાલુ કરી દેવામાં આવ્યા છે.

ઉપરોક્ત ત્રણ દેશો મળીને ૫૯૦ અબજ ડોલરના ટેક્સ્ટાઈલના ઉત્પાદનોની આયાત કરી રહ્યા છે. અમેરિકાએ ભારતની ટેક્સ્ટાઈલ પ્રોડક્ટ્સ પરની છથી આઠ ટકાના ટેરિફ ઉપરાંત વધારાની પચાસ ટકા ટેરિફ ૨૭મી ઓગસ્ટથી લાદી દેતા ભારતની નિકાસ લગભગ બંધ થઈ ગઈ છે.

અમેરિકાના દરવાજા બંધ થતાં ભારતે ફ્રાન્સ, ઇટાલી, સ્પેન, નેધરલેન્ડ, પોલેન્ડ, કેનેડા, મેક્સિકો, રશિયા, બેલ્જિયમ, તુર્કી, યુનાઈટેડ આરબ અમિરાત અને ઓસ્ટ્રેલિયાના બજારમાં પણ જોરશોરથી એન્ટ્રી લેવાનું આયોજન કરી દીધુ છે. દરેક બજારમાં કેટલી નિકાસ વધારવી તેના ટાર્ગેટ નક્કી કરી દેવામાં આવ્યા છે.

ક્વોલિટી સપ્લાયર તરીકે આ બજારમાં ભારતના નિકાસકારોને પ્રસ્થાપિત કરવાની નેમ સાથે સમગ્ર આયોજન અમલમાં મૂકવામાં આવી રહ્યુ છે. આમ તો ભારત વિશ્વના ૨૨૦ દેશોમાં ટેક્સ્ટાઈલના ઉત્પાદનોની નિકાસ કરે છે. પરંતુ તેમાંથી આયાત કરનારા ૪૦ દેશ સૌથી વધુ મહત્વના છે.

આ દેશોમાં નિકાસ કરવાથી ભારતના નિકાસકારોનો એક્સપોર્ટના પોર્ટફોલિયોમાં વિવિધતા આવશે. અમેરિકામાં ભારતમાંથી ટેક્સ્ટાઈલની નિકાસ બંધ થતાં ૧૧ અબજ ડોલરનો ફટોક પડયો છે. પરંતુ તેની સામે ટેક્સ્ટાઈલ અને એપેરલ્સની આયાત કરતાં અન્ય ૪૦ દેશોના બજાર પર નજર ઠેરવવામાં આવી છે.

આ બજારમાં દુનિયામાંથી થતી ટેક્સટાઈલ અને એપરલની કુલ નિકાસનો માત્ર પાંચથી છ ટકા હિસ્સો ભારતીય નિકાસકારોના હાથમાં છે. જોકે ટેક્સ્ટાઈલની દુનિયાભરમાં થતી કુલ નિકાસમાં ૪.૧ ટકા માર્કેટ શેર સાથે ભારત ટેક્સટાઈલની નિકાસમાં દુનિયામાં છઠ્ઠા ક્રમે છે.

૨૦૨૪-૨૫ના વર્ષમાં દુનિયાભરમાંથી ટેક્સ્ટાઈલ અને એપરલના ઉત્પાદનોની કુલ ૧૭૯ અબજ ડોલરની નિકાસ થઈ હતી. દેશમાં ટેક્સ્ટાઈલનું માર્કેટ ૧૭૯ અબજ ડાલરનું છે. હવે ભારતની એક્સપોર્ટ નીતિને નવો ઓપ આપવામાં એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિસ બહુ જ મોટી ભૂમિકા ભજવશે.

કયા દેશમાં ઊંચા મૂલ્યના અને વધુ ડીમાન્ડ ધરાવતા પ્રોડક્ટ્સ કયા અને કેટલા છે, તેનો ક્યાસ કાઢી આપવાની કામગીરી એક્સપોર્ટ કાઉન્સિલ કરશે. એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ બજારને ક્યાસ કાઢી આપીને ડાયવર્સિફિકેશન માટે માર્ગદર્શન આપશે. તેનો લાભ સુરત, પાણીપત, તિરપુર અને ભાદોહીના મેન્યુફેક્ચરર્સને ખાસ્સો ફાયદો થઈ શકે છે.

બીજીતરફ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ ભારતની નિકાસને ટકાઉ બનાવશે. તેમ જ નિકાસને ટકાવી રાખવા માટેના જરૂરી પ્રમાણ પત્રો પણ આપવાનું કામ કરશે. બ્રિટન, સાઉદી અરેબિયા અને ઓસ્ટ્રેલિયાન ઉપરાંત અન્ય દેશો સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરવાથી મોટો ફાયદો થવાની ધારણા છે, કારણ કે તેનાથી ભારતીય ઉત્પાદનોની સ્પર્ધાત્મકતા વધી જશે. ■

# મ્યુચ્યુઅલ ફંડોની એયુએમ પાંચ વર્ષમાં ૩૩૫ ટકા વધીને ₹ ૩૩ લાખ કરોડને પાર

મુંબઇઃ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણકારોનો વિશ્વાસ સતત વધી રહ્યો છે. પાછલા પાંચ વર્ષમાં ઇક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સની એસેટ અંડર મેનેજમેન્ટ (એયુએમ) ચાર ગણાથી વધુ વધી છે. ઈકરાના ડેટા અનુસાર, જુલાઈ ૨૦૨૦માં અઅખ રૂ. ૭.૬૫ લાખ કરોડ હતી, તે જુલાઈ ૨૦૨૫ સુધીમાં ૩૩૫.૩૧% વધીને રૂ. ૩૩.૩૨ લાખ કરોડ થઈ છે. મ્યુચ્યુઅલ ફંડ ક્ષેત્રે રોકાણ મોરચે પણ મોટો ફેરફાર જોવા મળ્યો છે. જુલાઈ ૨૦૨૦માં ઇક્વિટી મ્યુચ્યુઅલ ફંડમાંથી રૂ. ૩,૮૪૫ કરોડનો આઉટફ્લો થયો હતો, જ્યારે જુલાઈ ૨૦૨૫માં રૂ. ૪૨,૬૭૩ કરોડનો ચોખ્ખો રોકાણ (ઇનફ્લો) પ્રવાહ નોંધાયો હતો. જુલાઈ ૨૦૨૫માં ઇક્વિટી મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ વાર્ષિક ધોરણે ૧૫.૦૮% વધીને રૂ. ૪૨,૬૭૩ કરોડ થયું છે, જ્યારે જુલાઈ ૨૦૨૪માં તે રૂ. ૩૭,૦૮૨ કરોડ હતું. માસિક ધોરણે ઇનફ્લોમાં વૃદ્ધિ વધુ ઝડપી હતી. જુલાઈમાં ઇનફ્લો ૮૧.૦૬ ટકા વધ્યો હતો.ઈકરાએ જણાવ્યું હતું કે, સિપ (સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન) બજારની અસ્થિરતાને નિયંત્રિત કરવા માટે એક લોકપ્રિય સાધન બની ગયું છે.

તે રોકાણકારોને નિયમિત અંતરાલે નિશ્ચિત રકમનું રોકાણ કરવાની મંજૂરી આપે છે, જેનાથી તેમને રૂપિયાના સરેરાશ ખર્ચનો લાભ મળે છે. એટલે કે, જ્યારે કિંમતો ઓછી હોય છે, ત્યારે વધુ યુનિટ ઉપલબ્ધ હોય છે અને જ્યારે કિંમતો ઊંચી હોય છે, ત્યારે ઓછા યુનિટ ઉપલબ્ધ હોય છે. મ્યુચ્યુઅલ ફંડ્સને સ્થાનિક રોકાણકારો તરફથી મજબૂતી મળી છે.

પાછલા કેટલાક વર્ષોમાં, ઇક્વિટી મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણમાં ઝડપી વધારો થયો છે. રોકાણકારો હવે લાંબા ગાળાના દ્રષ્ટિકોણ અપનાવી રહ્યા છે અને સમજે છે કે ટૂંકા ગાળાના વધઘટ સંપત્તિ નિર્માણની સફરનો એક ભાગ છે.

ભૂતકાળના ડેટા એ પણ દર્શાવે છે કે બજારો સમય જતાં સ્વસ્થ થાય છે અને ધીરજ રાખનારા રોકાણકારોને વળતર આપે છે. વૈશ્વિક અનિશ્ચિતતાઓ છતાં, સ્થાનિક રોકાણકારો ભારતની આર્થિક પ્રગતિ અંગે આશાવાદી રહે છે. ■


## પશ્ચિમ રેલવે
### વિવિધ કામ

ચીફ વર્કશોપ મેનેજર, EMU વર્કશોપ, મહાલક્ષ્મી, મુંબઈ-૪૦૦૦૧૩ આમંત્રિત કરે છે. ઈ-ટેન્ડર નોટીસ નંઃ EL૯૦/MX/૨૦૨૫-૨૬/૦૭ તારીખઃ ૨૬.૦૮.૨૦૨૫. કામનું નામઃ ૦૩ વર્ષના સમયગાળા માટે કામના સ્કોપ પ્રમાણે EMU વર્કશોપ મહાલક્ષ્મી ખાતે વિવિધ વિભાગોના પેનલ્સના વિવિધ પ્રકાર મશીન ટુલ્સ, માપવાના સાધનોનું કેલીબરેશન. કામનો અંદાજિત ખર્ચઃ ₹૬,૩૮,૧૪૩.૬૮. બારડીઃ ₹ ૧૨,૮૦૦. ટેન્ડર સુપરત કરવાની અને ટેન્ડર ખુલવાની તારીખ અને સમયઃ ૨૨.૦૯.૨૦૨૫, ૧૨.૦૦ ક. સુધી (ઈલેક્ટ્રોનીકલી). વધુ વિગતો માટે કૃપયા અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0554

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

## પબ્લિક નોટીસ

આથી જાહેર જનતાને ખબર આપવામાં આવે છે કે અમારા અસિલે અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ ઓફિસ પ્રિમાઈસિસ (''સદર પ્રિમાઈસિસ'') તથા તેની સાથે સંલગ્ન તમામ હક્કો અને બેનિફિટ્સ સાથે, સ્પષ્ટ અને માર્કેટેબલ ટાઈટલ અને ખાલી અને શાંતિદાયક કબજા સાથે તેની ખરીદી માટે તેના હાલના ભાગીદારો (i) શ્રી વરુણ રાજીવ મોહતા અને (ii) શ્રી. કરણ રાજીવ મોહતા (''માલિકો'') દ્વારા ઘડાયેલ અને ૧૧૧૧B, ૧૧મો માળ, રાહેજા ચેમ્બર્સ, નરીમાન પોઈન્ટ, મુંબઈ-૨૧ ખાતે હવે તેમની રજીસ્ટર્ડ ઓફિસ ધરાવતી, T.S. એજન્સીસ LLP (LLPIN AAA-૩૩૪૫) (T.S. એજન્સીસ (P) લિ.માંથી LLPમાં રૂપાંતર થયેલ જે અગાઉ ટૂલ્સ સપ્લાયર્સ પ્રા. લી. તરીકે જાણીતી હતી.) સાથે વાટાઘાટો ચલાવેલ છે.

માલિકોએ રજૂઆત કરેલ છે કે સદર પ્રિમાઈસિસની બાબતમાં નેશનલ કન્સ્ટ્રક્શન કોર્પોરેશન (તેમાં ''બિલ્ડર્સ'' તરીકે) અને ટૂલ્સ સપ્લાયર્સ પ્રા. લી. (તેમાં ''ખરીદનાર'' તરીકે) વચ્ચે બજાવાયેલ તારીખ ૩જી એપ્રિલ, ૧૯૮૦ના વેચાણ માટે અસલ કરાર ગૂમ થયેલ છે, માલિકો પાસે ઉપલબ્ધ નથી અને માલિકોએ કોલેટરલ સિક્યોરિટી અથવા અન્યથા કોઈની પાસે તે જમા કરાવેલ નથી.

તમામ શખ્સો જે સદર પ્રિમાઈસિસ કે તેના કોઈપણ ભાગની બાબતમાં કે તેની સામે વેચાણ, એસાઈમેન્ટ, અદલાબદલી, ગીરો (ઈકવીટેબલ કે બીજી રીતે) ટ્રસ્ટ, વારસો, પારિવારિક વ્યવસ્થા, સેટેલમેન્ટ, જાળવણી, પાર્ટીશન, બિકવેસ્ટ, ભાગીદારી, કબજો, લીઝ, સબ-લીઝ, ટેનાન્સી, લાયસન્સ, લીઅન, ચાર્જ, પ્રી-એમ્પશન હક્કો, પાવર ઓફ એટર્ની, પ્લેજ, ગેરંટી, ઈઝમેન્ટ, લોન્સ, એડવાન્સ, લીસ પેન્ડન્સ, ઈજંકશન કે જપ્તી, કે કાયદાની કોઈપણ કોર્ટ દ્વારા પસાર કરાયેલ કોઈપણ ડીક્રી, ઓર્ડર કે એવોર્ડ હેઠળ, ટ્રીબ્યુનલ, રેવન્યૂ કે સ્ટેચ્યુટરી ઓથોરીટી કે આર્બીટ્રેલ ટ્રીબ્યુનલ અને/અથવા કસ્ટડી અથવા તારીખ ૩જી એપ્રિલ, ૧૯૮૦ના વેચાણ માટે અસલ કરારનો કબજો અથવા બીજી કોઈ રીતે કોઈપણ દાવો ધરાવતા હોય તો, આથી વિનંતી કે સદરની જાણ લેખિતમાં અમોને સમર્થનમાં દસ્તાવેજી પુરાવા સાથે અહીં નીચે આપેલા સરનામે આ છપાયાના તારીખથી ૧૪ દિવસમાં કરે, જેના નિષ્ફળ જવા પર, આવા શખ્સોના દાવાઓ કંઈ હશે તો ત્યજી દીધેલ અને/ અથવા છોડી દીધેલ તરીકે ગણાશે અને કોઈપણ રીતમાં બંધનકર્તા રહેશે નહીં અને અમારા અસિલ કોઈપણ દાવાઓના સંદર્ભ વિના વ્યવહારની આગળની કાર્યવાહી કરશે.

ઉપર ઉલ્લેખેલ પરિશિષ્ટ
(''સદર પ્રિમાઈસિસ'')

ફ્રી પ્રેસ જર્નલ માર્ગ, નરીમાન પોઈન્ટ, મુંબઈ-૨૧ ખાતે આવેલ ફોર્ટ ડિવિઝનનો C.S. નં. ૧૯૫૯ ધરાવતો પ્લોટ નં. ૨૧૩, બ્લોક, III બેકવે રિકલેમેશન સ્કીમ ધરાવતી લીઝહોલ્ડ જમીન પર ઉભેલ ''રાહેજા ચેમ્બર્સ'' તરીકે જાણીતી બિલ્ડીંગના કમ્પાઉન્ડમાં નં. C-૯ ધરાવતો ૧ કાર પાર્કિંગ જગ્યા સાથે ૧૧મા માળ પર ભરતમાં ૨૨૦૦ ચો. ફુટ બિલ્ટ-અપ એરિયા, ૧૮૮.૧૯ ચો.મી.ની સમકક્ષ ઓફિસ નં. ૧૧૧૧-B અને રાહેજા ચેમ્બર્સ પ્રિમાઈસિસ કો. ઓપરેટિવ સોસાયટી લી. દ્વારા અસલ શેર સર્ટિફિકેટ નં. ૧૧૮ તારીખ ૧લી ઓક્ટોબર, ૧૯૮૩ની બદલીમાં ઈશ્યૂ કરાયેલ ડુપ્લિકેટ શેર સર્ટિફિકેટ નં. ૧૮૬ તારીખ ૧લી ઓક્ટોબર, ૧૯૮૩માં સમાવિષ્ટ વિશિષ્ટ નં. ૫૬૬ થી ૫૭૦ (બંને સહિત) ધરાવતા દરેક રૂ. ૫૦/-ના તે તમામ ૫ ફુલ્લી પેઈડ અપ શેર્સ.

આજ તારીખ ૩જી સપ્ટેમ્બર, ૨૦૨૫

LAW POINT
ADVOCATES & SOLICITORS
૩૦૧, વૈભવ ચેમ્બર્સ, ૩જો માળ, જગત વિદ્યા માર્ગ, ગુરુનાનક હોસ્પિટલ પાછળ, બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્ષ, બાન્દ્રા (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૫૧.
ઈ-મેઈલઃ response@lawpointindia.com

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

## પશ્ચિમ રેલવે – રતલામ મંડળ
### એંજીનીયરીંગ વિભાગ : ઈ-ટેન્ડર સૂચના

ક્રમ : W/૬૨૩/૫/૧/NIT, તા : ૩૦.૦૮.૨૦૨૫

ભારતના રાષ્ટ્રપતિ વતી મંડળ રેલ પ્રબંધક/મંડળ કાર્યાલય (કાર્યલેખા શાખા), પશ્ચિમ રેલવે, રતલામ નિમ્નલિખીત કાર્ય માટે ''ઓપન ટેન્ડર'' ઈ-ટેન્ડર માધ્યમથી વેબસાઈટ www.ireps.gov.in પર આમંત્રિત કરે છે. વિગતો નીચે પ્રમાણે છે.

ક્રમઃ ૧, ઈ-ટેન્ડર નંબરઃ RTM-૨૦૨૫-૨૬-૧૦૦, કાર્યનું નામઃ રતલામ વિભાગઃ- ફ્લેશ બટ વેલ્ડ્સનું ફેસ્ડ એરે USFD પરીક્ષણ (PAUT), અંદાજીત પ્રમાણઃ ટેન્ડર સૂચિ પ્રમાણે, અંદાજીત ખર્ચઃ ₹ ૧૪,૧૫,૩૨,૯૫૦.૦૦. બાના રકમઃ ₹ ૮,૫૭,૭૦૦.૦૦ ટેન્ડર ખુલવાની તારીખઃ ૨૬.૦૯.૨૦૨૫. વિગતવાર ટેન્ડર સૂચના બિડાણ શરતો અને અન્ય શરતો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

મંડળ રેલ પ્રબંધક (કાર્યલેખા) રતલામ
પશ્ચિમ રેલવે, રતલામ મંડળ

ADM/5/1/219

અમને લાઈક કરો : facebook.com/WesternRly

## પશ્ચિમ રેલવે - રતલામ વિભાગ
### ઈ-ટેન્ડર સૂચના

ભારતના રાષ્ટ્રપતિ વતી વરિષ્ઠ મંડળ વિદ્યુત એંજીનીયર, કર્ષણ વિતરણ, પશ્ચિમ રેલવે, રતલામ નિમ્નલિખિત કાર્ય માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. ટેન્ડર નંબરઃ EL/TRD/૫૮/૨૦૨૫-૨૬/૧૦, કામનું નામઃ લીમખેડામાં પીએસઆરને હટાવવાની સાથે વધારાની અપલૂપ લાઈનના સંબંધમાં ટીઆરડી કાર્ય. કામનો અંદાજિત ખર્ચ- ₹ ૧,૦૯,૦૮,૦૪૩/-, બાના રકમ- ₹ ૨,૦૪,૬૦૦/-, સમાપ્તિ અવધિ- ૧૮ માહિના, ટેન્ડર દસ્તાવેજની કિંમત- Nil, ઓનલાઈન બિડીંગ બંધ થવાની તારીખ અને સમય- ૨૬.૦૯.૨૦૨૫ તારીખે ૧૫.૦૦ કલાકે. ઓફરની કાયદેસરતા- ખુલવાની તારીખથી ૬૦ દિવસ. વેબસાઈટ વિગત- www.ireps.gov.in, નોટિસ બોર્ડનું સ્થાન- વરિષ્ઠ મંડળ વિદ્યુત એંજીનીયર, પશ્ચિમ રેલવે, રતલામ - ૪૫૭૦૦૧ના કાર્યાલયની સામે.

V/214 વરિષ્ઠ પ્રબંધક વાણિજ્ય, રતલામ (પ.રે.) માટે

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly | અમને ફોલો કરોઃ x.com/WesternRly

## પશ્ચિમ રેલવે - રતલામ ડિવિઝન
### ઈ-ટેન્ડરીંગ નોટીસ

ડિવિઝનલ રેલપ્રબંધક/ ડિવિઝન કાર્યાલય (કાર્યલેખા શાખા), પશ્ચિમ રેલવે રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે નીચે આપેલા કામ માટે ''ઓપન ટેન્ડર'' ઈ-ટેન્ડર દ્વારા વેબસાઈટ www.ireps.gov.in પર મંગાવે છે. વિગતો નીચે પ્રમાણે છે. ક્ર.નં. ૧: ઈ-ટેન્ડરીંગ નં.: RTM-૨૦૨૫-૨૬-૫૦R. કામનું નામઃ માકસી- ભોપાલ સેક્શન- DEN (સાઉથ) રતલામ સેક્શનના અધિકારક્ષેત્ર હેઠળ ટ્રેક સેફ્ટી વર્કમાં વિવિધ યાર્ડ અને અન્ય જરૂરી ટ્રેક અસેટ ડાયરેક્ટલી રિલેટેડમાં સુધારણા. અંદા. લાગતઃ ૩,૭૦,૭૯,૩૦૨.૮૧ બાના રકમઃ ૩,૩૫,૪૦૦.૦૦ કામનો સમાપન અવધિઃ ૧૮ મહિના. કામનો સમાન પ્રકારઃ કોઈપણ ટ્રેક વર્ક. ક્ર.નં. ૨: ઈ-ટેન્ડર નં.: RTM-૨૦૨૫-૨૬-૯૨. કામનું નામઃ સિમ્હાસ્થા ૨૦૨૮ના સંબંધમાં ઈલેક્ટ્રિકલ વર્ક સાથે સહિત સુરક્ષા સ્ટાફમાં વધારાના એકોમોડેશન સુવિધાની જોગવાઈ. અંદા. લાગતઃ ૭૧,૨૭,૪૦૫.૫૫. બાના રકમઃ ૧,૪૨,૬૦૦.૦૦. કામની સમાપન અવધિઃ ૯ મહિના. કામનો સમાન પ્રકારઃ કોઈપણ બિલ્ડીંગ વર્કનું બાંધકામ. ક્ર.નં. ૩: ટેન્ડર નં.: RTM-૨૦૨૫-૨૬-૯૯. કામનું નામઃ રતલામ ડિવિઝનઃ કીમીઃ ૫૨/૫૦-૫૪ બેટ SPBG-UJN ખાતે સબવે (RUB) RCC બોક્સ સાઈઝની જોગવાઈ. અંદા. લાગતઃ ૧૩,૩૦,૩૫,૫૫૯.૩૦. બાના રકમઃ ૮,૧૫,૨૦૦.૦૦. કામની સમાપન અવધિઃ ૧૮ મહિના. કામનો સમાન પ્રકારઃ રનિંગ રેલવે લાઈન હેઠળ રેલ બ્રિજનું કોઈપણ પ્રકારનું બાંધકામ. ઉપરોક્ત તમામ ટેન્ડરો વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખઃ ૨૯.૦૮.૨૦૨૫. ટેન્ડર ખોલવાની તારીખઃ ૨૫.૦૯.૨૦૨૫. વિગતવાર ટેન્ડર નોટીસ અર્હતા શર્તો અને અન્ય નિયમો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

V/217 ડીઆરએમ (W/A) રતલામ ડિવિઝન

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ x.com/WesternRly

## BRIHANMUMBAI MAHANAGARPALIKA

(ચીફ એન્જીનિયર બિલ્ડીંગ મેઈન્ટેનન્સ)
Ch. E./B.M./૮૮૪૨/II તા. ૨૮/૦૮/૨૦૨૫

### ટૂંકી ઈ-ટેન્ડર નોટીસ

| | |
|---|---|
| વિભાગ | Ch. E. (બિલ્ડીંગ મેઈન્ટેનન્સ) |
| ઉપ વિભાગ | Dy. Ch. E. (બિલ્ડીંગ મેઈન્ટેનન્સ) City |
| ટેન્ડર દસ્તાવેજ નં. | ૨૦૨૫_MCGM_ ૧૧૯૯૮૦૦ |
| વિષય | G/દક્ષિણ વોર્ડમાં વર્લી ફાયર બ્રીગેડ ખાતે જરૂરિયાત પ્રમાણે વોટર પ્રુફીંગનું કામ. |
| કુલ અંદાજિત ખર્ચ | રૂા. ૩૨,૧૮,૭૫૫/-<br>રૂા. ૩૭,૯૮,૧૩૦.૯૦ (GST સહિત) |
| બા.ર.ડી. | રૂા. ૩૮,૦૦૦/- |
| ટેન્ડર-વેચાણ | ૦૩.૦૯.૨૦૨૫ સ. ૧૧.૦૦ ક.થી<br>૧૨.૦૯.૨૦૨૫ બ. ૧૨.૦૦ સુધી |
| વેબસાઈટ | https://mahatenders.gov.in |
| સંબંધીત વ્યક્તિ | સબ. એન્જીનીયર (B.M.) સીટી |
| નામ | એ. આર. પાટીલ |
| ટેલીફોન નં. | ૯૮૫૦૨૦૪૮૪૮ |
| ઈમેલ-ID | abhimcgm1@gmail.com<br>Se04.pd@mcgm.gov.in |

સહી/-
PRO/1437/ADV./2025-26 E.E. (B.M.) City-II

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

## પશ્ચિમ રેલવે - રતલામ મંડળ
### એંજીનિયરિંગ વિભાગ : ઈ-ટેન્ડર સૂચના

ક્રમઃ W/૬૨૩/૫/૧/NIT, તા. ૩૧.૦૮.૨૦૨૫

ભારતના રાષ્ટ્રપતિ વતી મંડળ રેલ પ્રબંધક / મંડળ કાર્યાલય (કાર્યલેખા શાખા) પશ્ચિમ રેલવે, રતલામ નિમ્નલિખિત કામ માટે ''ઓપન ટેન્ડર'' ઈ-ટેન્ડરના માધ્યમથી વેબસાઈટ www.ireps.gov.in પર આમંત્રિત કરે છે. વિગતો નીચે મુજબ છે.

ક્રમઃ ૧, ઈ-ટેન્ડર નંબરઃ RTM-૨૦૨૫-૨૬-૯૬, કામનું નામ : રતલામ મંડળ- નીચે મુજબ વિવિધ અમલ બજવણી - (૧) નાઈખેરી-કવર શેડ સાથે હાઈ લેવલ પ્લેટફોર્મ્સની જોગવાઈ (સિંહસ્થ ૨૦૨૮), (૨) નાઈખેરી- રેમ્પ સાથે કવર સાથે ૬ મીટર પહોળા FOBs સંખ્યા ૨ની જોગવાઈ (સિંહસ્થ ૨૦૨૮), (૩) મોહનપુરા- કવર શેડ સાથે હાઈ લેવલ પ્લેટ ફોર્મ્સની જોગવાઈ (સિંહસ્થ ૨૦૨૮), (૪) મોહનપુરા- રેમ્પ સાથે કવર સાથે ૬ મીટર પહોળા FOBs સંખ્યા ૨ની જોગવાઈ (સિંહસ્થ ૨૦૨૮), અંદાજિત પ્રમાણઃ ટેન્ડર સૂચિ પ્રમાણે, અંદાજિત ખર્ચઃ ₹ ૪૮,૩૭,૨૯,૬૬૭.૬૧, બાના રકમઃ ₹ ૨૫,૬૮,૭૦૦.૦૦, ટેન્ડર ખુલવાની તારીખઃ ૨૬.૦૯.૨૦૨૫. ક્રમઃ ૨, ઈ-ટેન્ડર નંબરઃ RTM-૨૦૨૫-૨૬-૯૭, કામનું નામ : રતલામ વિભાગ- નીચે મુજબ વિવિધ અમલ બજવણી - (૧) પાવાસા- કવર શેડ સાથે હાઈ લેવલ પ્લેટફોર્મ્સની જોગવાઈ (સિંહસ્થ ૨૦૨૮), (૨) પાવાસા- રેમ્પ સાથે કવર સાથે ૬ મીટર પહોળા FOBની જોગવાઈ (સિંહસ્થ ૨૦૨૮), (૩) પીંગળેશ્વર- રેમ્પ સાથે કવર સાથે ૬ મીટર પહોળા FOBs સંખ્યા ૨ની જોગવાઈ (સિંહસ્થ ૨૦૨૮), (૪) પીંગળેશ્વર- પાણીના પુરવઠાની વ્યવસ્થા સાથે ૨ હાઈ લેવલ પ્લેટફોર્મ્સની જોગવાઈ (સિંહસ્થ ૨૦૨૮), અંદાજિત પ્રમાણઃ ટેન્ડર સૂચિ પ્રમાણે, અંદાજિત ખર્ચઃ ₹ ૩૯,૮૧,૫૫,૭૬૫.૧૦, બાના રકમઃ ₹ ૨૧,૪૦,૮૦૦.૦૦, ટેન્ડર ખુલવાની તારીખઃ ૨૬.૦૯.૨૦૨૫. ક્રમઃ ૩, ઈ-ટેન્ડર નંબરઃ RTM-૨૦૨૫-૨૬-૧૦૪, કામનું નામ : રતલામ વિભાગ- નીચે મુજબ વિવિધ કામ અમલ બજવણી - ૧. ફતેહાબાદ-મેઈન સાઈડ PF 01/02 & PF 03 તરફથી રેમ્પ સાથે કવર સાથે એક ૬ મીટર પહોળો FOBની જોગવાઈ (સિંહસ્થ ૨૦૨૮), ૨. ચિંતામણ ગણેશ- રેમ્પ સાથે એક ૬ મીટર પહોળા FOB ની જોગવાઈ અંદાજિત પ્રમાણઃ ટેન્ડર સૂચિ પ્રમાણે, અંદાજિત ખર્ચઃ ₹ ૨૨,૩૬,૫૭,૬૮૦.૫૫, બાના રકમઃ ₹ ૧૨,૬૮,૩૦૦.૦૦, ટેન્ડર ખુલવાની તારીખઃ ૨૬.૦૯.૨૦૨૫. વિગતવાર ટેન્ડર સૂચના બીડાણ શરતો અને બીજી શરતો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

મંડળ રેલ પ્રબંધક (કાર્યલેખા), રતલામ
પશ્ચિમ રેલવે, રતલામ મંડળ

ADM/5/1/220

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly






છેલ્લાં પાંચ દિવસથી ચાલી રહેલા મરાઠા આંદોલન બાદ મંગળવારે મુંબઈ બાનમાંથી મુક્ત થયું હતું. હાઈ કોર્ટના આદેશ બાદ આંદોલનકારીઓને રસ્તા પરથી દૂર કરવા સુરક્ષા જવાનો તહેનાત કરાયા હતા. (તસવીરોઃ જયપ્રકાશ કેળકર, અમય ખરાડે)

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

### રાજ્ય સરકારે નમતું જોખ્યું

# મોટા ભાગની માગણીઓ સ્વીકારાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મનોજ જરાંગેના મરાઠા આંદોલનને મોટી સફળતા મળી છે અને મરાઠા અનામત માટે ગઠિત પેટા સમિતિએ કહ્યું હતું કે તેમને હૈદરાબાદ ગેઝેટની માગણી સ્વીકાર્ય છે. તે મુજબ પેટા સમિતિએ મનોજ જરાંગેની ગામ, સંબંધીઓ અને કુળના લોકો (વંશાવળી) વગેરેની તપાસ બાદ કુણબી પ્રમાણપત્રો આપવાની માગણી પણ સ્વીકારી હતી. પેટા સમિતિએ સંમતિ આપી હતી કે સાતારા ગેઝેટની માગણી પર ઝડપથી નિર્ણય લેવામાં આવશે. જરાંગેએ એવી માગણી કરી હતી કે મરાઠા અને કુણબી એક હોય એવો આદેશ બહાર પાડવો. આ અંગેની પ્રક્રિયા જટિલ છે એમ જણાવતાં પેટા સમિતિએ તેના માટે એકથી બે મહિનાનો સમય આપવાની વિનંતી કરી હતી.

મનોજ જરાંગે મરાઠા અનામત (જુઓ પાનું ૪) ▸▸

### રાજ્ય સરકાર એક્શન મોડમાં

## હૈદરાબાદ ગેઝેટ પર જીઆર જારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મનોજ જરાંગે પાટીલની માગણી સામે દંડવત થઈ ગયેલી મહારાષ્ટ્ર સરકારે મંગળવારે એક્શન મોડમાં આવીને કામ ચાલુ કરી નાખ્યા હતા. સરકારે મંગળવારે હૈદરાબાદ ગેઝેટ પરનો સરકારી ઠરાવ (જીઆર) જારી કર્યો હતો અને ભૂતકાળમાં કુણબી તરીકે ઓળખાતા દસ્તાવેજી પુરાવા રજૂ કરનારા મરાઠાઓને કુણબી જાતિના પ્રમાણપત્રો જારી કરવાની સુવિધા આપવા માટે એક સમિતિની રચનાની જાહેરાત કરી હતી. આ બંને માગણીઓ સ્વીકારવામાં આવી હોવાની લેખિત ખાતરી મનોજ જરાંગે-પાટીલને આઝાદ મેદાનમાં આપવામાં આવી હતી. ઓબીસી શ્રેણી હેઠળ (જુઓ પાનું ૪) ▸▸

## હાઈ કોર્ટે આજ સવાર સુધીનો સમય આપ્યો

### જરાંગે અને સરકારને ફટકાર લગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના આઝાદ મેદાનમાં ચાલી રહેલા મરાઠા અનામત આંદોલન અંગે બોમ્બે હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ ચંદ્રશેખર અને આરતી સાઠેની બેન્ચ સમક્ષ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ સમયે કોર્ટે મરાઠા પ્રદર્શનકારીઓના નેતા મનોજ જરાંગે-પાટીલ અને રાજ્ય સરકાર બંનેને અત્યંત કડક શબ્દોમાં ઝાટકણી કાઢી હતી.

જ્યારે તમને આઝાદ મેદાનમાં ફક્ત ૨૪ કલાક માટે ભૂખ હડતાળ પર બેસવાની મંજૂરી આપવામાં આવી હતી, તો તમે છેલ્લાં ચાર દિવસથી કયા

(જુઓ પાનું ૪) ▸▸

### મનોજ જરાંગેની માગણીઓ અને સરકારનો જવાબ

૧) હૈદરાબાદ ગેઝેટિયર લાગુ કરો. તેનો અમલ થવો જોઈએ.

સરકારનો જવાબ - પેટા સમિતિએ હૈદરાબાદ ગેઝેટના અમલને મંજૂરી આપી છે. તેનો તાત્કાલિક અમલ થશે. જીઆર જારી કરવામાં આવશે

૨) સાતારા ગેઝેટનો જીઆર જારી કરવો -

સરકારનો જવાબ - ઔંઢ અને સાતારા ગેઝેટમાં કેટલીક ભૂલો છે. કાનૂની ભૂલોનો અભ્યાસ કરીને ૧૫ દિવસમાં અમલ કરવામાં આવશે. જીઆર જારી કરવામાં આવશે

૩) બધા જ મરાઠા આંદોલનકારીઓ સામેના કેસ પાછા ખેંચો.

સરકારનો જવાબ - સપ્ટેમ્બરના અંત સુધીમાં બધા કેસ પાછા ખેંચી લેવામાં આવશે. સરકાર નિર્ણય જારી કરશે.

મરાઠા અનામત આંદોલનમાં માર્યા ગયેલા લોકોના પરિવારોને ૧૫ કરોડ રૂપિયા આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમને રાજ્ય પરિવહન બોર્ડમાં નોકરી મળશે. જો બાળકનું શિક્ષણ વધુ

(જુઓ પાનું ૪) ▸▸




## બસની તોડફોડ : ૧૦ મરાઠા કાર્યકર સામે ગુનો

મુંબઈઃ જૂહુમાં બેસ્ટની બસમાં ઘૂસીને તોડફોડ કરી બે પ્રવાસી સાથે કથિત મારપીટ કરવા મામલે પોલીસે મરાઠા અનામતના ૧૦ કાર્યકર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના રવિવારની સાંજે ૭.૧૫ વાગ્યાની આસપાસ જૂહુ ડેપોમાં બની હતી. બેસ્ટની બસમાં ચઢેલા આંદોલનકારીઓનો સીટને મુદ્દે પ્રવાસીઓ સાથે વિવાદ થયો હતો. તે સમયે ડ્રાઈવર-કન્ડક્ટર બસમાં નહોતા.

ઉગ્ર બોલાચાલી પછી કાર્યકરોએ બસના કાચની તોડફોડ કરી હતી અને પ્રવાસીઓ સાથે મારપીટ કરી હતી. બસમાં ધમાલ થતાં બેસ્ટના કર્મચારીઓ દોડી આવ્યા હતા અને આંદોલનકારીઓને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આંદોલનકારીઓએ બેસ્ટના કર્મચારીઓ સાથે પણ

(જુઓ પાનું ૪) ▸▸



## આઝાદ મેદાનમાં આનંદોત્સવ

મુંબઈઃ મરાઠા અનામત પર પ્રધાન રાધાકૃષ્ણ વિખે પાટીલની અધ્યક્ષતાવાળી મહારાષ્ટ્ર સરકારની કેબિનેટ સબ-કમિટીએ તેમની મોટાભાગની માગણીઓ સ્વીકાર્યા બાદ મરાઠા અનામત લડતના આંદોલનકારી મનોજ જરાંગેએ વિજય ઘોષણા કર્યા બાદ મંગળવારે ઐતિહાસિક આઝાદ મેદાનમાં વિજય અને ઉમંગના દૃશ્યો જોવા મળ્યા હતા.

ગયા અઠવાડિયે જરાંગેની ભૂખ હડતાળના સમર્થનમાં શહેરમાં એકઠા થયેલા હજારો દેખાવકારોએ તેમનો ઉત્સાહ વધાર્યો હતો અને 'જિતલો રે રાજે હો આપણ' (આપણો વિજય થયો છે) એવા ઉચ્ચાર સાથે તેમની આંખોમાંથી હર્ષાશ્રુ સરી પડ્યા હતા.

કેબિનેટની પેટા સમિતિનો મુસદ્દો જરાંગે વાંચી રહ્યા હતા ત્યારે તેમના શબ્દે શબ્દે કાર્યકર્તાના આનંદથી ચિચિયારીઓ પાડવા લાગ્યા હતા. જરાંગેને બિરદાવતા સૂત્રોચ્ચાર (જુઓ પાનું ૪) ▸▸

### મનોજ જરાંગેના આંદોલનની ફળશ્રુતિ શું?

## રાજ્ય સરકારે નમતું જ લેવાનું હતું તો પાંચ દિવસ મુંબઈગરાને કેમ હેરાન કર્યા?

### ફડણવીસની રમત કે મરાઠા નેતાઓનું દબાણ?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મરાઠા સમાજને અનામત અપાવવા માટે ચાલી રહેલા આંદોલનનું નેતૃત્વ કરી રહેલા મનોજ જરાંગે-પાટીલના ઉપવાસના પાંચમા દિવસે તેમની મોટા ભાગની માગણીઓ સ્વીકારી લેવામાં આવી હોવાનો સંદેશ રાજ્ય સરકાર દ્વારા મોકલવામાં આવ્યો હતો, ખાસ કરીને જ્યારે પાંચ પાંચ દિવસથી મુંબઈગરા હેરાનગતિ સહન કરી રહ્યા હોવાનું નોંધીને બોમ્બે હાઈ કોર્ટે જરાંગે-પાટીલને આઝાદ મેદાન છોડી જવાનું અલ્ટિમેટમ આપ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યા હોવાથી આખા પ્રકરણમાં મોટું રાજકારણ રમાયું હોવાની શંકાઓ ઉપસ્થિત થઈ રહી છે. કેમ કે હવે આ નિર્ણય લેવાયો ન હોત તો પણ મુંબઈગરાને આ ત્રાસમાંથી મુક્તિ હાઈ કોર્ટના આદેશને કારણે મળવાની જ હતી.

વાસ્તવમાં જ્યારે મુંબઈગરા હેરાન થઈ રહ્યા હતા ત્યારે વારંવાર સરકાર તરફથી કહેવામાં આવી રહ્યું હતું કે જરાંગેની માગણી સ્વીકાર્ય નથી અને બીજી તરફ મુંબઈમાં મરાઠા આંદોલકોને અંધાધૂંધી ફેલાવવા માટે છૂટો દોર આપવામાં આવ્યો હતો. રસ્તા જામ કરવાનું હોય કે પછી છત્રપતિ શિવાજી ટર્મિનસ જેવા વ્યસ્ત રેલવે ટર્મિનસ પર ધમાલ કરીને લોકોને હાલાકી કરાવવાનું કામ કરી રહેલા મરાઠા (જુઓ પાનું ૪) ▸▸

## મરાઠાઓના હિતમાં ઉકેલઃ ફડણવીસ

નાગપુરઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે મરાઠા અનામત કાર્યકર્તા મનોજ જરાંગે દ્વારા મરાઠા ક્વોટાની માગણી પર પાંચ દિવસના ઉપવાસ પૂરા કરવાના નિર્ણયને આવકાર્યો હતો અને કહ્યું હતું કે સરકારે મરાઠા સમુદાયના હિતમાં ઉકેલ શોધી કાઢ્યો છે.

નાગપુરમાં ફડણવીસે પત્રકારોને જણાવ્યું હતું કે તેમની સરકારે હંમેશા મરાઠા સમુદાયના કલ્યાણ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

૪૩ વર્ષના જરાંગેએ દક્ષિણ

(જુઓ પાનું ૪) ▸▸

વિશ્વાસ એ જ પંરપરા. ૪૫ વર્ષથી લોકપ્રિય
કુલીન કુમાર હોલિડેઝ
નવી ઓફિસનો શુભારંભ
પ્લાઝા પંચશિલ, ગ્રાઉન્ડ ફલોર, હ્યુજીસ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૭
: 022-43555 555
દેશ-વિદેશની ટૂરથી લઈને વીઝા તથા હોટલ સુધી વેજ ભોજન સહિત બધુ એક જ છત્રછાયા હેઠળ
વિશ્વભરની આપના સ્વપ્નોની ટૂર પેકેજ ના બુકીંગ માટે પધારો
• America-17 days
• Japan - 12 days
• South Africa - 13 days
• Australia - 12 days
• New Zealand - 14 days
• Georgia/Almaty - 12 days
• China -13 days
• Russia - 10 days
• Swiss Delight - 10 days
• Arctic Tour - 10 days
• Iceland - 10 days
• Central Europe - 11 days
• Egypt - 10 days
• Eastern Europe with Croatia - 11 / 17 days
• Europe Extravaganza - 17 days
• Marvels Europe - 13 days
• South Korea - 10 days
• Spain/Portugal - 14 days
• London, Ireland & Scotland - 14 days
ટૂર ની વિશેષતા
▸▸ દરરોજ બ્રેકફાસ્ટ, લંચ અને ડીનર
▸▸ ભરપુર સાઈટ સીઈંગનો સમાવેશ
▸▸ ટૂર કિંમત કોઈપણ છુપા ખર્ચ વગર
▸▸ ગુજરાતી, હિન્દી, ઈંગ્લીશ બોલતા નિષ્ણાંત ટૂર લીડર
▸▸ લક્ઝરી હાયટેક એ.સી. બસમાં મુસાફરી
▸▸ સ્પષ્ટ ટૂર પ્રોગ્રામ તથા પ્રામાણિક વ્યવહાર
SCAN ME
NO GIMMICKS. NO HYPE. SINCE 1976.
KULIN KUMAR HOLIDAYS
Head Office: The Plaza Panchshil, Hughes Road, Tel.: +91-22-4355 5555
Branch Offices: Opera House Mumbai | Borivali, Mumbai (Opening Soon)
Surat | Ahmedabad | Pune: Shivaji Nagar | Sales Offices: Mulund | Pune: Mukund Nagar
sales@kulinkumar.com | www.kulinkumar.com | Toll Free: 1800 103 8055
Follow us on @kulinkumarholidays for live tour moments!

## મુંબઈમાં ચિકનગુનિયા, ડેન્ગ્યૂ અને મલેરિયાના કેસમાં વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં જૂનથી ઑગસ્ટ મહિનામાં પડતા વરસાદને કારણે અનેક ઠેકાણે પાણી ભરાઈ જવાને કારણે મચ્છરોની ઉત્પત્તિમાં પણ વધારો થતો હોય છે, તેની અસર હેઠળ ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે મુંબઈમાં મચ્છર કરડવાથી થતા ચિકનગુનિયા, ડેન્ગ્યુ અને મલેરિયાના કેસમાં ધરખમ વધારો થયો છે. સામાન્ય રીતે ઑગસ્ટ મહિનામાં પાણીજન્ય બીમારીમાં વધારો થતો હોય છે. ચાલુ વર્ષે ઑગસ્ટ મહિનામાં પડેલા ભારે વરસાદને પગલે મલેરિયા, ડેન્ગ્યુ અને ચીકનગુનિયા જેવી બીમારીમાં વધારો જણાયો હોવાનું સાર્વજનિક આરોગ્ય ખાતાએ જણાવ્યું હતું. તેથી મુંબઈગરાને તેમના ઘરની નજીક તથા બિલ્ડિંગના પરિસરમાં વરસાદનું પાણી ભરાઈ ના રહે તે માટે ખાસ તકેદારીના પગલાં લેવાની સલાહ આપવામાં આવી છે. વરસાદના જમા થઈ રહેલા પાણીમાં મચ્છરો તેમના ઈંડા મૂકે છે અને મચ્છરોની ઉત્પત્તિ વધવાને કારણે બીમારીમાં વધારો થતો હોય છે. ગયા વર્ષે જાન્યુઆરીથી ઑગસ્ટ (જુઓ પાનું ૪) ▸▸

## વીકએન્ડમાં મુશળધાર વરસાદની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બંગાળની ખાડીમાં નવેસરથી સર્જાયેલા લો પ્રેશરને કારણે મુંબઈમાં અઠવાડિયાના અંતમાં ફરી મુશળધાર વરસાદની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે. તેથી આ વર્ષે ગણેશવિસર્જન ભારે વરસાદ વચ્ચે થવાની શક્યતા છે.

ચોમાસામાં જૂન અને જુલાઈ મહિનામાં પ્રમાણમાં ઓછો વરસાદ પડયા બાદ ઑગસ્ટ મહિનામાં મુશળધાર વરસાદ પડયો હતો. ચોમાસાનો સરેરાશ વરસાદ ઑગસ્ટ મહિનામાં જ પડી ગયો હતો. ઑગસ્ટ બાદ હવે સપ્ટેમ્બરમાં પણ ભારે (જુઓ પાનું ૪) ▸▸

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**